بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

તા. ૦૧-માર્ચ-૨૦૧૫

જમાદિઉલ અવ્વલ-જમાદિઉલ આખર

હિજરી સન : ૧૪૩૬

વર્ષ : ૧૨, અંક : ૦૩, સળંગ અંક : ૧૩૫

સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | સારાઓની સોહબત અપનાવો ! | 02 |
| 02 | બદ્અકીદા સાથે લવમેરેજની શરઈ હૈસિયત | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 09 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 12 |
| 05 | હદાઈકે બખ્શિશ | 15 |
| 06 | અસ્માઉલ હુસ્ના | 18 |
| 07 | અમીરુલ મોમિનીન : હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم | 20 |
| 08 | ત્રણ તલાકનો શરઈ હુકમ | 23 |
| 09 | દીકરી અને જન્નત | 28 |
| 10 | અરબસ્તાનમાં વહાબિયતનો ઉછેર કેવી રીતે થયો ? | 35 |
| 11 | શિક્ષણનું ભગવાકરણ | 44 |
| 12 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


## નબી સરવરે હર રસૂલો વલી હૈ

નબી સરવરે હર રસૂલો વલી હૈ
નબી રાઝદારે મઅલ્લાહિ લી હૈ

વો નામી કે નામે ખુદા નામ તેરા
રઉફો રહીમો અલીમો અલી હૈ

હૈ બેતાબ જિસ કે લિયે અર્શે આ'ઝમ
વો ઉસ રેહ રવે લા મકાં કી ગલી હૈ

નકીરૈન કરતે હૈં તઅઝીમ મેરી
ફિદા હો કે તુઝ પર યે ઈઝ્ઝત મિલી હૈ

તલાતુમ હૈ કશ્તી પે તુફાન ગમ કા
યે કૈસી હવાએ મુખાલિફ ચલી હૈ

ન ક્યૂં કર કહૂં યા હબીબી અગિષ્ની
ઈસી નામ સે હર મુસીબત ટલી હૈ

તેરે ચારોં હમ દમ હૈં યકજાન યકદિલ
અબૂ બક્ર ફારૂક ઉષ્માન અલી હૈ

જો મકસદ ઝિયારતકા બર આએ ફિર તો
ન કુછ કસ્દ કીજીયે યે કસ્દે દિલી હૈ

તેરે દર કા દરબાં હૈ જિબ્રીલે આ'ઝમ
તેરા મદહ ખ્વાં હર નબીયો વલી હૈ

શફાઅત કરે હશ્ર મેં જો 'રઝા' કી
સિવા તેરે કિસ કો યે કુદરત મિલી હૈ

# સારાઓની સોહબત અપનાવો !

દઅવત તથા તબ્લીગ, નસીહત તથા સુધારણાનો ક્રમ કોઈ ન કોઈ રીતે દીનદાર તબક઼ાના દરેક ક્ષેત્રોમાં ચાલુ છે. ઈસ્લામના વિકાસ અને ઉમ્મતની સુધારણાના કારવાંને દીનદાર હઝરાત પોતપોતાની વિસાત પ્રમાણે આગળ વધારી રહ્યા છે. ક઼લામકાર ક઼લમ વડે, ખતીબો બયાનો થકી, મશાઈખ પોતાની રીતે, ઉલમા, ફક઼ીહો તથા મુહદ્દિષો પોતાની રીતે, તન્ઝીમો તથા તેહરીકો પોત પોતાની રીતે, સૌ પોત પોતાની વિસાત પ્રમાણે દીનના ઉત્કર્ષ માટે પ્રયત્નશીલ છે. પરંતુ સૌથી મોટો પ્રશ્ન એ છે કે આ કોશિશોથી સમાજમાં કેટલી ક્રાંતિ આવી રહી છે ?! અને તેની કેટલી સુધારણા થઈ રહી છે ? યક઼ીનન ! ચિંતા સૌને છે કે આપણો માહોલ સંવરી જાય, સમાજ બુરાઈઓથી પાક થઈ જાય, અને દિલોમાં ખુદાના ડરની ભાવનાઓ ઉછરવા લાગે, પણ સચ્ચાઈ એ છે કે હાલતમાં જેવી કે હોવી જોઈએ તેવી તબદીલી નથી જોવા મળતી.

મેં જ્યારે એના પર વિચારણા કરી તો કેટલીક વાતો સમજમાં આવી. આક઼ાએ કરીમ ﷺએ વ્યક્તિઓ તથા સમાજની સુધારણા માટે જે તરીક઼ો અપનાવ્યો હતો તે એ હતો કે દરેક મળવાવાળાથી, નજીક બેસવાવાળાથી અચ્છાઈ તથા ભલાઈની વાતો કરતા, બુરાઈઓથી બચવાની નસીહત કરતા અને પોતે પણ એના માટે અમલી નમૂનો પેશ કરતા. પરિણામ એ આવતું કે રસૂલે કરીમ ﷺની સોહબતમાં બેસનારો ભલાઈની વાતો સાંભળીને તેના પર અમલ કરવાને માટે કટીબદ્ધ થઈ જતો. જેથી જે લોકો રસૂલુલ્લાહ ﷺના દીદારથી માલામાલ થયા અને ઈમાનની જ હાલતમાં આ દુનિયાથી તશરીફ લઈ ગયા તેમને સહાબીના લક઼બથી યાદ કરવામાં આવે છે. ''સહાબી''નો લક઼બ બતાવી રહ્યો છે કે તેમની જિંદગીની તબદીલી આક઼ાએ કરીમ ﷺની સોહબતની બુનિયાદ પર થઈ.

એના પરથી સારી સોહબતનો ફાયદો સમજમાં આવ્યો. કુર્આને મુક઼દ્દસમાં અલ્લાહ ﷻથી ડરનારાઓની મહોબ્બત તથા મુઅદ્દબના ફાયદા વર્ણન કરવામાં આવ્યા છે. ''ગાઢ મિત્રો એ દિવસે એકબીજાના શત્રુ હશે, પણ પરહેઝગાર.''

*(સૂરએ ઝુખરફ, આયત : ૬૭, કન્ઝુલ ઈમાન)*

ક઼યામતમાં સર્વ સંબંધો તૂટી જશે સર્વ મિત્રતાઓ પણ ખત્મ થઈ જશે, બલ્કે ઘણા બધા મિત્રો એકબીજાના દુશ્મન થઈ જશે, પણ પરંતુ પરહેઝગાર ખુશ તથા ખુર્રમ (આનંદમાં) હશે, તેમને અને તેમની સાથે સોહબત કરનારાઓને અલ્લાહ ﷻના સાયામાં જગા નસીબ થશે. એ જ ખુશનસીબ લોકોના માટે આક઼ાએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :– એટલે કે, ''માણસ જેની સાથે મહોબ્બત કરે છે તેનો હશ્ર (અંજામ) તેની સાથે થશે.''

આજે આપણા માટે જરૂરી છે કે આપણે આપણી અંગત મજલિસોથી લઈને આમ મજમામાં સારી વાતો જ ન બતાવીએ, બલ્કે ખુદ એના પર અમલ કરવાની કોશિશ કરીએ. આપણે એ વાત દિમાગમાં રાખવી જોઈએ કે અલ્લાહ ﷻએ પોતાના બંદાઓને આપણાથી નિકટ તો કરી આપ્યા જેથી આપણે તેમને દીનની કાંઈક સારી વાતો બતાવીએ, એના પર અમલ કરીને દેખાડીએ જેથી કરીને આપણી વાતની એમના પર કાંઈ અસર થાય. અને અસર તે વખતે થશે જ્યારે તમારી વાણી તથા વર્તનમાં એકરૂપતા હશે. પરંતુ આપણો મસ્અલો એ છે કે આપણે ''કરવા'' કરતાં ''કહેવાને'' અધિક અગ્રતા આપીએ છીએ. અને જો કોઈ નવો બંદો આપણી મહેફિલોમાં આવી જાય તો તેના ભરમનો જનાઝો જ નીકળી જાય !

બસ એક **Target** તથા **Aim** બનાવી લો કે આપણે સારા બનીશું અને બનાવીશું, બુરાઈથી બચીશું અને બુરાઈથી રોકીશું, ઈન્શાઅલ્લાહ ! અને ખુદાની મખ્લૂક઼ની સાથે હુસ્ને અખ્લાક઼ (સદ્વર્તાવ)થી વર્તીશું. એવી મહેફિલોથી બચીશું જ્યાંથી દિલો કાટવાળાં થઈ જાય અને એવાની મહોબ્બતમાં બેસીશું જ્યાં દિલ ઝિંદા હોય અને દિલની અંદર ભલાઈનો જઝબો જાગૃત હોય.

આક઼ાએ કરીમ ﷺના સદક઼ા વ તુફૈલ અલ્લાહ ﷻ આપણા પર કરમ ફર્માવે અને આપણને સારાઓની સોહબત નસીબ ફર્માવે અને બુરાઓની સોહબતથી બચાવે જેથી આપણી દુનિયા પણ સંવરી જાય અને આખેરત પણ સંવરી જાય.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, માર્ચ–૨૦૧૫, મુંબઈ)*

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

# બદ્અક઼ીદા સાથે લવમેરેજની શરઈ હૈસિયત

તંત્રી લેખ.....

વરસોથી સુન્ની મુસલમાનોને કુર્આન હદીષની રૂએ સચોટ રદ ન થઈ શકે તેવી દલીલો સાથે સમજાવવામાં આવે છે કે, "અહલે સુન્નત વ જમાઅત" સિવાયના અન્ય ફિર્કાઓ **શીઆ, રાફઝી, ખારજી, વહાબી, દેવબંદી, ગૈર મુક઼લ્લિદ, મૌદૂદી વગેરે અલ્લાહ વ રસૂલની શાનમાં ગુસ્તાખીઓ કરવાના કારણે કુફ્રમાં સપડાયને ઈસ્લામથી ખારિજ થયેલા છે**, તેમની સાથે દોસ્તી, ઉઠક બેઠક, શાદી વહેવાર, નિકાહખ્વાની સર્વ હરામ છે. તેમની સાથે નિકાહની વિધિ ભલે કરવામાં આવે પણ નિકાહ થતા જ નથી ! આ જાણવા છતાં જેઓ તેમનાથી શાદી કરશે તો જે સંબંધ સોહબત થશે જીવનભર તે હરામ થશે અને ઔલાદ જે થશે તે હરામની થશે, ઉપરાંત તેઓની સાથે સંબંધ વહેવારને કારણે શરૂમાં તો બદ્અક઼ીદાથી સગાઈ કરવાથી સુન્નિયત કમજોર પડે છે અને જતા દિવસે પોતે અથવા તો તેમની ઔલાદ એ જ બદ્અક઼ીદાઓની જેમ બદ્અક઼ીદા થઈ જાય છે અને ઈમાનથી હાથ ધોઈ બેસીને હમેશાંની જહન્નમમાં પહોંચી જાય છે અને તમારી નસલનો, વંશનો અહીંથી અંત આવી જાય છે. આ જ રીતે વહાબિયત દેવબંદિયત ફેલાતી જઈ રહી છે. *(જુઓ ફતાવા ફયઝુર્રસૂલ, ફતાવા રઝવિય્યહ, ફતાવા શારેહે બુખારી, વગેરે અહલે સુન્નતની સર્વ ફતાવાની કિતાબો વાંચો)*

## ★ ઈમાન શું છે તે કુર્આની આયતોથી સમજો ★

આજે બદ્અક઼ીદાઓ સાથે સગાઈ સંબંધ કરવાને લોકો ખેલ સમજે છે, અને પોતાના નફ્સની ખુશીને ખાતર ક્યાંક લવ મેરેજના નામે કે દુનિયવી માલ દૌલત ઈજ્જતને ખાતર બદ્મઝહબોથી સગાઈ સંબંધ કરતા જઈ રહ્યા છે, પણ કુર્આને પાકમાં ખુદ રબ્બે ઝુલજલાલ શું ચેતવણી આપી રહ્યો છે તે સાંભળો ! :

"જે લોકો અલ્લાહ પર અને પાછલા દિવસ પર યક઼ીન ધરાવે છે તેમને તમે એવા લોકો સાથે મૈત્રી ધરાવતા જોશો નહીં જેમણે **અલ્લાહ અને તેના રસૂલનો વિરોધ કર્યો ભલે ને તે તેમના બાપ અથવા પુત્રો અથવા ભાઈઓ અથવા કુટુંબીઓ હોય.** આ છે તે લોકો જેમના દિલો પર અલ્લાહે ઈમાન કોતરી આપ્યું અને પોતાના તરફની રૂહ વડે તેમની સહાય કરી. *(સૂ. મુજાદિલહ, આ. ૨૨, પારા–૨૮)* બીજી જગ્યાએ રબ ફર્માવે છે : "હે ઈમાનવાળાઓ ! તમે તમારા **બાપદાદાઓ અને ભાઈઓને દોસ્ત ન બનાવો, જો તેઓ ઈમાન પર કુફ્રને પસંદ કરે."** *(સૂ. મુમ્તહિનહ્, આ. ૧, પારા–૧૦)*

હે ન્યાય પ્રિય વાંચકો ! દિલથી વિચારશો કે કુર્આનેપાકમાં રબ તઆલા પોતાના રસૂલ ﷺના મર્તબાને જાહેર કરી રહ્યો છે, ફર્માવે છે : "અમે તમારા ઝિક્રને બુલંદ કર્યો." *(સૂ. અલ્મનશ્રહ, આ. ૪)* "અમે તમને કૌષર અતા કર્યું." *(કૌષર–૧)* પોતાના મહબૂબને આસ્માનોની સૈર કરાવી. શબે મેઅરાજનો વાક઼ેયો વાંચી જાવ કે રાતોરાત આપ ﷺને મક્કાથી મસ્જિદે અક઼સા લઈ જવામાં આવ્યા, સર્વ નબીઓએ આપની ઈમામત હેઠળ નમાઝ પઢી, પછી આપને આસ્માનોની સૈર કરાવી, જન્નત જહન્નમ દેખાડવામાં

આવી, અર્શની સૈર કરાવી તેમજ લામકાં પર રબ તઆલાએ પોતાના દીદાર કરાવ્યા. ઉપરાંત કુર્આન હદીષમાં આપની શાનમાં અનેક આયતો હદીષો ઉતારી છે, છતાં વહાબી દેવબંદી પોતાનો અક઼ીદો આ મુજબ દર્શાવે છે કે, "મખ્લૂક઼ નાની હોય કે મોટી તે અલ્લાહની શાન આગળ **'ચમારથી પણ અધિક નીચ'** છે." ★ જેનું નામ મુહમ્મદ કે અલી છે તે કશી જ ચીજના માલિક તથા મુખ્તાર નથી." *(તક઼્વિયતુલ ઈમાન)*

તેમજ એક ઠેકાણે જણાવે છે : "અલ્લાહ તઆલા પોતાના બંદાઓની સાથે દુનિયામાં યા ક઼બરમાં કે આખિરતમાં જે વર્તાવ કરશે એની હક઼ીક઼ત અલ્લાહ તઆલા સિવાય કોઈ જાણતુ નથી. ન કોઈ નબી અને ન તો કોઈ વલી, બુઝુર્ગ આ હક઼ીક઼ત જાણે છે. **તેઓ જ્યારે પોતાની હાલત જાણતા નથી તો બીજાઓની હાલત કેવી રીતે જાણી શકવાના હતા ?!"** *(તક઼્વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ–૮૦, પ્રકાશન નંબર : ૯૬, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

તેમજ બીજે ઠેકાણે લખે છે : "અલ્લાહ તઆલાએ આપને જ આ હુકમ ફર્માવ્યો કે **લોકોની સામે પોતાની વિસાત વર્ણવી દો** કે મને કાંઈ જ કુદરત પ્રાપ્ત નથી અને હું ગૈબ પણ જાણતો નથી. મારી કુદરતનો અંદાજો આટલેથી જ લગાડી લો કે **હું સ્વજાત માટેય નફા–નુકસાનનો માલિક નથી. તો બીજાઓને તો શું લાભ–નુકસાન પહોંચાડી શકવાનો હતો ?"** *(ઉપર મુજબ, પેજ–૭૪)*

વળી નબી ﷺના ઈખ્તિયાર વિશે તેમનો અક઼ીદા જુઓ :– "સ્પષ્ટ થયું કે અલ્લાહ તઆલાએ કોઈને સૃષ્ટિમાં તસર્રુફ઼ કરવાની કુદરત અર્પણ કરી નથી અને કોઈ કોઈનો હિમાયતી પણ બની શક્તો નથી."........."જે કોઈ આ પ્રમાણેનો વર્તાવ કોઈની સાથે કરે, પછી ભલે ને તે એને બંદો અને મખ્લૂક઼ જ સમજતો હોય તો તે માણસ અને અબૂ જહલ શિર્કમાં બંને એકસરખાં જ છે." *(ઉપર મુજબ, પેજ–૩૩)*

**શું આવા અક઼ીદા કોઈ સહાબીના, કોઈ તાબઈના કે કોઈ અલ્લાહના વલીના હતા ?! તો પછી આ લોકો અલ્લાહ વ રસૂલના વિરોધી થયા કે નહીં ?** કેવળ દાઢી, ઝભ્ભા કુભ્ભા તથા નમાઝોની ઉઠક બેઠકથી કોઈ મુસલમાન નથી રહેતું ! અસલ ચીજ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની મહોબ્બત છે. અને જેના દિલમાં મહોબ્બત હોય તે કદાપિ અલ્લાહના રસૂલ માટે ઉપર વર્ણવ્યા તેવા શબ્દો હરગિઝ નહીં જ વાપરે.

★ હુઝૂર ﷺના ઈલ્મને બાળકો, પાગલો, ચોપગાંઓના ઈલ્મ સાથે સરખાવાયો. *(હિફ઼્ઝુલ ઈમાન–થાનવી)* ★ શયતાનના ઈલ્મને હુઝૂર ﷺના ઈલ્મ કરતાં અધિક દર્શાવાયો. *(બરાહિને કાતિઅહ–ખલીલ અંબેઠવી)* ★ હુઝૂર ﷺને આખરી નબી કુર્આનમાં દર્શાવાયા, છતાં દેવબંદી અક઼ીદો છે કે, "હુઝૂર ﷺ પછી નબી થઈ શકે છે." *(તહઝીરુન્નાસ, –ક઼ાસિમ નાનોત્વી)* ★ બંદા હોવામાં સૌ સરખા છે જેવી રીતે એક નબી તેવી રીતે શયતાન રજીમ પણ." *(મૌદૂદી)*

આ તો ફક્ત નમૂનાઓ છે, વધુ માટે અમારે ત્યાંથી કિતાબો રહનુમાએ હક્ક઼, હક્ક઼ નાહક્ક઼ની પહેચાન, ઝલઝલા, સુન્ની દેવબંદી મતભેદની ન્યાયી તપાસ, જમાઅતે ઈસ્લામીનો શીશ મહેલ વગેરે મંગાવી વાંચશો કે ઝભ્ભા કુભ્ભા દાઢીના ઓઠા હેઠળ આ બદ્અક઼ીદાઓ કેટલા સખત ખુદા વ રસૂલના દુશ્મન છે અને એના જ કારણે જે તે સમયના મક્કા શરીફ઼, મદીના શરીફ઼ના ઉલમાએ વહાબી, દેવબંદી, ક઼ાદયાની

વગેરે મોલ્વીઓને કાફિર ઠરાવી ફત્વો આપ્યો કે **જે તેઓના કુફ્રમાં (કાફિર હોવામાં) તથા જહન્નમી હોવામાં શક કરે તે પણ કાફિર છે.** *(જુઓ : હુસ્સામુલ હરમૈન)*

## ★ રસૂલે પાક ﷺની મહોબ્બત કેવી હોવી જોઈએ ? ★

અગાઉ વર્ણન થઈ ચૂકી તે આયતમાં છે કે, **"જેમણે અલ્લાહ વ રસૂલનો વિરોધ કર્યો તે ભલે તેમના બાપ, બેટા, ભાઈઓ કે કુટુંબીઓ હશે પણ અલ્લાહ અને ક્યામત પર ઈમાન ધરાવનાર તેવા લોકો સાથે દોસ્તી રાખશે નહીં."** સ્પષ્ટ થઈ ગયું કે જે તેમની સાથે દોસ્તી તથા દિલી લગાવ રાખશે તે કુર્આનની રૂએ ઈમાનવાળો નથી. તેમજ હદીષે પાકમાં હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે, "તમારામાંથી કોઈ ત્યાં સુધી કામિલ ઈમાનવાળો નથી થઈ શકતો જ્યાં સુધી હું તેના નજીક તેના બાપ, ઔલાદ તથા **તમામ લોકો કરતાં વધુ પ્રિય ન થઈ જાઉં."** *(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ)*

હુઝૂર ﷺના આ ફર્માનને સહાબાએ કિરામે પોતાનો જીવનમંત્ર તથા નજાતનો આધાર જાણ્યો અને તેના પર જીવન પર્યંત અમલ કરતા રહ્યા કે પોતાની પ્રિયથી પ્રિય ચીજને નબી ﷺ કરતાં અધિક ન જાણી બલ્કે પળવારમાં તેને તરછોડી દીધી. અને રસૂલે પાક ﷺનું જ ફર્માન છે કે, **"મારા સહાબા સિતારાઓની જેમ (માર્ગદર્શક) છે, જેનું પણ અનુસરણ કરશો ભલાઈ તથા નજાત પામશો."**

તો આવો ! સહાબાએ કિરામનો માર્ગ જે જહન્નમથી દૂર અને જન્નતમાં લઈ જનારો છે તે શું સૂચવે છે તેને સંક્ષિપ્તમાં જોતા ચાલો :–

- ❑ સીરતે ઈબ્ને હિશામમાં છે :– ઓહદની લડાઈમાં એક સહાબિયાના બાપ, ભાઈ તથા પતિ (સૌ) શહીદ થઈ ગયા. તેમને જ્યારે એની જાણ થઈ તો તેમનો ગમ પ્રગટ કરતા પહેલાં પૂછયું કે પ્રથમ મને એ બતાવો કે નબી કરીમ ﷺની શું ખબર છે ? કહેવામાં આવ્યું કે ખૈરિયતમાં છે. કહ્યું કે મને બતાવો હુઝૂર ક્યાં છે ? પછી હુઝૂર ﷺના દીદાર કરીને કહેવા લાગ્યાં કે, "આપ સલામત છો તો દરેક મુસીબત મારા માટે હલકી તથા તુચ્છ છે !"
- ❑ હઝરત ફારૂકે આ'ઝમ જે અશરાએ મુબશ્શિરા (૧૦ વ્યક્તિઓ જેમને દુનિયામાં જ જન્નતી હોવાની જાહેર બશારત હુઝૂરે આપેલી)માંથી હતા. તેમણે જંગે બદરમાં કુફ્રની હાલતમાં હુઝૂર ﷺ સામે લડવા આવેલ પોતાના સગા મામાને કાપી નાખ્યો હતો.
- ❑ નબીઓ બાદ ઉમ્મતીઓમાં જેમનો સૌથી મહાન મર્તબો છે તે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہને તેમના પુત્રએ ઈમાન લાવ્યા બાદ કહ્યું કે તમો મારી તલ્વાર હેઠળ આવી ગયા હતા પણ બાપનો લેહાઝ કરીને મેં તમને જવા દીધા. તો સિદ્દીકે અકબરે કહ્યું કે એ તારું કુફ્ર હતું, પણ મારું ઈમાન એ છે કે જો તું મારી તલ્વાર હેઠળ આવ્યો હોત તો હું તને પાછો જવા ન દેત !

સારાંશ કે ઈમાનની સામે કોઈ સગાઈની કે કોઈની મહોબ્બતની કોઈ કિંમત નથી ! ચાહે સગા બાપ બેટા જ કેમ ન હોય, પણ જે ઈમાનવાળો નથી તેની કોઈ સગાઈ ગણકારવામાં આવશે નહીં. એ જ પ્રમાણે હઝરત હુઝૈફા رضی اللہ عنہએ બાપ સામે તલ્વાર ખેંચી કાઢી.

❑ અબ્દુલ્લાહ બિન ઉબય મુનાફિક઼ોનો સરદાર હતો. તેણે હુઝૂર ﷺની શાનમાં અયોગ્ય શબ્દો કહ્યા તો તેના જે અતિઆજ્ઞાંકિત પુત્ર હતા તે હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ સમયે તલ્વાર લઈને તેની સાથે ઉભા થઈ ગયા અને કહ્યું કે, "કહે કે હું નીચ છું અને મુહમ્મદ ﷺ ઈજ્જતવાળા છે ! " જ્યારે તે એવું બોલતો રહ્યો ત્યારે તેનો છૂટકારો થયો.

❑ ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે હબીબા رضی اللہ عنہاએ પોતાના સગા બાપ અબૂ સુફયાન જે તે સમયે કુફ્રની હાલતમાં હતા ત્યારે પોતાના ત્યાં આવી ચડતાં બિસ્તર ઉઠાવી લઈને તેમને બિસ્તર પર બેસવા ન દીધા.

આવા અનેક દષ્ટાંતો સહાબાએ કિરામના જીવનમાં ઈમાનનું મહત્વ તથા મહબ્બતે રસૂલ કોને કહેવાય તે સમજાવતાં રજૂ થયેલાં છે, એની વિરૂધ્ધ જઈને જો આપણે ખુદા વ રસૂલના દુશ્મનો બદઅક઼ીદાઓ સાથે પ્યાર, મહોબ્બતના રાગ ખેલીને તેમની સાથે શાદી વહેવાર કરી લઈએ તો પછી આપણો અંજામ જહન્નમના અઝાબ સિવાય શું હોય શકે ? અને આપણી નજાત કઈ રીતે થઈ શકે ?!

## ★ "લવ"ના નામે દીન ઈમાનને ઠુકરાવનારાઓ કાંઈ બોધ લેશે ?!" ★

આજે જગા જગાએ કાફિરો તથા બદમઝહબો બદઅક઼ીદાઓ સાથે "લવ મેરેજ" થવાના કિસ્સા જોવા મળે છે, ન ખુદાનો ખૌફ ન નબીની શરમ ! પણ અહીં જુઓ કે સહાબી મર્દો તથા સહાબિયા સ્ત્રીઓ મહબ્બતે રસૂલને ખાતર પોતાના નફસને, પોતાની જિંદગીની ખ્વાહિશોને કેવી રીતે કુર્બાન કરતાં હતાં ?! નહીં કે કહેવાતો 'લવ' જેને હાલ શારીરિક વાસના સિવાય કોઈ નામ ન આપી શકાય, તેના માટે બદ્‌મઝહબો સાથે લવ કરીને સ્ત્રી ભાગી જાય ! રસૂલે પાક ﷺના ગુસ્તાખો સાથે જીવવા તૈયાર થઈ જાય ! સાંભળો !

હઝરત સઅદ رضی اللہ عنہ કાળા રંગના પણ હતા અને માલી રીતે અતિ ગરીબ પણ હતા, પણ તેમનું દિલ નૂરે ઈમાનથી રોશન હતું અને કિરદાર પાકીઝા હતો. હુઝૂર ﷺએ તેમને પૂછયું કે તમો શાદી કેમ નથી કરતા ? તો જણાવ્યું કે મારી ગરીબ સ્થિતિ તથા કાળા રંગને કારણે કોઈ પયગામ સ્વીકારતુ નથી. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, મેં તમારી શાદી અમ્ર બિન વહબ رضی اللہ عنہની પુત્રી સાથે કરી આપી. તમો તેમને ઘરે જઈને મારો પયગામ પહોંચાડી દો કે હુઝૂરે તમારી પુત્રીની શાદી મારી સાથે કરી આપી. હઝરત અમ્ર બિન વહબ رضی اللہ عنہ માલદાર તથા પ્રતિષ્ઠાવાન સહાબી હતા અને તેમની પુત્રી અતિ સુંદર હતી. જેના નિકાહ એક ગરીબ કાળા વાનવાળા સાથે કરવાની વાત અજુગતી હતી. છતાં હઝરત સઅદ رضی اللہ عنہ ત્યાં ગયા અને હુઝૂરનો પયગામ સંભળાવી આપ્યો. હઝરત અમ્રના વહેમો ગુમાનમાં પણ આ રિશ્તો આવી શક્તો ન હતો જેથી આશ્ચર્યમાં, મુઝવણમાં પડી ગયા અને નેગેટિવ જવાબ આપી દીધો

હઝરત સઅદ અને હઝરત અમ્ર વચ્ચેની વાતચીત તેમની પુત્રીએ પણ સાંભળી લીધી તો તેણીએ હઝરત સઅદને કહ્યું કે, **"જો રસૂલુલ્લાહ ﷺએ મારો નિકાહ તારી સાથે કરી આપ્યો છે તો હું એ બાબતથી રાજી છું જેનાથી અલ્લાહ વ રસૂલ રાજી છે."** પછી પોતાના પિતાને સંબોધીને બોલી કે, હે અબ્બાજાન ! એનાથી પહેલાં કે અલ્લાહની વહી તમને દુનિયા વ આખેરતમાં બેઈજ્જત કરી દે, તમારી નજાતની કોશિશ કરો ! અને જલ્દી નબી કરીમ ﷺની માફી આ નકારના માટે માગી લો ! એના પર હઝરત અમ્ર رضی اللہ عنہને એહસાસ થયો કે ઉતાવળમાં મેં કેટલી ગંભીર ભૂલ કરી નાખી ! પછી બારગાહે રસૂલ ﷺમાં જઈને માફી માગી લીધી.

પછીનો પ્રસંગ એ છે કે હઝરત સઅદ رضی اللہ عنہ શાદીનો સામાન ખરીદવા જાય છે પણ ત્યાં જેહાદનું એલાન થતું હોય જીવનમાં જેમ તેમ કરીને આવેલી ખુશી ઉમંગો પૂરા કરવાની તકને એક ઝટકે ઠુકરાવીને તે જ રકમથી જંગનો સામાન ખરીદી જંગમાં શરીક થઈ જાય છે અને મહબ્બતે રસૂલમાં છેવટે શહીદ થઈ જાય છે

પશ્ચિમી રંગે રંગાયને "લવ"ના નામે જાહેરી રૂપ રંગથી આકર્ષાયને બદમઝહબો બદઅક઼ીદાઓ સાથે નિકાહ નથી થતા છતાં શાદી રચનારાઓ આ પ્રસંગને દિલથી વાંચે અને પોતાના નફસને ટટોલે કે મહબ્બતે રસૂલ તથા ઈમાન અને ઈસ્લામની પોતે શું કદર કરી ?! અને પછી પોતાનો અંજામ શું થશે ? તે પણ વિચારી લે ! વળી જાણવા છતાં લગભગ સર્વ સુન્ની લોકો આવી શાદીમાં ખુશી ખુશી હાજરી આપે છે, દા'વત ખાય છે, તેઓ પણ જાણી લે કે આવા નિકાહમાં હાજર રહેનારા ઝિનાના દલાલ છે અને એ દા'વત ખાવી હરામ છે.

### ★ દુલ્હો સુહાગ રાતે જ જંગના મેદાનમાં ! ★

મવાહિબે લદુન્નિયહ્‌માં છે, જંગે ઓહદના દિવસોમાં હંઝલા બિન અબી આમિર رضی اللہ عنہ ની શાદી થઈ હતી. જે રાતે આપ પોતાની દુલ્હનને વિવાહ કરીને લાવ્યા, તે જ રાતે સરકારે દો આલમ ﷺ તરફથી એલાન કરવામાં આવ્યું કે, કુફ્ફાર મદીના મુનવ્વરા પર હુમલો કરવાના છે, તેમનો મુક઼ાબલો કરવા માટે લડાઈના મેદાનમાં ચાલો.

હઝરત હંઝલા رضی اللہ عنہ નવયુવાન હતા અને નવી નવી શાદી હતી, પરંતુ રસૂલે પાક ﷺ ની મહોબ્બત તેમના દિલમાં એટલા પ્રમાણમાં હતી કે, દુનિયાની કોઈ ચીજની મહોબ્બત અને પ્યાર તેમના માર્ગમાં રુકાવટ ન બની શકતો હતો. એલાન સાંભળતાંની સાથે બધું જ ભૂલી ગયા અને નવી દુલ્હનનો પ્યાર પણ યાદ ન રહ્યો.

મેદાને જેહાદમાં જવા માટે તૈયારી કરવા લાગ્યા, તે ફિકરમાં આપને ગુસ્લે ફર્ઝ પણ યાદ ન રહ્યું અને તે જ હાલતમાં લડાઈના મેદાનમાં પહોંચી ગયા અને તે જ દિવસે લડતા લડતા રસૂલે પાકની નિગાહો સામે શહીદ થઈ ગયા. લડાઈ ખત્મ થયા બાદ શહીદોની લાશો ભેગી કરવાનો આદેશ આપવામાં આવ્યો. બધા શહીદોની લાશો મળી આવી પરંતુ હઝરત હંઝલા رضی اللہ عنہ ની લાશ જોવા ન મળી. રસૂલે પાક ﷺએ આકાશ તરફ નિગાહ કરીને ફર્માવ્યું કે હઝરત હંઝલાની લાશને ફરિશ્તાઓ નૂરાની તખ્ત પર સૂવડાવીને રહમતના પાણીથી ગુસ્લ આપી રહ્યા છે ! તે જ દિવસથી આપનું લક઼બ અને ઉપનામ 'ગસીલુલ મલાએકા' પડી ગયું.

આ હતા મુસલમાન ! આ હતા નબીપાક ﷺના આશિક઼ો ! કે નબી પાક ﷺના હુકમ સામે પોતાની ઈચ્છાઓને કુર્બાન કરી દેતા હતા, બલ્કે નવી નવેલી દુલ્હનને ત્યજીને દીન ઈમાન માટે શહાદત વહોરવાને પોતાની સદનસીબી સમજતા હતા ! તે આશિક઼ે રસૂલ સહાબી સ્ત્રીઓ હતી કે પોતે ખૂબસૂરત માલદાર હોવા છતાં નબીપાક ﷺની ખુશીને ખાતર કાળા રંગના ગરીબ માણસ સાથે શાદી કરવાને પોતાની ખુશનસીબી જાણતી હતી ! જ્યારે આજે કુર્આન, હદીષના, ઉલમા તથા મશાઈખના સ્પષ્ટ આદેશો વહાબી દેવબંદી વગેરે સાથે શાદી વહેવાર, મિત્રતા ન કરવાના સાંભળવા છતાં પોતાના નફ્સની ખુશીને ખાતર દીન ઈમાન તથા નબી ﷺની મહોબ્બતને નેવે મૂકીને ગમે તે બદ્અક઼ીદા સાથે હાલના

કહેવાતા સુન્ની છોકરા છોકરીઓ "લવ મેરેજ" કરવાને પોતાની જિંદગીની મેઅરાજ સમજે છે ! તો આ બાબતે યુવાનો ગંભીરતાથી વિચારે અને બદ્અક઼ીદાઓને પોતાની પત્ની ન બનાવે અને યુવતીઓ કોઈ બદ્અક઼ીદાને પોતાના પતિ તરીકે ન ક઼બૂલી લે, નહીં તો સમજી લે કે જહન્નમની આગ તેમનાં શરીરોનો ઈંતેઝાર કરી રહી છે.

## ★ કુર્આન હદીષના મનાઈ હુકમો વિરુદ્ધમાં બૌદ્ધિક દલીલો ! ★

એક આશિક઼ે રસૂલના માટે ઉપર દર્શાવ્યા તેમ કુર્આન હદીષના હુકમો જ પૂરતા છે, પણ બુરુ થાય નફ્સ પરસ્તીનું કે પોતાનું ધાર્યું કરવા માટે ખુદા વ રસૂલના હુકમો સામે ફોગટ દલીલો કરવામાં આવે છે કે, "છોકરી લાવવામાં શું વાંધો ! આપણા ઘરે લાવીને સુન્ની બનાવી દઈશું !...વગેરે." તો ચાલો ! છોકરીને સમજાવીને માનો કે તૌબા કરાવી સુન્ની બનાવી, પણ શું એ છોકરી તેનાં વહાબી દેવબંદી માબાપોને હમેશાં માટે છોડી આપશે ? તેમના કુફ્રી અક઼ીદાઓને કારણે તેમને કાફિર માનશે ? શું તમારાં ઘરવાળાં એ વેવાઈઓ સાથે સંબંધ કટ કરશે કે તેમને માન પાનથી બોલાવી તંદૂરીની બિર્યાનીની દા'વતો કરશે ?! સારાંશ કે મોટાભાગે સૌ સંબંધો સલામત રહે છે અને એ બદ્અક઼ીદાઓ સાથેના સંબંધો છેવટે આ સુન્નીઓના અક઼ીદા પણ મુઝબઝબ કરી મૂકે છે અથવા તો તેમને બદ્અક઼ીદા કરી દે છે.

વળી કેટલાક કહે છે કે, "એમને એવું કાંઈ નથી, એમને અક઼ીદા વિશે કાંઈ ઝંઝટ નથી ! એ તો દરગાહે પણ જાય છે....વગેરે." આ દલીલનો જવાબ શારેહે બુખારી મુફ્તી શરીફુલ હક઼્ક઼ رحمۃ اللہ علیہએ કેટલો સ્પષ્ટ આપ્યો છે તેને વાંચો અને બધા ભરમો છોડીને કુર્આન, હદીષ તથા ઉલમાના કથનો પર જ અમલ કરો અને "લવ" કે જે નિકાહ પહેલાં આમેય ઈસ્લામમાં જાઈઝ નથી તેવા હરામ કામને તિલાંજલી આપી "લવ" કરવો હોય તો આપણા ખુદાને, આપણા પ્યારા નબી ﷺને, આપણા પ્યારા દીનને સુન્નિયતને કરો કે તે જ આપણી દુનિયા તથા આખેરતની જિંદગીની કામયાબી તથા ભલાઈના માટે કામનાં છે.

**જવાબ** : "જે શખ્સ પોતાને દેવબંદી કહે છે એની સાથે મેલજોલ સલામ કલામ હરામ છે, ભલે તેઓ દેવબંદી (મોલ્વી)ઓનાં તે (નબી ﷺનાં ગુસ્તાખીમય) કુફ્રી લખાણોથી માહિતગાર ન હોય જેના માટે અહલે સુન્નતના ઉલમાએ તેમને કાફિર કહ્યા છે. એટલા માટે કે દરેક દેવબંદી એવો અક઼ીદો ધરાવે છે કે નઅરએ રિસાલત (યા રસૂલલ્લાહ ! ﷺ કહેવું) શિર્ક છે, અવલિયા અંબિયાથી મદદ માગવી શિર્ક છે, મીલાદ તથા ક઼યામ, નિયાઝ ફાતેહા, ઉર્સ એ હરામ તથા બિદઅત છે. જેના કારણે દરેક દેવબંદી આપણને અહલે સુન્નતને બિદઅતી તથા મુશ્રિક કહે છે, જેના કારણે તે (દેવબંદી) અહલે સુન્નતથી ખારિજ (આઉટ) ગુમરાહ, બદ્દીન છે. અને દરેક ગુમરાહના બારામાં હદીષમાં ફર્માવવામાં આવ્યું : "ન એમની પાસે ઉઠો બેસો, ન તેમની સાથે ખાવ પીઓ અને ન તેમની સાથે શાદી વિવાહ કરો." *(ફતાવા શારેહે બુખારી, ભાગ : ૩, પેજ : ૩૭૧, ૩૭૨)*

સારાંશ કે ચાહે "લવ મેરેજ" હોય કે "એરેન્જડ મેરેજ" હોય બદ્અક઼ીદાઓ સાથે નિકાહ થતા નથી. જેથી તમારામાં ઈમાની ગૈરતને પેદા કરો અને એ બર્બાદીનાં કામોથી બચો. વળી કેટલાક બદ્અક઼ીદા સાથે નક્કી કરીને પછી મસ્જિદના ટ્રસ્ટી તથા ઈમામો સાથે દાદાગીરી કરવા પણ કોશિશ કરે છે કે, "કેમ નિકાહ નહીં પઢાવો ?! અમે સુન્ની છીએ ને !" વગેરે, તો તેઓ પણ આ લેખ વાંચે અને ખુદાથી ડરે અને ખુદા વ રસૂલના હુકમોને માથે ચઢાવી ગુમરાહીથી બચે, રબના અઝાબથી બચે. અલ્લાહ સૌને નેક હિદાયત બખ્શે. (આમીન)

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈરફાન

અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمة الله عليه

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمة الله عليه

## સૂરએ બક઼રહની તફસીર

**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

سَيَقُوْلُ السُّفَهَآءُ مِنَ النَّاسِ مَا وَلّٰىهُمْ عَنْ
قِبْلَتِهِمُ الَّتِیْ كَانُوْا عَلَيْهَا ؕ قُلْ لِّلّٰهِ الْمَشْرِقُ
وَ الْمَغْرِبُ ؕ يَهْدِیْ مَنْ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۱۴۲﴾
وَ كَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطًا لِّتَكُوْنُوْا شُهَدَآءَ
عَلَى النَّاسِ وَ يَكُوْنَ الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْدًا ؕ وَ مَا
جَعَلْنَا الْقِبْلَةَ الَّتِیْ كُنْتَ عَلَيْهَاۤ اِلَّا لِنَعْلَمَ مَنْ
يَّتَّبِعُ الرَّسُوْلَ مِمَّنْ يَّنْقَلِبُ عَلٰى عَقِبَيْهِ ؕ وَ اِنْ
كَانَتْ لَكَبِيْرَةً اِلَّا عَلَى الَّذِيْنَ هَدَى اللّٰهُ ؕ وَ مَا كَانَ اللّٰهُ
لِيُضِيْعَ اِيْمَانَكُمْ ؕ اِنَّ اللّٰهَ بِالنَّاسِ لَرَءُوْفٌ رَّحِيْمٌ ﴿۱۴۳﴾
قَدْ نَرٰى تَقَلُّبَ وَجْهِكَ فِی السَّمَآءِ ۚ فَلَنُوَلِّيَنَّكَ
قِبْلَةً تَرْضٰىهَا ۪ فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ؕ
وَ حَيْثُ مَا كُنْتُمْ فَوَلُّوْا وُجُوْهَكُمْ شَطْرَهٗ ؕ وَ اِنَّ
الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ لَيَعْلَمُوْنَ اَنَّهُ الْحَقُّ مِنْ
رَّبِّهِمْ ؕ وَ مَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا يَعْمَلُوْنَ ﴿۱۴۴﴾

હવે કહેશે[૧] મૂર્ખ લોકો કોણે ફેરવી દીધા મુસલમાનોને તેમના ક઼િબ્લાથી જેના પર હતા[૨]. તમે ફર્માવી દો કે પૂર્વ–પશ્ચિમ બધું અલ્લાહનું જ છે[૩] જેને ચાહે તેને સીધે માર્ગે ચલાવે છે (૧૪૨) અને વાત એમ જ છે કે અમે તમને બધી ઉમ્મતોમાં શ્રેષ્ઠ બનાવ્યા કે તમે લોકો પર ગવાહ બનો[૪] અને આ રસૂલ તમારા નિગેહબાન અને ગવાહ[૫] અને અય મહબૂબ ! તમે પહેલાં જે કિબ્લા પર હતા અમે તે એટલા માટે જ નક્કી કર્યો હતો કે જોઈએ કોણ રસૂલની તાબેદારી કરે છે અને કોણ ફરી જાય છે અવળા પગે[૬] અને બેશક ! આ (ફેરબદલી) ભારે હતી પણ તેઓ પર (ભારે ન હતી) જેમને અલ્લાહે હિદાયત આપી, અને અલ્લાહની શાન નથી કે તમારૂં ઈમાન નિષ્ફળ કરે[૭] બેશક ! અલ્લાહ લોકો પર ઘણો મહેરબાન રહમવાળો છે (૧૪૩) અમે જોઈ રહ્યા છીએ વારે ઘડીએ તમારૂં આસ્માન તરફ મોઢું કરવું[૮] તો જરૂર અમે તમને ફેરવી દઈશું તે કિબ્લા તરફ જેમાં તમારી ખુશી છે, હમણાં જ પોતાનું મોઢું ફેરવી દો મસ્જિદે હરામ તરફ. અને હે મુસલમાનો ! તમે ગમે ત્યાં હોવ તમારૂં મોઢું એના જ તરફ કરો[૯] અને તેઓ જેમને કિતાબ મળી છે જરૂર જાણે છે કે આ તેમના પરવરદિગાર તરફથી સત્ય છે[૧૦] અને અલ્લાહ તેમના કરતૂતોથી અજાણ નથી. (૧૪૪)

**શાને નુઝૂલ** :૧. આ આયત યહૂદીઓ વિશે ઉતરી. જ્યારે બયતુલ મુક઼દસની જગ્યાએ કાબા શરીફને ક઼િબ્લા નક્કી કરવામાં આવ્યું ત્યારે તેઓએ વાંધા વચકા કાઢયા, કારણ કે આ એમને અણગમતુ હતું, ઉપરાંત તેઓ કોઈ હુકમને મન્સૂખ થવાની માન્યતા ધરાવતા ન હતા. એક મંતવ્ય મુજબ આ આયત મક્કાના મુશ્રિકો અને બીજા એક મંતવ્ય મુજબ મુનાફિકો વિશે ઉતરી, અને એ પણ બની શકે છે કે એનાથી કુફ્ફારનાં આ બધાં જ ટોળાં મુરાદ હોય, કારણ કે વાંધા વચકા કાઢવામાં આ બધા જ ભેગા હતા, અને કાફિરો વાંધા વચકા કાઢે તે પહેલાં જ કુર્આન મજીદમાં એની ખબર આપી દેવી ગેબની ખબરોમાંથી છે, એ બાબત ખરાબ બોલનારાઓને મૂર્ખ એટલા માટે કહેવામાં આવ્યા કે તેઓ ઘણી જ સ્પષ્ટ વાત વિશે ટીકાઓ કરતા હતા, કારણ કે પહેલાંના નબીઓએ અંતિમ જમાનાના નબીની વિશિષ્ટતાઓમાં આપનો લકબ 'ઝુલકિ઼બ્લતૈન' (બે કિ઼બ્લાવાળા) પણ છે એવું તેઓએ કહ્યું હતું, અને કિ઼બ્લાની બદલી એ વાતની દલીલ છે કે આ તે જ નબી છે કે પહેલાંના નબીઓ જેમની ખબર આપતા આવ્યા છે. આવી સ્પષ્ટ નિશાનીથી ફાયદો ન ઉઠાવવો અને ટીકા કરવી એ મહાન મૂર્ખતા છે.

૨. કિબ્લા તે દિશાને કહે છે જેના તરફ માણસ નમાઝમાં મોઢું કરે છે, અહીં કિ઼બ્લાથી બયતુલ મુક઼દસ મુરાદ છે.

૩. તેને અધિકાર છે જે દિશાને ચાહે તે દિશાને કિ઼બ્લો બનાવે. કોઈને વાંધો ઉઠાવવાનો શું હક઼ છે ? બન્દાનું કામ ફક્ત તાબેદારી કરવાનું છે.

૪. દુનિયા અને આખિરતમાં.

**મસઅલો** :– દુનિયામાં તો એ કે શરીઅતની રૂએ મુસલમાનની ગવાહી મોમિન તથા કાફિર બન્ને માટે વિશ્વાસપાત્ર છે, અને કાફિરની ગવાહી મુસલમાન માટે વિશ્વાસપાત્ર નથી.

**મસઅલો** :– આનાથી એ પણ માલૂમ પડયું કે આ ઉમ્મત જે વાતમાં એકમત થઈ જાય ત્યારે એની એકમતિ સ્વીકાર માટેની જરૂરી દલીલ બની જાય છે.

**મસઅલો** : મરણ પામેલા લોકો માટે પણ આ ઉમ્મતની ગવાહી વિશ્વાસપાત્ર છે. રહમત અને અઝાબના ફરિશ્તાઓ એને આધાર બનાવીને કાર્ય કરે છે. સહીહ હદીષોની કિતાબોમાં છે કે હુઝૂર ﷺની સામેથી એક જનાઝો પસાર થયો. સહાબાએ તે મરણ પામેલા માણસની તારીફ કરી, હુઝૂર ﷺએ ફર્માવ્યું, વાજિબ થઈ ગઈ. બીજો જનાઝો પસાર થયો ત્યારે સહાબાએ તેની બુરાઈ કરી, હૂઝૂર ﷺએ ફર્માવ્યું, વાજિબ થઈ ગઈ. હઝરત ઉમર رضی اللہ عنہએ પૂછયું, હુઝૂર ! શું વાજિબ થઈ ગઈ ? ફર્માવ્યું, પહેલા જનાઝાવાળાની તમે તારીફ કરી તેના માટે જન્નત વાજિબ થઈ ગઈ, બીજાની તમે બુરાઈ કરી તેના માટે દોઝખ વાજિબ થઈ ગઈ, તમે જમીનમાં અલ્લાહના ગવાહ છો. પછી હુઝૂરે આ જ આયત તિલાવત ફર્માવી.

**મસઅલો** :– આ બધી ગવાહીઓ ખાસ ઉમ્મતના નેક લોકો અને સત્યવાળાઓ માટે જ છે, અને એ અંગે વિશ્વાસપાત્ર બનવા માટે ઝબાનની જાળવણી શરત છે, જે લોકો ઝબાનની હિફાઝત નથી કરતા, અને અયોગ્ય શરીઅત વિરૂદ્ધની વાતો તેમની ઝબાનમાંથી નીકળતી રહે છે, અને નાહક બીજાઓને લાઅનત કરતા રહે છે. સહીહ હદીષોમાં છે કે ક઼યામતના દિવસે ન તેઓ શફાઅત કરનાર બની શકશે ન તો ગવાહ બની શકશે.

આ ઉમ્મતની એક ગવાહી એ પણ છે કે જ્યારે આખિરતમાં તમામ પહેલા અને પાછલા લોકો એકઠા હશે, અને કાફિરોને પૂછવામાં આવશે કે શું તમારી પાસે મારા તરફથી ડરાવનાર અને હુકમો પહોંચાડનાર કોઈ આવ્યું નથી ? ત્યારે પહેલાંની ઉમ્મતોના કાફિરો ઈન્કાર કરશે અને કહેશે કે અમારી પાસે કોઈ આવ્યું નથી, ત્યારે તમામ નબીઓને પૂછવામાં આવશે, તેઓ કહેશે કે આ તો જૂઠા છે, અમે તારા અહકામની તબ્લીગ એમના સામે કરી દીધી હતી. ત્યારે કાફિરોને લાજવાબ કરવા માટે નબીઓ પાસે એમની દલીલ માંગવામાં આવશે, તેઓ કહેશે કે ઉમ્મતે મુહમ્મદિયહ અમારા માટે ગવાહી આવશે, ત્યારે આ ઉમ્મત ગવાહી આપશે, કે હા ! બધા જ પૈગમ્બરોએ તબ્લીગનું કાર્ય અંજામ આપ્યું હતું. પૂછવામાં આવશે કે તમે કેવી રીતે જાણો છો ? આ ઉમ્મત

કહેશે કે હે પરવરદિગાર ! તેં અમારા તરફ તારા રસૂલ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને મોકલ્યા, કુર્આને પાક ઉતાર્યું. આનાથી અમે યકીનની સાથે જાણીએ છીએ કે બધા જ અમ્બિયાએ તારા હુકમો એમની ઉમ્મતોને પહોંચાડયા છે. પછી હુઝૂર ﷺને આપની ઉમ્મત વિષે પૂછવામાં આવશે ત્યારે હુઝૂર ફર્માવશે કે મારી ઉમ્મત સાચુ કહે છે.

**મસ્અલો** : આનાથી માલૂમ પડયું કે પ્રખ્યાત વસ્તુઓના વિષયમાં સાંભળીને ગવાહી આપવી પણ વિશ્વાસપાત્ર ગણાશે. અર્થાત સાંભળવાથી. જે વસ્તુનું ઈલ્મે યકીની પ્રાપ્ત થયું તેની ગવાહી આપી શકાય છે.

૫. ઉમ્મતને તો રસૂલુલ્લાહ ﷺએ આપેલી ખબરના આધારે આગલી ઉમ્મતોની હાલત અને અમ્બિયાની તબ્લીગનું કૃતઈ યકીની ઈલ્મ પ્રાપ્ત છે. અને રસૂલે કરીમ ﷺના કરમથી નબુવ્વતના નૂર દ્વારા પ્રત્યેક વસ્તુની હાલત, દરેક માણસના ઈમાનની હકીકત અને તેના નેક બદ અમલો, નિખાલસતા અને નિકાહ વિગેરે તમામ બાબતો સારી રીતે જાણે છે.

**મસ્અલો** :- એટલા માટે જ હૂઝૂર ﷺની શહાદત, ગવાહી, દુનિયામાં શરીઅતના હુકમ અનુસાર ઉમ્મત વિશે મકબૂલ છે, એટલા માટે જ હુઝૂર ﷺએ પોતાના સમયના માણસો માટે જે કંઈ ફર્માવ્યું દા.ત. સહાબા, અઝવાજ, અહલે બૈતની ફઝીલતો, અને પાછળ વાળાઓ માટે જેમ કે હઝરત ઉવેસ અને ઈમામ મહદી વિગેરે આ બાબતો પર ઈમાન લાવવું વાજિબ છે.

**મસ્અલો** :- દરેક નબીને તેમની ઉમ્મતના આમાલથી માહિતગાર કરવામાં આવે છે, જેથી કયામતના દિવસે ગવાહી આપી શકે, આપણા નબી ﷺની ગવાહી આમ (બધા માટે) હશે, માટે હુઝૂર દરેક ઉમ્મતની હાલતથી માહિતગાર છે.

**ફાયદો** :- આ આયતમાં 'શહીદ'નો શબ્દ 'માહિતગાર'ના અર્થમાં પણ બની શકે છે, કારણ કે 'શહાદત'નો શબ્દ (જેનાથી 'શહીદ' શબ્દ બન્યો છે) ઈલ્મ અને ઈત્તેલાઅ ((માહિતી)ના અર્થમાં પણ વપરાય છે, જેમ કે અલ્લાહે ફર્માવ્યું, વલ્લાહુ અલા કુલ્લિ શયઈન શહીદ' (અર્થાત, અલ્લાહ દરેક વસ્તુથી માહિતગાર છે.)

૬. હુઝૂર ﷺ પહેલાં કાબા શરીફ તરફ નમાઝ પઢતા હતા. હિજરત પછી બયતુલ મુકદ્દસ તરફ નમાઝ પઢવાનો હુકમ થયો. લગભગ ૧૭ મહિના સુધી એ તરફ નમાઝ પઢયા, ફરી પાછો કાબા શરીફ તરફ નમાઝ પઢવાનો હુકમ થયો, આ ફેરબદલીનું એક રહસ્ય આ મુજબ ફર્માવ્યું છે કે એનાથી મોમિન અને કાફિરમાં ફેર માલમ પડી જશે. અને આમ જ થયું.

**૭. શાને નુઝૂલ** :- બયતુલ મુકદ્દસ તરફ નમાઝ પઢવાના સમય દરમ્યાન જે સહાબા વફાત પામ્યા તેમના સગા સંબંધીઓએ કિબ્લાની ફેરબદલી બાદ તેમની નમાઝોનો હુકમ પૂછયો ત્યારે આ આયત ઉતરી અને તેમને હૈયાધારણ આપવામાં આવી કે તેમની નમાઝો નિષ્ફળ નથી ગઈ, તેનો સવાબ મળશે.

**ફાયદો** : આયતમાં નમાઝને ઈમાનનું નામ આપ્યું છે. કારણ કે એને અદા કરવી અને જમાઅત સાથે પઢવી એ ઈમાનની દલીલ (નિશાની) છે.

૮. હુઝૂર ﷺને એ વાત પસંદ હતી કે કાબા શરીફને કિબ્લો બનાવવામાં આવે અને હુઝૂર એની આશામાં કે આસ્માનથી ફરિશ્તો એ માટેની વહી લઈને આવે વારે ઘડીએ આકાશ તરફ જોયા કરતા. ત્યારે આ આયત ઉતરી, આપ નમાઝમાં જ કા'બા શરીફ તરફ ફરી ગયા અને મુસલમાનોએ પણ આપના અનુકરણમાં એ મુજબ કર્યુ.

**મસ્અલો** : એનાથી માલૂમ પડયું કે અલ્લાહ તઆલાને આપની ખુશી પ્યારી છે, અને આપને રાજી કરવા કા'બાને કિબ્લો બનાવવામાં આવ્યો.

૯. **મસ્અલો** : આથી સાબિત થયું કે નમાઝમાં કિબ્લા તરફ મોઢું કરવું ફર્ઝ છે.

૧૦. કારણ કે એમની કિતાબોમાં હુઝૂર ﷺના ગુણોના બયાનમાં એવું પણ લખેલું હતું કે તેઓ બયતુલ મુકદ્દસ તરફથી કા'બા શરીફ ફરશે, અને એમના પૈગમ્બરોએ હુઝૂરની ખુશખબરી આપતાં એ કહ્યું હતું કે તેઓ બયતુલ મુકદ્દસ અને કા'બા બન્ને કિબ્લાઓ તરફ નમાઝ પઢશે.

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**હદીષ :** *હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુગફ્ફલથી رضي الله عنه થી[૧] રિવાયત છે ફર્માવે છે કે તેમણે પોતાના પુત્રને એવું કહેતાં સાંભળ્યા કે ઈલાહી ! હું તારાથી જન્નતની જમણી બાજુ સફેદ મહેલ માગું છું. તો ફર્માવ્યું કે હે મારા બેટા ! અલ્લાહથી જન્નત માગો અને દોઝખથી તેની પનાહ માગો. મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે આ ઉમ્મતમાં તે કૌમ થશે જે તહારત (પાકી, વુઝૂ) અને દુઆમાં હદથી વધતી રહેશે.[૨] (અહમદ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

*હઝરત ઉભય ઈબ્ને કઅબથી રિવાયત છે તે નબી ﷺથી રિવાયત કરે છે કે વુઝૂનો એક શૈતાન છે જેને વલ્હાન કહેવામાં આવે છે[૩] જેથી પાણીના વસવસાઓથી બચો[૪] (તિર્મિઝી તથા ઈબ્ને માજહએ રિવાયત કરી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે અને તેની સનદો મુહદ્દિષોની નજીક કવી (મજબૂત) નથી. કેમ કે અમે ખારજાના સિવાય કોઈને નથી જાણ્યા કે જે તેને મરફૂઅન નકલ કરે અને ખારજા અમારા દોસ્તોની નજીક કવી નથી. હઝરત મઆઝ બિન જબલથી ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે જ્યારે વુઝૂ કરતા તો પોતાનો ચહેરો પોતાના કપડાના કિનારાથી લુછતા.[૫] (તિર્મિઝી)*

*હઝરત આઈશા رضي الله عنها થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺની પાસે એક કપડુ હતુ જેના વડે વુઝૂ પછી પોતાના મુબારક અંગોને લુછયા કરતા હતા.[૬] રિવાયત કરી તિર્મિઝીએ અને ફર્માવ્યું કે આ હદીષ કવીય્યુલ અસનાદ નથી, અને અબૂ મઆઝ રાવી મુહદ્દિષોની નજીક ઝઈફ છે[૭].*

*(ત્રીજો વિભાગ) : હઝરત ષાબિત ઈબ્ને અબી સફિય્યહથી રિવાયત છે[૮] ફર્માવે છે કે મેં અબૂ જઅફરથી જે મુહમ્મદબાકિર છે[૯] અર્ઝ કરી કે મને હઝરત જાબિરે ખબર કરી કે નબી ﷺએ એક એક વાર, બે બેવાર, ત્રણ ત્રણ વાર વુઝૂ કર્યુ. હા[૧૦] (તિર્મિઝી, ઈબ્ને માજહ)*

*હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ બે બે વાર વુઝૂ કર્યું અને ફર્માવ્યું કે આ નૂર પર નૂર છે[૧૧] હઝરત ઉષ્માન رضي الله عنه થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ત્રણ ત્રણવાર વુઝૂ કર્યું અને ફર્માવ્યું કે આ મારું અને મારાથી આગલા નબીઓનું વુઝૂ છે, અને હઝરત ઈબ્રાહીમનું વુઝૂ છે[૧૨] આ બંનેવ હદીષોને રઝીને રિવાયત કરી. નવવીએ શરહે મુસ્લિમમાં બીજીને ઝઈફ બતાવી.*

*હઝરત અનસથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ દરેક નમાઝના માટે વુઝૂ કરતા હતા[૧૩] અને અમને એક જ વુઝૂ ત્યા સુધી પૂરતુ હોતુ જ્યાં સુધી બેવુઝૂ ન થતા.[૧૪]*

**-:: સ....મ....જૂ....તી.... ::-**

૧. આપ કબીલા મુઝય્યનાથી છે. બયઅતે રિદ્વાનમાં હાજર થયા. મદીના તયબહ વસવાટ રહ્યો. ફારૂકી યુગમાં આપને બસરા મોકલવામાં આવ્યા જેથી લોકોને ઈલ્મ શીખવાડે, અને ત્યાં જ હિ.સ. ૬૦માં ઈન્તેકાલ થયો.

**૨.** દુઆમાં હદથી વધુવું તો એ છે કે એવું નિશ્ચિત કરવામાં આવે જેની જરૂરત નથી, જેમ કે એમના પુત્રએ કર્યું. ફિરદૌસ માગવી ખૂબ જ બેહતર છે કે એમાં કોઈ વસ્તુનું નિશ્ચિત નથી એ જ પ્રકારની બીજી વસ્તુ (અનિશ્ચિત ચીજ) માગવાનો હુકમ છે. એનો હુકમ આપવામાં આવ્યો છે. વુઝૂમાં હદથી વધવું બે રીતે થઈ શકે છે, સંખ્યામાં વધારો અને અંગોની હદમાં અધિકતા કરવી. જેમ કે પગોને ગુથણો સુધી ધોવા અને હાથ બગલો સુધી ! કેમ કે આ બંનેવ વાતો મના છે.

**૩.** "વલ્હાન" વહલુનથી બન્યું છે આશ્ચર્ય અથવા લાચચના અર્થમાં, કેમ કે આ શયતાન વુઝૂ કરનારાઓને વિચારમાં નાખી દે છે અને પાણીના વધુ વપરાશ માટે લલચાવે છે. એટલા માટે એને વલ્હાન કહેવામાં આવે છે. ઈશ્ક઼માં અધિકતાને પણ અને ઈશ્ક઼માં અતિશયોક્તિવાળાને પણ વલ્હાન કહે છે. શૈતાનની જમાઅતો વિવિધ છે જેમનાં અલગ અલગ કામો છે, એમાંથી એક જમાઅતનું આ કામ અને આ નામ છે.

**૪.** દિલમાં જે શક વિના દલીલે પેદા થાય તેને વસવસો કહે છે. વિના કારણે એ ખયાલ કરવો કે કદાચ કપડાં પર છાંટા પડી ગયા હોય, કદાચ પાણી પૂરાં અંગો પર ન વહ્યું હોય, આ સર્વ કાંઈ વસવસા છે. અમુક લોકોને જોવામાં આવ્યા કે તેઓ હાથોની રેખાઓમાં પાણી પહોંચાડે છે !

**૫.** આ પરથી અમુક મસાઈલ જાણવા મળ્યા : એક એ કે વુઝૂ પછી વઝૂના અંગોને લુછવું મના નથી, શરત એ કે ઘમંડના રૂપે ન હોય. અહીં મુસ્તહબ એ છે કે રહેવા દે. બીજી એ કે અંગોની તરી એ માએ મુસ્તઅમલ (વપરાયેલ પાણી) નથી, પણ જે ટીપાં શરીરથી અલગ થઈ જાય તે માએ મુસ્તઅમલ છે જે અમુકની નજીક નાપાક છે, હક્ક઼ એ છે કે પાક તો છે પરંતુ પાક કરી નથી શક્તું. એ જે હદીષે પાકમાં આવ્યું છે કે હઝરત મૈમૂના رضی اللہ عنہاએ હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં વુઝૂ પછી રૂમાલ પેશ કર્યો તો હુઝૂરે ન સ્વીકાર્યો અને અંગોને છંછેડતા તશરીફ લઈ ગયા, એનું કારણ બીજુ કોઈ હોય શકે છે કે રૂમાલ સાફ ન હોય અથવા તે સમયે જલ્દી હોય. મિર્ક઼ાતે ફર્માવ્યું, મુસ્તહબ એ જ છે કે ન લુછે, પણ લુછવું પણ વિના કરાહતે જાઈઝ છે.

**૬.** એટલે કે કદી કદી, ન કે હમેશાં, કેમ કે હમણા વર્ણન થઈ ચૂક્યું કે હુઝૂરે પોતાના દામન વડે મોઢું તશરીફ લુછયું. અમુક એવું પણ છે કે અંગો તદ્દન ન લુછે. અમુક રિવાયતોમાં છે કે વુઝૂનું પાણી ક઼યામતમાં નૂર બનશે. સારાંશ કે હદીષોમાં ટકરાવ નથી કદી આ અમલો કર્યા કદી તે કર્યા.

**૭.** તિર્મિઝીએ આ બંનેવ હદીષોને ઝઈફ કહી, પ્રથમ હદીષને રિશ્દીન બિન સઅદ અને અબ્દુર્રહમાન ઈબ્ને ઝિયાદ અફ્રીકીના કારણે. અને આ હદીષને અબૂ મઆઝના કારણે. અને ફર્માવ્યું કે અમુક લોકો વુઝૂનાં અંગોને લુછવાને મકરૂહ સમજે છે એમાં ઈબાદતના અસરને દૂર કરી દેવું છે અને વુઝૂનું પાણી તસ્બીહ પણ કરે છે. અલ્લાહ બેહતર જાણનાર છે

**૮.** એમની કુન્નિયત અબૂ હમ્ઝા છે. યમની છે અઝદી છે. મુહમ્મદ ઈબ્ને અલી બાક઼િરના સાથી હતા. મિર્કાતે ફર્માવ્યું કે એ કૂફામાં રહેતા હતા અને ખૂબ જ ઝઈફ તથા ખૂબ જ વહમી હતા. અક઼ીદામાં છુપા રાફઝી હતા જેથી આ હદીષ ઝઈફ છે.

**૯.** આપ મુહમ્મદ ઈબ્ને અલી એટલે ઝયનુલ આબિદીન ઈબ્ને હુસૈન ઈબ્ને અલી છે. رضوان اللہ تعالیٰ علیہم اجمعین લક઼બ ઈમામ બાક઼િર એટલે કે ઈલ્મને ચીરનાર, કુન્નિયત અબૂ જઅફર છે. મદીના મુનવ્વરાના અઝીમુશ્શાન ફક઼ીહ અને મહાન મુહદ્દિષ છે. ઈમામ ઝયનુલ આબિદીન, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર તથા હઝરત જાબિરથી

અગણિત હદીષો લીધી છે. મહાન શાનવાળા તાબઈ છે. વિલાદત શરીફ હિ.સ. ૫૬માં થઈ. ૬૩ વરસની ઉમર પામ્યા. હિ.સ. ૧૧૮માં મદીના મુનવ્વરામાં વફાત પામ્યા. જન્નતુલ બક઼ીઅમાં મઝારે પુર અન્વર છે. ફક઼ીરે (લેખકે) ઝિયારત કરી છે.

**૧૦.** હદીષ લેવાના ત્રણ તરીક઼ા છે : એક એ કે શાગિર્દ પઢે અને ઉસ્તાદ સાંભળે. બીજો એ કે ઉસ્તાદ પઢે અને શાગિર્દ સાંભળે. ત્રીજો એ કે શાગિર્દ હદીષના શબ્દો અર્ઝ કરીને પૂછે કે શું આ હદીષ આપે રિવાયત કરી છે ? ઉસ્તાદ કહે, હા ! અહીં ત્રીજા પ્રકારની રિવાયત છે. મતલબ એ છે કે હુઝૂરે વઝૂનાં અંગો કદી એકવાર ધોયાં, કદી બે બે વાર, કદી ત્રણ ત્રણવાર ધોયાં.

**૧૧.** એટલે કે વુઝૂનાં અંગો બબ્બે વાર ધોયાં અને તેને નૂર પર નૂર ઠરાવ્યું. કેમ કે એકવાર ધોવું ફર્ઝ છે, એટલે કે ક઼યામતમાં મસ્નૂન (સુન્નત મુજબ) કરનારાઓનું નૂર ઘણુ જ તેજ હશે. જેથી તેઓ ત્રણ ત્રણવાર અંગો ધોશે તે પણ અફઝલ છે.

**૧૨.** આ પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા, એક એ કે વુઝૂ ઈસ્લામ (આ ઉમ્મત) સાથે ખાસ નથી, આગલી ઉમ્મતોમાં પણ હતું. હા ! ચહેરાઓની ચમક આ ઉમ્મતની વિશિષ્ટતાઓમાંથી છે. બીજુ એ છે કે ઈબ્રાહીમ علیہ السلام પણ વુઝૂ કર્યા કરતા હતા. જેમ કે બુખારી શરીફમાં છે કે હઝરત ઈબ્રાહીમ તથા સારાહએ વુઝૂ કર્યું અને નમાઝ પઢી. સારાંશ કે વુઝૂ ઘણી પૂરાણી સુન્નત છે. ત્રીજુ એકે ત્રણ ત્રણ વાર વુઝૂનાં અંગો ધોવાં ખૂબ જ અફઝલ છે કેમ કે અંબિયાની સુન્નત છે. હુઝૂર ﷺનું એકવાર કે બેવાર વુઝૂનાં અંગોને ધોવાં એ જાઈઝ હોવાના વર્ણન માટે છે.

**૧૩.** મિર્ક઼ાતે ફર્માવ્યું કે પ્રથમ તો હુઝૂર પર દરેક નમાઝના માટે વુઝૂ કરવું ફર્ઝ હતું, પછી એ ફર્ઝિયત મન્સૂખ થઈ ગઈ. જેવું કે આગલી હદીષથી માલૂમ પડી રહ્યું છે. આ તે વખતનું વર્ણન છે અને શક્ય છે કે ફર્ઝિયતના મન્સૂખ થયા પછીનું વર્ણન હોય, અને મોટાભાગની સ્થિતિ મુરાદ હોય. એટલે કે હુઝૂર મોટાભાગે દરેક નમાઝના માટે વુઝૂ કર્યા કરતા હતા. આ આયતના જાહેર પર અમલ કરતાં اِذَا قُمْتُمْ اِلَى الصَّلٰوةِ આજે પણ દરેક નમાઝના માટે વુઝૂ કરી લેવું ભલે પહેલાં વુઝૂ હોય એ મુસ્તહબ છે. યાદ રાખશો અહીં નમાઝથી ફર્ઝ નમાઝ મુરાદ છે અને ઈશ્રાક઼ની નમાઝ ફજરના વુઝૂથી પઢવી મુસ્તહબ છે.

**૧૪.** એટલે કે અમે લોકો મોટાભાગે એક વુઝૂ વડે કેટલીક નમાઝો પઢી લેતા હતા. યાદ રાખશો કે નબી ﷺએ ફતહે મક્કાના દિવસે એક વુઝૂ વડે ચાર નમાઝો પઢી હતી. અને અમુક સહાબીઓ દરેક નમાઝ માટે નવુ વુઝૂ કરતા હતા, પણ એ બનાવો આ હદીષની વિરૂધ્ધ નથી, કેમ કે અહીં મોટા ભાગની હાલતનું વર્ણન છે.


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મર્હૂમ હઝરત મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : રૂા. ૩૫૦/- (રજીસ્ટર્ડથી ટપાલ ખર્ચ રૂા.૬૦ અલગ)

**પ્રકાશકો તથા પ્રાપ્તિ સ્થાન : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
પટેલ શબ્બીર અલી રઝવી

**ચમને તયબહ મેં સુંબુલ જો સંવારે ગેસૂ**
**હૂર બઢકર શિકને નાઝ પે વારે ગેસૂ**

*(સુંબુલ= ખુશ્બુદાર ઘાસ, શિકને નાઝ= નખરાની કરચલી, વારે= નિછાવર કરે)*

**અર્થાત :** મદીનાના બાગમાં જ્યારે સુંબુલ (અલ્લાહના પ્યારા મહબૂબ ﷺ)એ પોતાના વાળ સંવારવાનું શરૂ કર્યું તો (ગાઢ વાળો પર કાંસકી કરતી વખતે ચહેરા પર જે કરચલીઓ પડે છે) મહબૂબની પેશાનીની કરચલીઓ પર જન્નતી હૂરો પોતાના વાળો કુર્બાન કરવા માટે દોડતી આવી ગઈ, એટલા માટે આખા જગતનું વાતાવરણ મહેકી ઉઠયું છે.

વાળોને રાખવા તેને સંવારવા, કાંસકી કરવી સુન્નત છે. આપે ફર્માવ્યું, પોતાના વાળોની તકરીમ (કદર) કરો. હઝરત અબૂ કતાદા رضی اللہ عنہએ જ્યારે વાળોની કદર કરવાવાળી હદીષ સાંભળી તો ત્યારબાદ દિવસમાં બે વાર વાળોને તેલ લગાડતા હતા. એક શખ્સને હુઝૂર ﷺએ જોયો કે તેના વાળો વિખેરાયેલા છે તો આપે ફર્માવ્યું કે એને લઈ જાવ અને એના વાળ ઠીક કરીને લાવો ! હુકમના પાલન બાદ તે શખ્સને પરત લાવવામાં આવ્યા તો આપે ફર્માવ્યું, શું આ શકલ શૈતાનવાળી શકલથી બેહતર નથી ?! એટલે કે પહેલી શકલને શૈતાનની શકલ ઠરાવવામાં આવી. એ જે રોજ કાંસકી કરવાથી મના કરવામાં આવ્યું છે તે વિના જરૂરતે કાંસકી કરવું છે કે દરેક વખતે કોઈ સ્ત્રીઓ જેમ બનાવ શિંગારમાં ન લાગેલો રહે! હદીષ શરીફમાં છે : હુઝૂર ﷺ પોતાના દાઢી મુબારકને સંવાર્યા કરતા હતા, એટલે કે લંબાઈમાં છેડેથી કાપીને સંવારતા (પરંતુ મુઠ્ઠીભરથી ઓછી કરતા ન હતા જેવું કે સહાબાએ કિરામ رضی اللہ عنہمના અમલે આપણને દર્શાવ્યું છે. એટલા માટે ઉલમાએ એક મુઠ્ઠીભર દાઢી રાખવી વાજિબ ઠરાવેલ છે.) વાળોના વિશે વિગતે વર્ણન મિશ્કાત શરીફના બાબુત્તરજિલમાં વાંચશો.

**કી જો બાલોંસે તેરે રોઝાકી જારૂબ કશી**
**શબકે શબનમને તબર્રુકકો હૈં ધારે ગેસૂ**

**અર્થાત :** હે મારા હુસ્નવાળા આકા ! ﷺ આપના રોઝા અકદસને રાતની શબનમે એટલા માટે વાળો વડે ઝાડુ આપ્યુ છે જેથી કરીને પોતાના વાળોને આપના રોઝાએ પાકની સાથે લગાડીને બરકતવંત પણ બનાવે અને એના વાળોના હુસ્નમાં પણ વધારો થઈ જાય.

જ્યારે સહાબાએ કિરામ જેવી શખ્સિયતો હુઝૂર ﷺના વાળ મુબારક, કટ થયેલા નાખો તેમજ અન્ય ચીજો વડે બરકત હાંસલ કરતા, તેને મોતબર્રક (બરકતવંત) સમજતા અને વસિયતો કરતા હતા કે કે મૃત્યુ બાદ આપના આ તબર્રુકો અમારા કફનમાં રાખવામાં આવે. જેમ કે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની

વસિયત અહયાઉલ ઉલૂમના હવાલાથી અગાઉ વર્ણન થઈ ચૂકી. તો પછી શબનમની શું મજાલ કે આ ખયાલ સાથે સરકાર ﷺના રોઝા મુબારકને ઝાડુ ન આપે ! જેથી આમાં અતિશયોક્તિવાળી કોઈ વાત નથી.

**હમ સિયહકારોંપે યા રબ તપિશે મહશરમેં**
**સાયા અફગન હોં તેરે પ્યારે કે પ્યારે ગેસૂ**

**અર્થાત :** હે મારા પરવર દિગાર ! ક઼યામતની ક઼યામતખેઝ (ભયંકર) ગરમીમાં મને તારા મહબૂબ ﷺની ઝુલ્ફે વલ્લૈલનો સાયો નસીબ કરી આપજે જેથી એ દઝાડી મૂકનાર તાપથી મેહફૂઝ રહી શકુ.

*અઝલ હો યા અબદ દોનોં અસીરે ઝુલ્ફે મુહમ્મદ ﷺ હૈં–જિધર નઝરેં ઉઠાઓગે યહી ઈક સિલસિલા હોગા*
*–(જિગર મુરાદાબાદી)*

**ચર્ચે હૂરોંમેં હૈ દેખો તો ઝરા બાલે બુર્રાક઼**
**સુંબુલ ખુર્દ કે કુર્બાન ઓ તારે ગેસૂ**

**અર્થાત :** જન્નતની હૂરોમાં મેઅરાજની રાત્રે એ નેઅમતને હાંસલ કરવાની હરીફાઈ લાગી હતી કે ચાલે છે અને જઈને હુઝૂર ﷺની સવારી (બુર્રાક઼)ની ગરદનના વાળો પર પોતાની ઝુલ્ફો કુર્બાન કરે છે. અથવા મતલબ એ છે કે હૂરોમાં આમ ચર્ચા છે કે હુઝૂર ﷺની સવારીના વાળ તો જુઓ ! એવા લાગે છે જાણે કે જન્નતની ખુશબુદાર ઘાસ (સુંબુલ)એ પોતાની ઝુલ્ફો એમના પર કુર્બાન કરેલી છે. સવારીની શાન આ છે તો સવારની શાન શું હશે ?!

**આખિર હજ ગમે ઉમ્મતમેં પરેશાં હોકર**
**તીરા બખ્તોંકી શફાઅત કો સુધારે ગેસૂ**

*(આખિર હજ્જ = હજ્જતુલ વિદાઅ, તીરા બખ્તોં = બદબખ્ત, ગુનેહગારો, સુધારે = સંવારે)*

**અર્થાત :** હજ્જતુલ વિદાઅના મોક઼ા પર આપણા આક઼ા વ મૌલા ﷺએ ગુનેહગાર ઉમ્મતીઓની બખ્શિશના બારામાં પરેશાન થઈને તેમની શફાઅતના માટે પોતાની મુબારક ઝુલ્ફોને સંવારી. (અથવા વાળ મુબારક સરે અન્વરથી અલગ કર્યા એટલે કે કપાવ્યા, અથવા હજામત કરાવી તો એ વાળોને આપે સહાબાએ કિરામમાં વહેંચી આપ્યા, અને સહાબાએ કિરામના થકી આપના વાળો પૂરી દુનિયામાં ફેલાઈ ગયા જેથી કરીને જે ગુનેહગાર એમની ઝિયારત કરે તેને ક઼યામતના દિવસે સરકાર ﷺની શફાઅત નસીબ થઈ જાય)

**ગોશ તક સુનતે થે ફર્યાદ અબ આએ તા દોશ,**
**કે બને ખાના બદોશોંકો સહારે ગેસૂ**

*(ગોશ = કાન, તા દોશ = ખભાઓ સુધી)*

**અર્થાત :** જ્યારે પોતાની ઝુલ્ફે અંબર (વાળ મુબારક) કાનો સુધી હોય (હજી કાંસકી ન કરી હોય તો ઝુલ્ફોમાં અધિક વાળ હોવાને કારણે કાનોથી ઉપર થઈ જાત) તો એ ઈશારો હતો કે એ મુબારક કાનોથી હુઝૂર ﷺ પોતાની ગુનેહગાર ઉમ્મતની ફરિયાદો સાંભળે છે. અને જ્યારે (કાંસકી કરતા તો કેટલાક અંશે ઝુલ્ફો સીધી થઈને) ખભાઓ પર આવી જતી તો જાણે ગુનેહગાર ઉમ્મતને એવું બતાવતી કે હે નકામા આવારા લોકો ! (ખાના બદોશો) ગભરાવ નહીં, તમારા ગુનાહોનો બોજ ઉઠાવવાના માટે આ ખભાઓ પૂરતા છે. (સુબ્હાનલ્લાહ !)

**સૂખે ધાનોંપે હમારે ભી કરમ હો જાએ**
**છાએ રહમતકી ઘટા બનકે તુમ્હારે ગેસૂ**

**અર્થાત** : હે પોતાની ઉમ્મતના ગમમાં રડનારા આકા ! મહશરની ગરમીએ અમારાં મોઢાં શુષ્ક કરી નાખ્યાં છે (અથવા અમારા ઈમાનની ખેતીને ગુનાહોની નહૂસતે સૂકવી નાખેલ છે) ખુદારા ! કરમ ફર્માવો ! જેથી આપના ગેસૂએ અન્વર (વાળ મુબારક) રહમતની ઘટાઓ બનીને અમારા પર વરસે, અમારી પ્યાસ ખત્મ થઈ જાય અને ઈમાનની ખેતી હર્યી ભર્યી થઈ જાય.

**કઅબએ જાં કો પહનાયા હૈ ગિલાફે મુશ્ક**
**ઉળકે આએ હૈં જો અબરૂપે તુમ્હારે ગેસૂ**

*(કઅબએ જા = જાનોના કિબ્લા ﷺ ગિલાફે મુશ્ક = ખુશ્બોદાર કાળા રંગનો ગિલાફ, અબરૂ = ભવાં)*

**અર્થાત** : (હે મારા નબી ﷺના પ્યારા સહાબીઓ ! તમે તો એ મન્ઝર વારંવાર જોયો છે કે) જ્યારે મારા આકા ﷺની કાળી ઝુલ્ફો લહેરાઈને ચહેરાએ અન્વરને ઢાંકતી હતી તો શું એવું ન લાગતું હતું કે જાણે જાનના કા'બા (રૂખે વદ્દુહા)ને ખુશ્બોદાર કાળો ગિલાફ પહેરાવવામાં આવ્યો છે ?!

**સિલસિલા પાકે શફાઅત કા ઝુકે પળતે હૈં**
**સજદએ શુક્ર કે કરતે હૈં ઈશારે ગેસૂ**

**અર્થાત** : અલ્લાહ તઆલા જ્યારે સરકારે મદીના ﷺને કયામતના દિવસે શફાઅતની ઈજાઝત તથા શાન અતા ફર્માવશે તો આપનું સરે અન્વર જ્યારે આ નેઅમત પર શુક્ર અદા કરવા સજદામાં જશે તો સરકાર ﷺની ઝુલ્ફો પણ ઝુકી જશે, અને એમનું ઝુકવું બે કારણે હશે, એક તો શુક્રના સજદાના માટે અને બીજુ ગુનેહગારોને ઈશારો કરવાના માટે કે આવી જાવ સિયાહકારો ! શફાઅતનો દરવાજો ખુલી ગયો છે. .....*(ક્રમશઃ)* ❑❑❑

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. સુન્ની શેખ યુવતી** : ઉંમર : ૨૪ વરસ, ઊંચાઈ : ૫', વજન : **60 K.g.**, એજ્યુ. : ૧૦ પાસ, સંપર્ક નં. **Mob. : 09558307540** (નડિયાદ તરફ)

**૨. સુન્ની શેખ યુવતી** : ઉંમર : ૨૩ વરસ, ઊંચાઈ : ૫'.૩'', વજન : **56 K.g.**, એજ્યુ. : ૧૦ પાસ, સંપર્ક નં. **Mob. : 09558307540** (નડિયાદ તરફ)

**૩. સુન્ની ખાન યુવતી** : ઉંમર : ૨૭ વરસ, **PTC, B.Com.** જોબ : કલાસ ટીચર, પ્રાઈમરી સ્કૂલ, અમદાવાદ **Mob. : 09898223476** (અમદાવાદ તરફ)

**૪. સુન્ની ઘાંચી હાફિઝ યુવાન** : ઉંમર : ૨૮ વરસ, ઊંચાઈ : ૫'.૫'', અભ્યાસ : ધો ૫, જોબ : સવારે મદ્રસો પછી જનરલ સ્ટોર ચલાવવો, આવક : માસિક રૂા. દસ હજાર, પોતાનું મકાન (હાલોલ તરફ) **Mob. : 99781 75507**, દીનદાર યુવતી પસંદગીને પાત્ર.

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)-કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ કાદરી**

*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

### અલ્ ખબીર اَلْخَبِيرُ

### (ઇલ્મ તથા ખબર રાખવાવાળો)

**સમજૂતી** : તે ઝાત જેના માટે છુપી ખબરો પણ છુપાયેલ ન હોય તે અલીમની જેમ છે. પરંતુ અલીમની નિસ્બત જ્યારે બાતિની (અંદરના) મામલાઓની તરફ કરવામાં આવે છે તેને ખિબરહ કહે છે, અને જેની પાસે આ ખિબરહ હોય તેને ખબીર કહે છે. ખિબરહ કહે છે એટલે હકીકતે હાલથી વાકેફ હોવું

**દર્સ તથા સબક** : બંદા માટે આ મુબારક નામથી સબક એ છે કે તે પોતાના માહોલ, દિલી કૈફિયત તથા દિલથી કોન્ટેકટ રાખવાવાળી ગુપ્ત (છુપાયેલ) વસ્તુઓ જેમ કે નફસની ખયાનતના ધોકા વગેરેથી પૂરેપૂરો ખબરદાર રહે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામની ખાસિયત એ છે કે તેનો વઝીફો કરવાવાળો દરેક ચીજથી ખબરદાર થશે. જે શખ્સ સાત દિવસ સુધી **يَاخَبِيرُ "યા ખબીર"**નો વિર્દ કરશે તેની રૂહાનિયત એટલી વધી જશે કે તે વર્ષભરની ખબરો તથા બાદશાહોની ખબરોથી પણ વાકેફ થઈ જશે. જો કોઈ મોમિન કોઈ મૂઝી ઈન્સાન (તકલીફ દેનાર)ના કાબૂમાં હશે અને **يَاخَبِيرُ "યા ખબીર"**નો વિર્દ કરે તો આ વિર્દથી તેની હાલત સુધરશે.

### અલ્ હલીમ اَلْحَلِيمُ

### (વિનયી તથા સંયમી)

**સમજૂતી** : તે સંયમી જે નાફર્માનોના ગુનાહોને જુએ છે તો પણ તેનો જલાલ તથા ગઝબ ભડકતો નથી, અને તે તાકત તથા કુવ્વતવાળો હોવા છતાં બદલો લેતો નથી, એટલા માટે કે તે હલીમ છે.

**દર્સ તથા સબક** : આ નામ મુબારકથી બંદાનો શું ભાગ હોવો જોઈએ તે એકદમ જાહેર છે. બંદાના અખ્લાકમાં વિનયતા તથા સહનશીલતા સારી ખૂબીઓ છે, તેનાથી ખાસ તથા આમ દરેક સારી રીતે વાકેફ છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામની ખાસિયત એ છે 'હલીમ' માણસની સરદારી કાયમ તથા બાકી રાખે છે અને તેને સુકૂન મળે છે, સાથોસાથ તેની નીચેવાળાઓને પણ સુકૂન મળે છે. જો કોઈ હાકિમ **يَاحَلِيمُ યા હલીમ**નો વિર્દ કરશે તો તેને વર્ણન કરેલ મકસદ હાંસલ થશે. જો કોઈ માણસ કાગળ પર **يَاحَلِيمُ યા હલીમ** લખી પાણીથી ધોઈને કોઈ સારી ચીજ પર તે પાણી લગાડશે તો તેની બરકત જાહેર થશે, અને જો કશ્તી (વહાણ)માં આ અમલ કરવામાં આવે તો ડૂબવાથી મેહફૂઝ રહેશે. એ જ પ્રમાણે જો આ પાણી જાનવર પર છાંટવામાં આવે તો મેહફૂઝ રહેશે. અરબઈને ઈદરીસિયામાં શેખ સુહરવર્દી ફર્માવે છે કે **يَا حَلِيمُ ذَا الْأَنَاةِ فَلَا يُعَادِلُهُ شَيْءٌ مِنْ خَلْقِهِ યા હલીમુ ઝલ્અનાતિ ફલા યુઅદિલુહુ શયઉન્**

**મિન્ખલ્કિહિ.** નો જે વિર્દ કરશે તે મકબૂલ તથા ઈજ્જતવાળો થશે, અને તેનું દિલ એવું મજબૂત થશે કે જંગલી ફાડી ખાનાર જાનવરો પણ તેના પર કાબૂ હાંસલ નહીં કરી શકે.

અને જે શખ્સ બિહી (એક જાતના ખાટાં ફળ) પર તેને લખીને કોઈને ખવડાવશે તો તે તેનાથી મહોબ્બત કરવા લાગશે અને જે સફરજન પર લખી આ પ્રમાણે કરશે તેને પણ આ મક્સદ હાંસલ થશે.

## અલ્ અઝીમ اَلعَظِیمُ

## (ઘણી જ અઝમતવાળો)

**સમજૂતી** : એવી અઝમતવાળો કે બુધ્ધિ ખરેખર તેની હકીકતના ઊંડાણમાં ન પહોંચી શકે. એવો અઝીમ જે બુધ્ધિની તમામ હદોથી પણ વધીને હોય. અને આ ફક્ત અલ્લાહ તઆલાની શાન અઝીમ છે.

**દર્સ તથા સબક** : અંબિયાએ એઝામ તથા ઓલમાએ કિરામ જરૂર એવા અઝીમ હોય છે કે એક બુદ્ધિમાન જ્યારે તેમની અઝમતોથી વાકેફ થઈ જાય છે તો તેનું સીનું ખૌફો જલાલથી લબરેઝ તથા તેનુ દિલ વકારથી ભરાય જાય છે. આપણા આકા ﷺ પોતાની ઉમ્મતમાં અઝીમ છે, અને શયખ પોતાના મુરીદોમાં અઝીમ હોય છે અને ઉસ્તાઝ પોતાના શાર્ગિદોમાં અઝીમ હોય છે. અને યકીનન! સૈયદુલ અંબિયા ﷺની સિફતોની અઝમત સુધી આપણી બુદ્ધિ નથી પહોંચી શક્તી.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે ખૂબ જ અધિક પ્રમાણમાં یَاعَظِیمُ **'યા અઝીમ'**નો વિર્દ કરે છે તેને ઈજ્જત તથા વકાર પણ મળે છે. અને તે તમામ દર્દ તથા તકલીફથી શિફાયાબ થઈ જાય છે.

અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે :–

**يَا عَظِيمُ ذَا الثَّنَاءِ الفَاخِرِ وَالعِزِّ وَ المَجدِ**
**وَالكِبرِ يَاءِ فَلَا يُذَلُّ عِزُّهُ**

**'યા અઝીમુ ઝષ્ષનાઈ ફાખિરિ વઈઝ્ઝિ વલ્મજ્દિ વલ્કિબ્રિયાઈ ફલાયઝલ્લુ ઈઝ્ઝતુ'**ને જો કોઈ સુલ્તાન અથવા હાકિમથી ડર અનુભવતો હોય તે ઉપરોક્ત શબ્દો ૧૨ વાર પઢી પોતાની ઉપર ફૂંકી લેશે તો જરૂર તેને શાંતિ મળશે. વધારે ગુનાહો હોવાથી નાઉમ્મીદ થયેલ શખ્સ જો આ અમલ કરશે તો લુત્ફે રબ્બાની હાંસલ કરશે.

## અલ્ગફૂર اَلغَفُورُ

## (સૌથી વધારે બખ્શનાર)

**સમજૂતી** : આ નામ ગફફારના અર્થમાં છે. પણ ગફૂરમાં એક એવો અર્થ પણ છે જે ગફફારમાં નથી. ગફફારનો મતલબ એ છે કે વારંવાર મગફેરત ફર્માવે છે. ઈલ્મે સર્ફમાં આ અતિશયોક્તિદર્શક છે કે તે વારંવાર મગફેરત ફર્માવે છે. જ્યારે ગફૂર મગફેરતનો કમાલ, ઉમૂમ તથા ઉમદાપણાને બતાવે છે. આમ ગફૂરનો અર્થ એ થયો કે તેની મગફેરત મુકમ્મલ છે. આ પણ મુબાલેગાનો સેગો (અતિશયોક્તિ સૂચક) છે પણ આમાં મગફેરતની ખૂબી તથા કમાલમાં અતિરેક (મુબાલેગા) હેતુ છે.

**દર્સ તથા સબક** : આ સિફતે બારી તઆલાથી બંદાનો ભાગ એ છે કે તે પોતાના મુસ્લિમ ભાઈની એવી વાતો પર પર્દો રાખે છે કે તેના જેવી વાતોનું ખુદ પોતાના માટે ખુલવુ નાપસંદ હોય. પોતાના ભાઈની સારી વાતોને ફેલાવી બુરી વાતોને ત્યજી દઈ પર્દામાં રાખે અને તેની સાથે સદવર્તાવ કરે.

**ફાયદા તથા ખાસિયત** : દર્દ તથા તકલીફને દૂર કરી આપવી એની ખાસિયત છે. તાવમાં સપડાયેલ માણસ માટે یَاغَفُورُ **"યા ગફૂર"** ત્રણવાર સાફ પ્લેટમાં લખવામાં આવે અને એનું પાણી પીવડાવી દેવામાં આવે તો અલ્લાહના હુકમથી એનો તાવ ઉતરી જશે.

અમીરુલ મોમિનીન રઝિઅલ્લાહુ અન્હુ
# હઝરત અલી મુર્તઝા

**સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

**હપ્તો : ૩**

હઝરત અલી رضی اللہ عنہના આ વિસ્તારપૂર્વકના વર્ણન પરથી સ્પષ્ટ થઈ ગયું કે સરકારે અક્દસ ﷺએ પોતાના પછી તેમનું નામ ખિલાફતના માટે સૂચવ્યું ન હતું અને ન એમને આ પ્રકારનો કોઈ વાયદો કર્યો હતો, એટલા આપે ત્રણેવ ખલીફાઓની બયઅતથી ઈન્કાર નથી કર્યો અને ન તેમનો વિરોધ કર્યો બલ્કે દરેક રીતે તેમની મદદ કરી અને તેમના આપેલાનો સ્વીકાર કર્યો.

અસલમાં રાઝ એ છે કે જો હઝરત અલી رضی اللہ عنہ સરકારે અક્દસ ﷺની વફાત પછી સીધા જ ખલીફા ચૂંટાઈ આવત તો ત્રણેવ ખલીફાઓ મહબૂબે ખુદા ﷺની ખિલાફત તથા નાયબપણાની નેઅમતથી સરફરાઝ ન થાત. સૌ હઝરત અલી رضی اللہ عنہના ખિલાફતકાળમાં જ ઈન્તેક઼ાલ કરી જાત. જ્યારે કે અલ્લાહના ઈલ્મમાં એ મુક઼દ્દર થઈ ચૂક્યું હતું કે તેઓ ત્રણેવ હઝરાત પણ હુઝૂરના નાયબપણાથી સરફરાઝ થાય. તો ખુદા તઆલાએ સહાબાએ કિ઼રામનાં દિલોમાં એ વાત નાખી કે તે એ જ ક્રમ પ્રમાણે ખલીફાઓ પસંદ કરે કે જે ક્રમ પ્રમાણે તેઓ દુનિયાથી રુખસદ થવાના છે જેથી કરીને એમનામાંથી કોઈ હુઝૂરના નાયબપણાથી વંચિત ન રહે. (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ)

## ★ આપનો ઈલ્મ ★

હઝરત અલી رضی اللہ عنہના ઈલ્મના એતબારથી પણ ઉલમાએ સહાબામાં ઘણુ જ ઊંચુ સ્થાન ધરાવે છે. સરકારે અક્દસ ﷺની ઘણી બધી હદીષો આપના થકી રિવાયત પામી છે. આપના ફત્વા તથા ફૈંસલા ઈસ્લામી ઈલ્મોના અનમોલ ચમકતા નમૂના છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે અમે જ્યારે પણ આપનાથી કોઈ મસ્અલો પૂછયો તો હમેશાં દુરુસ્ત જ જવાબ પામ્યો. હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاના સમક્ષ જ્યારે હઝરત અલી رضی اللہ عنہનો ઉલ્લેખ થતો તો આપે ફર્માવ્યું કે અલીથી અધિક શરીઅતના મસાઈલનો જાણકાર કોઈ અન્ય નથી. અને હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે મદીના તયબહમાં ઈલ્મે ફરાઈઝ (વારસાના મસાઈલ) અને મુક઼દ્દમાઓના ફૈંસલા કરવામાં હઝરત અલી رضی اللہ عنہથી વધુ ઈલ્મ ધરાવનાર કોઈ બીજા ન હતો. અને હઝરત સઈદ બિન મુસૈયબ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺના સહાબીઓમાં હઝરત અલી رضی اللہ عنہ સિવાય કોઈ એવું કહેનાર ન હતો કે જે કાંઈ પૂછવું હોય તે મારાથી પૂછી લો. અને હઝરત સઈદ બિન મુસૈયબ رضی اللہ عنہથી એ પણ રિવાયત થયેલ છે કે જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہની ખિદમતમાં કોઈ  મુશ્કેલ કેસ રજૂ થતો અને હઝરત અલી رضی اللہ عنہ મૌજૂદ ન હોતા તો તો તે અલ્લાહ તઆલાની પનાહ માગ્યા કરતા હતા કે મુક઼દ્દમાનો ફૈંસલો ગલત ન થઈ જાય *(તારીખુલ ખુલફા)*

મશ્હૂર છે કે હઝરત ઉમર ફારૂકે઼ આ'ઝમ رضی اللہ عنہની સમક્ષ એક એવી ઔરત રજૂ કરવામાં આવી કે જેને ઝિનાનો ગર્ભ હતો. શરઈ સાબિતી પછી આપે એને સંગસાર કરવાનો હુકમ આપ્યો. હઝરત અલી رضی اللہ عنہએ યાદ અપાવ્યું કે  હુઝૂરે અકરમ ﷺનું ફર્માન છે કે સગર્ભા સ્ત્રીને બાળ જન્મ પછી સંગસાર કરવામાં આવે, એટલા માટે કે ઝિના કરનારી સ્ત્રી જો કે ગુનેહગાર હોય છે પણ એના પેટનું બાળક નિર્દોષ હોય છે. હઝરત અલી رضی اللہ عنہના યાદ

અપાવ્યા પછી હઝરત ઉમર رضی اللہ عنہએ પોતાના ફૈસલો પાછો ખેંચી લીધો અને ફર્માવ્યું, "જો અલી ન હોત તો ઉમર હલાક થઈ જાત. અલીની મૌજૂદગીએ ઉમરને હલાકતથી (બર્બાદીથી) બચાવ્યો". (رضی اللہ عنہما)

## ★ આપના ફૈસલાઓ ★

હઝરત અલી رضی اللہ عنہના ફૈસલા એવા અજીબો ગરીબ તથા સમયના અજોડ છે કે જેને વાંચીને મહાન મહાન બુધ્ધિશાળીઓ અને ડાહ્યા પુરૂષોની બુધ્ધિઓ આશ્ચર્ય ડૂબેલી છે. અને એ સરકારે અક્દસ ﷺના દસ્તે મુબારક અને એમની દુઆની બરકત છે. ખુદ હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે નબી કરીમ ﷺએ મને યમનની તરફ કાઝી બનાવીને મોકલવા ચાહ્યું તો મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું હજી બિન અનુભવી છું, મામલાઓ નિશ્ચિત કરવાનું નથી જાણતો અને આપ મને યમન મોકલો છો ?! આ સાંભળીને હુઝૂરે મારી છાતી પર હાથ માર્યો અને ફર્માવ્યું, "ઈલાહલ આલમીન ! એના દિલને રોશન ફર્માવી આપ ! અને એની ઝબાનમાં તાષીર અતા ફર્માવી દે." કસમ છે તે ઝાતની જે નાના બીજ વડે મોટુ ઝાડ પેદા કરે છે ! એ દુઆના પછી ફરી કદી મને કોઈ કેસના જજમેન્ટમાં કોઈ ખચકાટ ન રહ્યો, કોઈ શંકા કુશંકા વિના મેં દરેક કેસનું નિવારણ કર્યુ.

## ★ આકા તથા ગુલામ ★

હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہથી રિવાયત છે કે યમનના એક શખ્સે પોતાના ગુલામને પોતાના પુત્રની સાથે કૂફા મોકલ્યો. સંજોગોવસાત રસ્તામાં બંનેવે આપસમાં ઝઘડો કર્યો. પુત્રએ ગુલામને માર્યો અને ગુલામે એને ગાળો આપી. કૂફા પહોંચીને ગુલામે દાવો કર્યો કે આ છોકરો મારો ગુલામ છે, એને વેચવા ચાહ્યું. આ કેસ હઝરત અલી رضی اللہ عنہની અદાલતમાં પહોંચ્યો. આપે ખાદિમ કંબરને ફર્માવ્યું કે આ રૂમની દીવાલમાં બે મોટા કાણાં બનાવો અને એ બંનેવને કહો કે પોત પોતાનું માથું આ કારણોમાંથી બહાર કાઢે. જયારે હઝરત કંબર તલ્વાર લાવ્યા તો આપે ફર્માવ્યું, હે કંબર ! રસૂલુલ્લાહ ﷺની તલ્વાર લાવો. જયારે હઝરત કંબર તલ્વાર લાવ્યા તો આપે ફર્માવ્યું, જલ્દીથી ગુલામનું માથુ કાપી નાખો ! આટલુ સાંભળતાં જ ગુલામે તરત જ પોતાનું માથુ અંદર ખેંચી લીધું અને બીજો નવયુવાન પોતાની જે તે સ્થિતિમાં જ રહ્યો. આ પ્રમાણે આપની મેહફિલમાં વિના કોઈ ગવાહ કે ગવાહીએ ફૈસલો થઈ ગયો કે આકા કોણ છે અને ગુલામ કોણ છે ? આપે ગુલામને સજા આપી અને તેને યમન મોકલી આપ્યો. *(અશરાએ મુબશ્શિરહ)*

## ★ સગી મા કોણ ★

હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہથી રિવાયત છે કે એકવાર બે સ્ત્રીઓ એક છોકરા બાબતે ઝઘડતી ઝઘડતી હઝરત અલી رضی اللہ عنہની પાસે આવી. બંનેનું કહેવું હતું કે આ છોકરો મારો છે. આપે પ્રથમ તે બંનેવને ખૂબ જ સમજાવી પણ જયારે તેમની ધમાલ ચાલુ રહી તો આપે હુકમ આપ્યો કે કરવતી લાવો ! તેમણે પૂછયું કે કરવતી શા માટે મંગાવી રહ્યા છો ?! આપે ફર્માવ્યું કે આ છોકરાના બે ટુકડા કરીને બંનેવને અડધો અડધો આપીશ. તો સાચે જ એ છોકરાની મા હતી તે આ સાંભળીને બેકરાર થઈ ગઈ અને તેણીના ચહેરાથી ગમગીની જાહેર થઈ. તેણીએ ખૂબ જ આજિઝી સાથે અર્ઝ કરી, હે અમીરુલ મોમિનીન ! હું આ પુત્રને નથી લેવા ચાહતી, આ એ જ સ્ત્રીનો છે આપ એને જ આપી દો ! પણ ખુદાને વાસ્તે એને કત્લ ન કરો. આપે એ છોકરો એ જ બેકરાર સ્ત્રીને આપી દીધો અને જે સ્ત્રી ચૂપચાપ ઉભેલી રહી એને આપે ફર્માવ્યું કે તમને શરમ આવવી જોઈએ કે તમે મારી મેહફિલમાં જૂઠુ બયાન આપ્યું ! ત્યાં સુધી કે તે સ્ત્રીએ પોતાના જુર્મનો સ્વીકાર કરી લીધો. *(અશ્રાએ મુબશ્શિરહ)*

## ★ એક શખ્સની વસિય્યત ★

હઝરત ઝયદ બિન અરકમ رضی اللہ عنہથી રિવાયત છે કે એકવાર એક શખ્સે મૃત્યુ વેળા પોતાના એક દોસ્તને દસ હજાર દિરહમ આપ્યા અને વસિયત કરી

કે જ્યારે તમારી સાથે મારા પુત્રની મુલાકાત થાય તો એમાંથી જે તમે ચાહો તે અને આપી દેજો. સંજોગોવસાત 'અમુક દિવસો બાદ તેનો પુત્ર વતનમાં આવી ગયો. એ મોક઼ા પર હઝરત અલી رضی اللہ عنہ એ તે શખ્સને પૂછયું કે બતાવો ! તમે મર્હૂમના પુત્રને શું આપશો ? એણે કહ્યું, એક હજાર દિરહમ ! આપે ફર્માવ્યું કે હવે તમે એને નવ હજાર આપો, એટલા માટે કે જે તમે ઈચ્છયું તે નવ હજાર છે ! અને મર્હૂમે એવી વસિયત કરી છે કે જે તમે ચાહો તે એને આપી દેજો *(અશરાએ મુબશ્શિરા)*

## ★ સત્તર ઊંટો ★

હઝરત અલી رضی اللہ عنہ ની ખિદમતમાં ત્રણ શખ્સો આવ્યા. તેમની પાસે ૧૭ ઊંટો હતાં. એ લોકોએ આપને અર્ઝ કરી કે આ ઊંટોને આપ અમારી વચ્ચે વહેંચી આપ્યો. અમારામાં એક શખ્સ અડધાનો ભાગીદાર છે બીજો ત્રીજા ભાગનો હિસ્સેદાર છે અને ત્રીજો નવમા હિસ્સાનો. પણ શર્ત એ છે કે પૂરાં પૂરાં ઊંટ દરેક શખ્સને મળે, કાપીને ન વહેંચે અને ન કોઈની પાસેથી કાંઈ પૈસા અપાવવા.

મોટા મોટા દાનિશ્વરો જે આપની પાસે બેઠા હતા તેમણે આપસમાં કહ્યું કે એ કેવી રીતે થઈ શકે છે કે આખે આખાં ઊંટ દરેક શખ્સને મળે અને કાપવામાં ન આવે, ન કોઈનાથી અમુક રક઼મ અપાવવામાં આવે ! એટલા માટે કે જે શખ્સ અડધા ભાગનો હિસ્સેદાર છે અને સત્તરમાંથી સાડા આઠ મળશે અને જે શખ્સ ત્રીજા ભાગનો હક઼દાર છે તે ૫$^{૨/૩}$ જ ઊંટો પામશે. સત્તારમાંથી પૂરાં છ એને પણ નહીં મળે. અને જેને હિસ્સો નવમો છે તે સત્તરમાંથી બેથી કમ જ પામશે. જેથી એક બે નહીં બલ્કે ત્રણ ઊંટોને ઝબહ કર્યા વિના ૧૭ ઊંટોની બહેંચણી એ લોકો વચ્ચે હરગિઝ નથી થઈ શક્તી.

પણ કુર્બાન જાવ હઝરત અલી رضی اللہ عنہ ની બુધ્ધિ તથા શાણપણ પર અને તેમની નિર્ણય શક્તિ પર કે આપે નિઃસંકોચ તરત જ તેમનાં ઊંટોને એક લાઈનમાં ઉભાં કરાવી આપ્યાં અને પોતાના ખાદિમને ફર્માવ્યુ કે આપણુ એક ઊંટ આ લાઈનની છેવટમાં ઉભુ કરી આપો. જ્યારે આપના ઊંટને મિલાવીને કુલ ૧૮ ઊંટો થઈ ગયાં તો જે શખ્સ અડધાનો ભાગીદાર હતો તેને આપે અઢારમાંથી નવ આપ્યાં અને ત્રીજા ભાગવાળાને અઢારમાંથી છ આપ્યાં. પછી નવમા ભાગવાળા ભાગીદારને અઢારમાંથી બે આપ્યાં અને પોતાના ઊંટને ફરી પોતાની જગાએ પહોંચાડી આપ્યુ.

આ રીતે આપે ન તો કોઈ ઊંટ કાપ્યું અને ન તો કોઈને રોકડા રૂપિયા અપાવ્યા અને સત્તર ઊંટોને તેમની શરતના પ્રમાણે વહેંચી આપ્યાં જેના પર કોઈ શખ્સે કોઈ વાંધો ન ઉઠાવ્યો.

આપના આ ફૈસલાને જોઈને સર્વ હાજરજનો દંગ રહી ગયા અને સૌ એકી અવાજે બોલી ઉઠયા કે બેશક ! આપનો સીનો ફઝ્લો કમાલનો ખજાનો, હિકમત તથા અદાલતનો સફીનો અને ઈલ્મે નુબુવ્વતનો મદીના છે. (کرم اللہ تعالیٰ وجہہ الکریم)

## ★ આઠ રોટીઓ ★

બે માણસો એક સાથે સફરમાં ખાણુ ખાવા માટે બેઠા એમાંથી એકની પાંચ રોટલીઓ હતી અને બીજાની ત્રણ હતી. એટલામાં એક શખ્સ એ બાજુ થઈને પસાર થયો તેણે એ બંનેવને સલામ કરી. તેમણે એને પણ પોતાની સાથે ખાવા માટે બેસાડયો અને ત્રણેવે મળીને તે સર્વ રોટલીઓ ખાધી. ખાણાથી ફારિગ થઈને એ ત્રીજા શખ્સે આઠ દિરહમ આપ્યા અને કહ્યું, આપસમાં વહેંચી લેજો. જ્યારે તે શખ્સ ચાલ્યો ગયો તો પાંચ રોટલીઓવાળાએ કહ્યું, હું પાંચ દિરહમ લઈશ કેમ કે મારી પાંચ રોટલીઓ હતી, અને તમે ત્રણ દિરહમ લો કે તમારી ત્રણ જ રોટલીઓ હતી. ત્રણ રોટલીઓવાળાએ કહ્યું કે નહીં ! બલ્કે અડધા દિરહમ મારા છે અને અડધા તમારા, એટલા માટે કે આપણે બંનેવે ભેગા મળીને રોટલીઓ ખાધી છે, જેથી બંનેવનો હિસ્સો સરખે સરખો ચાર ચાર દિરહમ થશે. જ્યારે બંનેવમાં મામલો નિશ્ચિત ન થયો તો એ ઝઘડાનો ફૈંસલો વધુ પેજ નં. ૨૭....પર

# ત્રણ તલાક઼નો શરઈ હુકમ

અઝ : મુહક્કિક઼ે અસ્ર મુફ્તી નિઝામુદ્દીન રઝવી (મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

હપ્તો :૨

## એક બેઠકમાં ત્રણ તલાક઼ોનો શરઈ હુકમ કુર્આન હદીષની રોશનીમાં

**૧.** શું મુસ્લિમ પર્સનલ લો બોર્ડનું એક મજલિસમાં ત્રણ તલાક઼ને ખત્મ કરવું અથવા તેમાં ફેરફાર કરવો શરીઅતની રોશનીમાં સહીહ છે ?

**૨.** શું શરઈ બાબતો તથા મામલાઓના નિકાલ માટે તથા એના હલમાં આપ મુસ્લિમ પર્સનલ લો બોર્ડને પોતાની તથા પોતાના મસ્લકની પ્રતિનિધિત્વવાળી સંસ્થા માનો છો ?

**૩.** આપની રાયમાં ક઼ોમને ત્રણ તલાક઼થી દૂર રાખવા માટે શું કરવું જોઈએ ?

**૪.** ગૈર આલિમની શરીઅતની બાબતો સંબંધે લખિત કે મૌખિક દખલગીરીને આપ ઈસ્લામી શરીઅત માટે કેટલુ ફાયદાકારક તથા કેટલુ નુકસાનકર્તા સમજો છો ? કેમ કે તલાક઼ના મસ્અલા પર સામાન્ય લોકો પોતાની દિમાગી કક્ષાના હિસાબથી મંતવ્યો પેશ કરવામાં જોશો ખરોશનું પ્રદર્શન કરી રહ્યા છે.

– પ્રશ્નકર્તા : **ખુશ્તર નૂરાની અલીગ**
*(ચીફ એડિટર, જામે નૂર– દિલ્હી)*

**અલ્જવાબ** : એક બેઠકમાં ત્રણ તલાક઼ો ત્રણ છે. એ કુર્આને પાકની આયતોથી પણ સાબિત છે, અને સહીહ હદીષો તથા આષારે સહાબાથી પણ એના પર ઉમ્મતનો ઈજમાઅ છે. ખલીફતુલ મુસ્લિમીન હઝરત સૈયદના ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہના જમાનામાં જ એના પર સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَનો ઈજમાઅ ક઼ાયમ થઈ ગયો હતો. યાદ રાખશો કે હક઼્ક઼ હવે ચાર મઝહબો હનફી, શાફઈ, માલિકી, હંબલીમાં સીમિત થયેલ છે. અને **ચારેવ મઝહબનો ત્રણ તલાક઼ લાગુ થવા સંબંધે ઈજમાઅ છે.**

(૧) કુર્આન શરીફ સૂરએ બક઼રહ, આયત, ૨૨૯માં છે :

**اَلطَّلَاقُ مَرَّتٰنِ فَاِمْسَاكٌ بِمَعْرُوْفٍ اَوْتَسْرِیْحٌ بِاِحْسَانٍ**

"તલાક઼ બે વાર છે, પછી ભલાઈની સાથે રોકી લેવું છે અથવા ભલાઈની સાથે છોડી આપવું." આ જ વર્ણનના ક્રમમાં આયત નં. ૨૩માં છે :–

**فَاِنْ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ مِنْ بَعْدُ حَتّٰی تَنْكِحَ زَوْجًا غَیْرَهٗ**

"પછી જો પતિએ ત્રીજી તલાક઼ આપી દીધી તો તે હલાલ થશે નહીં ત્યાં સુધી કે બીજા પતિ સાથે નિકાહ કરી લે."

આ આયતોમાં બે પ્રકારની તલાક઼નું વર્ણન છે : એક એ તલાક઼નું જેના પછી પતિને રજઅત (પાછી લેવાનો) અધિકાર બાકી નથી રહેતો. એનું વર્ણન તે પછીની આયતમાં છે. અને આ આયતો મુત્લક઼ (બિનશર્તી) છે, એમાં એક મજલિસની શરત કે પાબંદી નથી. જેનો ઉઘાડો અર્થ એ છે કે પતિ એક બેઠકમાં એ તલાક઼ો આપે અથવા કેટલીયે

طَلَّقَنِیْ زَوْجِی ثَلٰثاً وَهُو خارِجٌ الی الیمن فاجاز ذٰلك رسوُ الله صلی الله علیه وسلم

"મને મારા પતિએ ઘરેથી યમન જતી વેળા ત્રણ તલાક઼ આપી દીધી, તો રસૂલુલ્લાહ ﷺએ ત્રણેવ તલાક઼ો લાગુ કરી આપી."

સહીહ મુસ્લિમ શરીફ પેજ ૪૮૪/૪૮૫ ભાગ–૧માં આ હદીષની વિવિધ રિવાયતો ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہએ એકત્ર કરી છે અને સૌનો સાર એ જ છે કે ફાતિમા બિન્તે ક઼ૈસના પતિ અબૂ અમ્ર બિન હફસ બિન મુગીરાએ યમનના માટે ઘરેથી નીકળતી વખતે ત્રણ તલાક઼ો આપી દીધી, તો રસૂલુલ્લાહ ﷺએ ત્રણે તલાક઼ો લાગુ કરી આપી.

આ હદીષોના શબ્દો એકવાર ફરીથી ધ્યાનપૂર્વક વાંચી લો કે હઝરત અબૂ અમ્ર બિન હફસ رضی اللہ عنہએ **યમનના માટે ઘરેથી નીકળતી વખતે ત્રણ તલાક઼ો તેમણે ત્રણ બેઠકોમાં નથી આપી બલ્કે એક જ બેઠકમાં આપી હતી, જેને હુઝૂર ﷺની અદાલતે આલિયાથી લાગુ કરી દેવામાં આવી.** આ પ્રકારની વિવિધ હદીષો તથા આષારે સહાબા ફત્હુલ ક઼દીર, પેજ ૩૨૯,૩૩૦,૩૩૧ ભાગ–૩ તેમજ અન્ય વિશ્વસનીય કિતાબોમાં છે.

(૩) **એક બેઠકમાં ત્રણ તલાક઼ોના ત્રણ હોવા પર સહાબાએ કિ઼રામ** رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ**નો "ઈજમાઅ" છે,** સવાદે આ'ઝમે ઉમ્મતનો એ જ મઝહબ છે. ફત્હુલ ક઼દીરમાં છે : فاجما عهم ظاهر "એના પર સહાબાનો ઈજમાઅ જાહેર છે." *(ભાગ–૩, પેજ–૩૩૩)*

ઈમામ અબૂબક્ર જસાસ રાઝી પોતાની મશહૂર તફસીર 'એહકામુલ કુર્આન'માં લખે છે : **فالکتاب والسنة واجماع السلف توجب ایقاع الثلث معا وان کانت معصیه**

બેઠકોમાં, ગમે તેમ પણ ત્રણ તલાક઼ો લાગુ થઈ જશે. કુર્આન શરીફમાં આ પ્રકારની ઘણી બધી આયતો છે જે મુત્લક઼ (બિનશર્તી) છે અને ઉમ્મતે કદી એને એક મજલિસની ક઼ૈદથી સીમિત નથી કરી. દા.ત. રબ તઆલાનો ઈર્શાદ છે : **اٰتو االزکوٰۃ** "ઝકાત આપો."

**صَلُّوا علیه وسَلِّمُوا تسلیمًا** "રસૂલ પર સલાતો સલામ મોકલો." **اِتَّقُوا الله** "અલ્લાહથી ડરો !"

اِنْ كُنْتُمْ فِىْ رَيْبٍ مِّمَّا نَزَّلْنَا عَلٰى عَبْدِنَا فَأْتُوا بِسُوْرَةٍ مِّنْ مِّنْ مِّثْلِهٖ

"અમે અમારા બંદા પર કુર્આન નાઝિલ કર્યું, એમાં જો તમને શંકા છે તો એના જેવી સૂરત લાવો !" **اُدْعُوا رَبَّكُمْ تَضَرُّعاً وَّ خُفْيَةً** "પોતાના રબથી દુઆ કરો ગિર્યાઓ ઝારી (રૂદન આજીજી) સાથે અને ચૂપકેથી." **لَا تَأْكُلُوٓا اَمْوَالَكُمْ بَيْنَكُمْ بِالْبَاطِلِ** "પોતાના માલો આપસમાં નાહક્ક઼ ન ખાવ." આ અને એના જેવી ઘણી બધી આયતોનો હુકમો તથા પ્રતિબંધો કોઈ એક મજલિસ સાથે ખાસ નથી, બલ્કે એક મજલિસમાં હોય અથવા વિવિધ મજલિસોમાં, ગમે તે રીતે અલ્લાહ વ રસૂલ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَનું ફર્માન જારી થશે. એને દરેક તે શખ્સ માને છે જેની પાસે કાંઈ પણ સદ્‌બુધ્ધિ હોય. એ જ સ્થિતિ શરૂમાં વર્ણવી તે આયતોની છે.

(૨) મશહૂર મુહદ્દિષ ઈમામ ઈબ્ને માજહએ સિહાહ સિત્તહની મહત્વની કિતાબ 'સુનને ઈબ્ને માજહ'માં આ હેડિંગ હેઠળ લખાણ કર્યું છે : بَابُ مَن طَلَّقَ ثَلٰثاً فِی مَجْلِسٍ وَّاحِدٍا "એક મજલિસમાં ત્રણ તલાક઼નુ બયાન" પછી એની હેઠળ આ હદીષે રસૂલ નક઼લ કરી છે કે હઝરત આમિર શઅબી رضی اللہ عنہએ હઝરત ફાતિમા બિન્તે ક઼ૈસથી તેમની તલાક઼ના પ્રસંગ વિશે પૂછ્યું તો તેમણે ફર્માવ્યું :–

**''કિતાબુલ્લાહ, સુન્નતે રસૂલુલ્લાહ, સલફના ઈજમાઅથી સાબિત થાય છે કે એક સાથે ત્રણ તલાક઼ો અનિવાર્યપણે ત્રણ લાગુ થાય છે, ભલે એ ગુનોહ છે''.** *(પેજ–૩૩૮)*

સાવી શરીફમાં ભાગ–૧, પેજ–૧૦૭માં છે : **هذا هو المجمع عليه** ''એટલે કે એના પર ઈજમાઅ છે. ''

મુક઼દ્દમાતે ઈબ્ને રુશદમાં છે :–

**وهو مذهب جميع الفقهاء وعامة العلماء ولا يشذ فى ذٰلك عنهم الا من لا يعتد بخلافه منهم..اه**

''તમામ ફક઼ીહો તથા ઉલમાનો મઝહબ એ જ છે કે અને એમનાથી એ જ શખ્સ અલગ છે જેની કોઈ હૈસિયત નથી'' *(પેજ–૭૭, ભાગ–૪૨, અલ્મદૂના)*

કિતાબ તથા સુન્નત અને ઉમ્મતના ઈજમાઅની વિરૂધ્ધ બે રિવાયતોથી એવું જાહેર થાય છે કે એક બેઠકમાં ત્રણ તલાક઼ો ત્રણ ન થશે, પણ એમાંથી એક રિવાયત ઝઈફ તથા મુન્કર છે એટલા માટે દલીલને પાત્ર નથી અને કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલુલ્લાહની વિરૂધ્ધ હોવાથી મતરૂક છે.

**બીજી હદીષ :** હઝરત સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત થયેલ છે કે જ્યારે ખૂદ આપે ઘણા ફત્વા એનાથી વિરૂધ્ધ જાહેર કર્યા, વળી તે હદીષ એવી પત્નીના બારામાં છે **જે પોતાના પતિની સાથે કોઈ સ્થળમાં કદી ભેગી નથી થઈ, જેને ફિક઼હની બોલીમાં ''ગેર મદખૂલા'' કહે છે. અને એવી પત્નીને જો કોઈ શખ્સ ત્રણ વાક્યોમાં વારાફરતી તલાક઼ આપે તો તે એક જ પડે છે, કેમ કે એક તલાક઼ના કારણે તેણી નિકાહથી નીકળી જાય છે, પછી તલાક઼ નો અવકાશ જ નથી રહેતો ! એટલા માટે બાદની બે તલાક઼ો બેકાર તથા નિરર્થક થઈ જાય છે.** ગૈર મુકલ્લિદોને એનાથી ગલતફહમી થઈ ગઈ અને એનાથી એ ઈજતેહાદ કરી લીધો કે તે હુકમ મદખૂલા તથા ગૈર મદખૂલા સૌના માટે.

## ★ સવાલોના મુદ્દાસર જવાબો ★

(૧) એ શરીઅતની રોશનીમાં સહીહ નથી, બલ્કે ગલત તથા બાતિલ છે. કેમ કે કુર્આન મુક઼દ્દસ, નબવી હદીષો તથા સહાબા તેમજ ચારેવ ઈમામોના તેમજ ઉમ્મતના સવાદે આ'ઝમના ઈજમાઅ (એકમતિ)ની વિરૂધ્ધ અને તેમનાથી ઉઘાડી બગાવત છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

(૨) કદાપિ નહીં ! આજે એ લોકો ગૈર મુકલ્લિદોના પ્રેશરમાં આવીને ત્રણ તલાક઼ોને એક ઠરાવી દેવા ચાહે છે, કાલે ઈમામિયાના દબાવમાં આવીને ડાયરેક્ટ જ એવું એલાન કરી શકે છે કે એક પણ તલાક઼ લાગુ થશે નહીં ! તેઓ મઝહબથી આઝાદ થઈને કોઈ પણ રંગમાં રંગી શકે છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

(૩) લોકો જાત જાતના ગુનાહો કરતા રહે છે, દા.ત. નમાઝ નથી પઢતા, રોઝા નથી રાખતા, ઝકાત નથી આપતા, જૂઠુ બોલે છે, ચુગલી ખાય છે, દાઢી મૂંડાવે છે અને ધોકો આપે છે. આ અને આ પ્રકારના ગુનાહોથી દૂર રાખવા માટે પૂરી મિલ્લત જે કાંઈ કરી રહી છે તે સર્વને માલૂમ છે. તેવું જ અહીં પણ કરવું જોઈએ. હા ! એ તદબીર જરૂર અપનાવવી ન જોઈએ કે એક મજલિસના એક બેઠકના કેટલાયે ગુનાહોને એક જ ગુનોહ માની લેવો, અથવા ડાયરેક્ટ ગુનોહ જ ન માનીએ, અને એ સુભ્રમમાં સપડાયેલા રહીએ કે આ રીતે લોકો ગુનાહથી મેહફૂઝ થઈ જશે, જેમ કે એક બેઠકમાં ત્રણ તલાક઼ના મસ્અલામાં ગૈર મુક઼લ્લિદો તથા ઈમામિયા એ એ જ રાવિશ અપનાવી છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

(૪) એને અમો એટલા જ નુકસાનકારક સમજીએ જેટલા ''બનાવટી'' ડોકટરોના મેજર ઓપરેશનને આખુ જગત સમજે છે, બલ્કે ઘણી

બાબતોમાં એનાથી પણ વધુ. અલ્લાહ બેહતર જાણનાર છે.

*લખનાર : (મુફ્તી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી, ખાદિમુલ ઈફ્તા દારુલ ઉલૂમ અશ્રફિયહ–મુબારકપુર*

### ★ સઊદઆલમ–સીતામઢી, બિહારનો પ્રશ્ન ★

(૧) તલાક઼ આપવાનો સુન્નત મુજબનો (મસ્નૂન) તરીક઼ો શું છે ?

(૨) અખંડ ભારતમાં તલાક઼ પામેલી સ્ત્રીના હલાલાનો જે તરીક઼ો પ્રચલિત છે એટલે ઝયદે પોતાની પત્નીને તલાક઼ે મુગલ્લઝા આપી અને ઈદ્દત પસાર થયા પછી ખાલિદને કહ્યું કે તમે આ સ્ત્રી સાથે નિકાહ કરી લો પછી ત્રણ દિવસ પછી તલાક઼ આપી દેજો, ઈદ્દત પસાર થયા પછી હું તેણી સાથે નિકાહ કરી (લઈશ). શું આવું જાઈઝ છે ? જયારે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, **لعن الله المحلِّل والمحلَّل لهٗ** બીજી જગાએ હલાલો કરનારના વિશે ફર્માવ્યું : **انه تیس مستعار**

(૩) શું આ રીતનો હલાલો ઝિના ન થયો ? જો થયો તો હલાલો કરનાર અને કરાવનાર તેમજ નિકાહ પઢાવનાર ક઼ાઝી પર ઝિનાની હદ (શિક્ષા) લાગવી જોઈએ કે નહીં ?

**અલ્જવાબ** : તલાક઼ના બે મસ્નૂન તરીકા છે : એક તો એ કે પતિ પોતાની પત્નીને એક તલાક઼ એવા પાકીના સમયમાં આપે જેમાં એની સાથે સંભોગ ન કર્યો હોય, પછી તેણીને છોડી આપે ત્યાં સુધી કે તેની ઈદ્દત પૂરી થઈ જાય. આ ''તલાક઼ે અહસન'' કહેવાય છે.

બીજો તરીક઼ો એ છે કે પોતાની પત્નીને ત્રણ એવા પાકીના સમયોમાં જેમાં તેણી સાથે સંભોગ ન કર્યો હોય, એ રીતે તલાક઼ આપે કે દરેક પાકીના સમયમાં એક તલાક઼ લાગુ થાય એને ''તલાક઼ે હસન'' કહે છે. ફતાવા હિંદિયામાં છે :–

**اما طلاق السُّنی فی العدد والوقت فنوعان حسن واحسن فلا لاحسنُ ان یطلق امرأته واحدة فی طهر لم یجا معها فیه ثم یترکها حتٰی تنقضی عدتها او کانت حاملا قد استبان حملها والحسنُ ان یطلقها واحدة فی طهر لم یجامعها فیه ثم فی طهر اخر اخریٰ، ثم فی طهر اخر اخریٰ کذا فی محیط السرخسی۔۔۔اه۔**

*(કિતાબુત્તલાક઼ ૧/૩૪૮)* અલ્લાહ બેહતર જાણનાર છે.

(૨) ગૈર મુક઼લ્લિદ હદીષ પઢે છે, સમજતા નથી ! જો હદીષ **لَعَنَ اللّٰهُ الْمُحِلِّلَ الخ** એટલા પ્રમાણમાં આમ છે તો હલાલો મુદ્લે હરામ હોવા જોઈતો હતો, જ્યારે કે કુર્આન તથા હદીષથી એની ઈજાઝત સાબિત છે.

કુર્આન શરીફમાં છે :–

**فَاِنۡ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ، مِنۢ بَعۡدُ حَتّٰی تَنۡكِحَ زَوۡجًا غَيۡرَه**

''પછી જો પતિએ પત્નીને ત્રીજી તલાક઼ આપી દીધી તો હવે તે સ્ત્રી એના માટે હલાલ થશે નહીં, જ્યાં સુધી બીજા પતિની પાસે ન રહે. હદીષમાં છે :–

ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે કે હઝરત રિફાઆ કરઝીએ એક સ્ત્રી સાથે (જેનું નામ તમૈમા હતું) નિકાહ કર્યો, પછી તેણીને તલાક઼ આપી દીધી. તો તેણે એક અન્ય સહાબી (હઝરત અબ્દુર્રહમાન બિન ઝુબૈર رضی اللہ عنہ) સાથે નિકાહ કરી લીધા. પછી તે સ્ત્રી નબી કરીમ ﷺની બારગાહમાં હાજર થઈ અને અર્ઝ કરી કે તેના પતિ તેની પાસે નથી આવતા, તે સંભોગથી લાચાર છે. તો હુઝૂર સૈયદે આલમ ﷺએ પૂછયું, શું તમે ફરી રિફાઆના નિકાહમાં

આવવા ચાહો છો ? તેણીએ અર્ઝ કરી, હા ! *(નૂરુલ અન્વાર, પેજ–૨૪)*તો હુઝૂર ﷺએ ફર્માવ્યું : **لا حتّٰی تَذُوْقِی عُسَیْلَتَه، وَیَذُوْقُ عُسَیْلَتَكِ** એવું હલાલ નથી જ્યાં સુધી કે તમે એ (અબ્દુર્રહમાન)થી સંભોગની લિજ્જત ન હાંસલ કરી લો, અને તે તમારાથી *(સહીહ બુખારી શરીફ પેજ–૮૦૧, ભાગ–૧,* **بابّ اِذَا طلّقَها ثَلٰثاً ثُمَّ تَزَوَّجت بعد العدة زَوْ جاً غَیْره***)*

હવે જરૂરી છે કે બંને હદીષોમાં વર્ણીકરણ કરવામાં આવે. એટલા માટે અઈમ્માએ કિરામ (ઈમામો) એ ફર્માવ્યું કે હદીષ શરીફમાં લઅનત એ સ્થિતિ પર આધારિત છે જ્યારે કોઈ મજૂરી (વળતર) લઈને હલાલો કરે અથવા હલાલાની શરત નિકાહ કરવામાં લગાડે, દા.ત. કહે કે **تَزَوَّجتُكِ عَلیٰ اَنْ اُحَلِّلَكِ** ''હું તારી સાથે હલાલાની શર્ત પર નિકાહ કરું છું'' પરંતું ન જો મજૂરીની વાત હોય અને ન તો આવી શર્ત હોય તો જાઈઝ છે. જેવું પ્રથમ હદીષથી સાબિત છે.

દુર્રે મુખ્તારમાં છે :–

**(وکره) التزوج للثانی (تحریما) لحدیث ''لُعِنَ المُحَلِّمُ للأول) لصحة النکاح و بطلان الشرط فلا یجبر علیٰ الطلاق کما حقّقه، الکمال خلافا لما۔ زعمه البزی۔۔۔اه**

(પેજ–૪૭, ભાગ–૫) અને અમુક લીટીઓ આગળ છે :–

**(اما اضمر ذٰلِكَ لا) کیره (وکان) لرجل (ماجورا القصد الا صِلاح و تویلُ اللعن اذا شرط الاجزا)۔۔۔اه**

*(પેજ–૪૮, ભાગ–૫)* વલ્લાહુ તઆલા અઅ્લમ.

***લખનાર*** *: (મુફતી) મુહમ્મદ નિઝામુદ્દીન*

*ખાદિમુલ ઈફતા દારુલ ઉલૂમ અશ્રફિયહ*
*મિસ્બાહુલ ઉલૂમ, મુબારકપુર, જિ. આઝમગઢ*

પેજ નં. **૨૨**નું ચાલુ...

કરાવવાના માટે બંને હઝરત અલી رضی اللہ عنہના દરબારમાં પહોંચ્યા. આપે આખો બનાવ સાંભળ્યા બાદ ત્રણ રોટલીવાળાને ફર્માવ્યું કે તમારો સાથી જે ત્રણ દિરહમ આપે છે તેને લઈ લો, એટલા માટે કે તમારી રોટલીઓ ઓછી હતી. ત્રણ રોટલીવાળાએ કહ્યું કે હું આ ગેર વ્યાજબી ફેંસલા પર રાજી નથી ! આપે ફર્માવ્યું, આ ગૈર વ્યાજબી ફેંસલો નથી ! હિસાબથી તો તારો એક જ દિરહમ બને છે. તેણે કહ્યું, આપ હિસાબ અમને સમજાવી દો તો હું એક જ દિરહમ લઈ લઈશ.

હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, કાન ખોલીને સાંભળો ! તમારી ત્રણ રોટલીઓ હતી અને તેની પાંચ, કુલ આઠ રોટલીઓ થઈ. અને ખાનારા કુલ ત્રણ જણ હતા. તો એ આઠ રોટલીઓના ત્રણ ત્રણ ટુકડા કરો તો ૨૪ ટુકડા થશે. હવે એ ૨૪ ટુકડાઓને ત્રણ ખાનારાઓ વચ્ચે વહેંચો તો દરેકના ભાગે આઠ આઠ ટુકડા આવશે. એટલે કે આઠ ટુકડા તમે ખાધા, આઠ ટુકડા તમારા સાથીએ અને આઠ ટુકડા એ ત્રીજા શખ્સે ખાધા. હવે ધ્યાનપૂર્વક સાંભળો ! ત્રણ રોટલીઓના ત્રણ ટુકડા કરીએ તો નવ ટુકડા બનશે અને તમારા સાથીની પાંચ રોટલીઓના ત્રણ ટુકડા કરીએ તો પંદર ટુકડા થશે. તો તમે તમારા ટુકડાઓમાંથી આઠ ટુકડા પોતે ખાધા અને તમારો કેવળ એક ટુકડો બચ્યો જે આ ત્રીજા શખ્સે ખાધો. જેથી તમારો કેવળ એક દિરહમ થયો અને તમારા સાથીના પંદર ટુકડામાંથી આઠ પોતે ખાધા જેથી સાત દિરહમ એના થયા. આ ફેસલો સાંભળીને ત્રણ રોટલીઓવાળો આશ્ચર્યમાં ડૂબી ગયો, અને મજબૂરન તેણે એક જ દિરહમ લેવો પડયો, અને દિલમાં કહેવા લાગ્યો કે જો મેં ત્રણ દિરહમ લઈ લીધા હોત તો સારું થાત ! ........*(ક્રમશઃ)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો**

# દીકરી અને જન્નત

રજૂકર્તા : **મૌલાના અલ્તાફહુસૈન મિસ્બાહી કુરચનવી**
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

***વર્તમાન સમયમાં "બેટી બચાઓ ઝુંબેશ !" ગવર્નમેન્ટ થકી તેમજ વિવિધ સંસ્થાઓ થકી ચલાવવામાં આવે છે, દીવાલો પર એના વિશે સૂત્રો લખી પબ્લિકને એના માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. પણ આજથી ૧૪૫૦ વરસો પહેલાં ઈસ્લામે દીકરી બચાવવા તથા તેની કદર કરવાની શું તા'લીમ આપી છે તેને વાંચો અને સબક હાંસલ કરો.*** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

સ્ત્રીના હક્કોનું લખાણ હવે કોઈ અપરિચિત વસ્તુ નથી, બીજા વિશ્વ વિજયી મસાઈલની સાથે એણે પણ ઓળખાણ હાંસલ કરી લીધી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ હોય અથવા કોઈ દેશની એસેમ્બલી, કોઈ વૈશ્વિક વર્તમાન પત્ર હોય અથવા કોઈ ધાર્મિક મેગેઝિન કે કોઈ રાજકારણીય પાર્ટી હોય અથવા મઝહબી તન્ઝીમ (ધાર્મિક સંસ્થા) હોય, આ મસ્અલો રંગ બદલીને લોકોની દ્રષ્ટિનું કેન્દ્ર બનતો રહોય અથવાહ્યો છે. વાત જો ગૈરમુસ્લિમોની હોત તો અમુક હદ સુધી સહનશીલતાના લાયક હતી પણ વહેતી ગંગામાં હાથ ધોવા માટે મુસલમાન પણ કોઈની પાછળ નથી. કારણ કે એમાં કોઈ શંકા નથી કે સ્ત્રીઓના હક્કોને જેટલુ મહત્વ ઈસ્લામ ધર્મએ આપ્યુ છે એવું બીજા કોઈ ધર્મમાં દૂર દૂર સુધી એનું ઉદાહરણ નથી મળી શક્તું

સંબંધોના શિસ્તથી એક સ્ત્રીના ચાર રૂપ હોય છે : (૧) મા (૨) બહેન (૩) બેટી અને (૪) પત્ની. ઈસ્લામે સ્ત્રીને દરેક રૂપમાં ઈજ્જતથી શણગારેલી છે. સ્ત્રી જો માના રૂપમાં હોય તો ઈસ્લામે જન્નતને એના કદમોમાં મૂકેલી છે, એટલે માને રાજી રાખવું એ જન્નતમાં દાખલ થવાનું કારણ છે. રસૂલે કરીમ ﷺ ઈર્શાદ ફર્માવે છે: જન્નત માના કદમોમાં છે. *(જમ્ઉલ જવામેઅ, ભાગ–૪, પેજ–૧૮૫, હદીષ–૧૧૧૨૨)*

સ્ત્રી જો બહેનના રૂપમાં હોય તો ઈસ્લામે એની સારી રીતે પરવરિશ કરવા પર જન્નતી ખુશખબરી આપી છે. હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : જેની ત્રણ અથવા બે બહેનો હોય અને તે એમની સારી રીતે પરવરિશ કરે અને એમના મામલામાં અલ્લાહથી ડરતો રહે તો એના માટે જન્નત છે. *(સુનને તિર્મિઝી, ભાગ–૩, પે. ૩૬૭, હદીષ–૧૯૨૩)*

સ્ત્રી જો પુત્રીના રૂપમાં હોય તો ઈસ્લામે એના પર રહમ કરવા અને એની દેખરેખ રાખવા પર જન્નતની ખુશખબરી આપી છે. નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : જે બેટીઓ પર રહમ કરે અને એમની દેખરેખ રાખે તો એના પર જન્નત વાજિબ થઈ જાય છે. *(મજમઉઝ્ ઝવાઈદ, ભાગ–૮, પેજ–૮૭, હદીષ–૧૩૪૯૧)*

સ્ત્રી જો પત્નીના રૂપમાં હોય તો ઈસ્લામે એની સાથે સારો વર્તાવ કરવાને શ્રેષ્ઠ અખ્લાકનું નામ આપ્યુ છે અને સારા અખ્લાકવાળા પર આગ હરામ છે. હુઝૂર ﷺનું ફર્માન છે : તમારામાંથી શ્રેષ્ઠ અખ્લાકવાળો એ છે જે પોતાની પત્નીથી સારા અખ્લાક સાથે વર્તન કરે. *(કન્ઝુલ ઉમ્માલ, પેજ–૧૫૫, હદીષ : ૪૪૯૩૩)*

અને જયારે હુઝૂર ﷺને પૂછવામાં આવ્યું,

વધારે લોકો કઈ વસ્તુના કારણે જન્નતમાં દાખલ થશે ? તો આપે ઈર્શાદ ફર્માવ્યો, શ્રેષ્ઠ (સારા) અખ્લાક્ના કારણે. *(મુસ્નદે અહમદ, ભાગ–૧૩, પેજ–૨૮૭, હદીષ–૭૯૦૭)*

સુબ્હાનલ્લાહ ! ઈસ્લામ ધર્મએ સ્ત્રીને કેવી ઈજ્જત અને દરજ્જો આપ્યો છે કે તે ગમે તે રૂપમાં હોય પુરુષ માટે જન્નત હાંસલ કરવાનો ઝરિયો છે. સ્ત્રી દરેક હેષિયતના પહેલાં એ એક હોય છે, અને આ જ બેટી આગળ વધીને પત્ની અને મા બને છે. કેમ કે સ્ત્રી સૌથી પહેલાં બેટી હોય છે એટલા અહિંયાં અમે બેટીની મહત્વતા અને એની દેખરેખ તથા ઉછેરના વિશે અમુક વાતો રજૂ છીએ.

પુત્રીઓને ઈસ્લામ ધર્મમાં ''અલ્લાહની રહમત'' કહેવામાં આવી છે. ઈસ્લામથી પહેલાં છોકરીની પેદાઈશ પર લોકો શરમ તથા નાનમ સમજતા હતા. અને એ નાનમને નાબૂદ કરવા માટે અમુક લોકો અલ્અયાઝુબિલ્લાહ ! પોતાની લખ્તે જિગરને પોતાના હાથો વડે જ જીવતી દફન કરી દેતા હતા ! કુર્આને કરીમમાં આવા બાપની હાલત આ રીતે વર્ણન કરવામાં આવી છે :–

''અને જ્યારે એમનામાં કોઈને પુત્રી થવાની ખુશખબર આપવામાં આવે છે તો આખો દિવસ તેનું મોઢું કાળુ રહે છે અને તે ક્રોધે ભરાય છે, લોકોથી સંતાતો ફરે છે અને ખુશખબરની બુરાઈના કારણે શું તેને અપમાન સાથે રાખશે અથવા તો માટીમાં દાબી દેશે અને ઘણો જ ખરાબ હુકમ લગાડે છે.'' *(પારા–૧૪, સૂરએ નહ્લ, આયત–૫૮,૫૯)*

અમુક લોકોએ તો પોતાની કેટલીક છોકરીઓને જીવતી દફન કરી દીધી જેવી રીતે કે કેસ બિન આસિમ رضی اللہ عنہના બારામાં આવ્યું છે, એમણે ઈસ્લામ ક્બૂલ કરતા પહેલાં પોતાની આઠ (૮) છોકરીઓને જીવતી દફન કરી દીધી હતી અને ઈસ્લામ ક્બૂલ કર્યા પછી હુઝૂર ﷺના આદેશથી કફ્ફારા પેટે ૮ ઊંટ સદકો કર્યો હતો.

પણ એમનામાં અમુક ગણત્રીના રહમ દિલવાળા માણસો એવા પણ હતા જે પોતાનો માલ ખર્ચીને છોકરીઓને જીવતી દફન કરવાથી બચાવી લેતા હતા. જેમ કે હઝરત સઈદ બિન ઝૈદ رضی اللہ عنہનાં મા બાપ, ઝૈદ બિન નુફૈલ અને મશ્હૂર શાયર ફિરઝદીકના દાદા હઝરત સઅદ બિન નાજિયા رضوان اللہ تعالیٰ علیہم اجمعینઆ ભલાઈનું કામ કરતા હતા. *(રૂહુલ મઆની, સૂરએ તકવીર, આયત નં. ૯)*

બેટીઓની પૈદાઈશ પર ગમ અને ગુસ્સો એ જાહિલિયતના જમાનાની સાથે ખાસ નથી પણ આજના વર્તમાન યુગમાં એવા પણ લોકો છે કે બેટીની પૈદાઈશ પર શરમ અનુભવે છે, જો કે છોકરાની પૈદાઈશ પર ખુશી પ્રકટ કરવા માટે તો બધા જ વસીલા અપનાવે છે પણ છોકરીની પૈદાઈશ પર એમના બધા જ અરમાન ઠંડા પડી જાય છે અને તે ખુશી નજર નથી આવતી જે છોકરાની પૈદાઈશ પર થાય છે. અમુક એહસાસ વગરના લોકો છોકરીની માને જાત જાતના મહેણાં મારે છે ત્યાં સુધી કે તલાક્ની ધમકીઓ પણ આપવામાં આવે છે, અને ક્યારેક તો વધારે પડતી છોકરીઓની પૈદાઈશ પર તલાક્ જેવા સંજોગો ઉભા થઈ જાય છે. એવા લોકોએ વિચારવું જોઈએ કે તે શું કરી રહ્યા છે ? પોતાની રહેણી કરણીથી અલ્લાહની રહમતને પોતાનાથી દૂર કરી રહ્યા છે, શુક્ર કરવાના બદલે નાશુક્રી કરે છે. અને અલ્લાહની વહેંચણી પર નારાજ થવું એ અલ્લાહ પર પ્રશ્નો ઉભા કરવા સમાન છે, કેમ કે કોને છોકરો આપવો અને કોને છોકરી આપવી અલ્લાહ ત્આલાનું જ કામ છે. એ જ છોકરાઓ આપે છે અને છોકરીઓ પણ. જ્યારે હકીક્ત આ છે તો પછી છોકરીઓ મળવા પર ગમને જાહેર કરવો એ કઈ અકલમંદી છે ? આવા લોકોએ વિચારવુ જોઈએ કે શું એમની મા ક્યારેક છોકરી ન હતી ? અને જો મા ન હોત તો શું એ પોતે દુનિયા જોઈ શકત ? જો એની કોઈ બહેન છે તો શું તે એના બાપની દીકરી નથી ? અને શું તારી પત્ની પણ

તો પહેલાં એક છોકરી જ હતી ! જો એ ન હોત તો તારી  શાદીનાં સ્વપ્નો પૂરાં થઈ શકવાનાં હતાં ?!

માણસ હજાર ઈલ્મો (જ્ઞાન) પ્રાપ્ત કરી લે પણ એ નથી જાણી શકતો કે એના હક્કમાં શું શ્રેષ્ઠ છે અને શું નથી. છોકરી અને છોકરો મળવાનો મામલો પણ એનાથી વિપરીત નથી મતલબ એ કે અલ્લાહ શ્રેષ્ઠ રીતે જાણે છે કે કોણ છોકરીના લાયક છે અને કોણ છોકરાના લાયક, અને કોના હક્કમાં ઔલાદ ન હોવી બેહતર છે. જેવી રીતે કે પારા નં. ૨૫ સૂરએ શૈરાની આયત નં. ૪૯ માં છે. જયારે હકીકત એ છે તો માણસે અહકમુલ હાકિમીન ﷻના ફૈંસલા પર માથુ ઝુકાવી દેવુ જોઈએ અને છોકરો હોય કે છોકરી દરેક હાલતમાં અલ્લાહનો શુક્ર કરવો જોઈએ. છોકરીની પેદાઈશ પર નારાજ ન થવું જોઈએ.

અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે :–

"અને નજીક છે કે કોઈ વાત તમને બુરી લાગે અને તે તમારા હક્કમાં બેહતર હોય અને નજીક છે કે કોઈ વાત તમને પસંદ આવે અને તે તમારા હક્કમાં બુરી હોય. અને અલ્લાહ જાણે છે અને તમે નથી જાણતાં. *(સૂરએ બક્રહ, આ. ૨૧૬)*

અરબનો એ સમાજ જ્યાં છોકરીને પોતાના માટે શરમજનક સમજવામાં આવતી હતી એવી સ્થિતિમાં ઈમામુલ અંબિયા ખાતમુન્નબીય્યીન ﷺએ છોકરીને એવી ઈજ્જત આપી કે જેનો કોઈ ધર્મમાં વિચાર પણ ન કરી એ જ સમાજમાં આપ ﷺએ ખુલ્લમ ખુલ્લા આ એલાન ફર્માવ્યું કે, "ફાતેમા મારા શરીરનો એક હિસ્સો છે તો જેણે એને નારાજ કરી એણે મને નારાજ કર્યો." *(સહીહ બુખારી, હદીષ–૩૪૩૭)*

"છોકરીઓને નાપસંદ ન કરો કેમ કે હું પણ છોકરીઓવાળો છું અને બેશક ! છોકરીઓ તો ઘણી જ મહોબ્બત કરવાવાળી અને ઘણી જ મહેરબાન હોય છે." *(મુસ્નદુલ ફિરદૌસ, ભાગ–૨, પેજ–૪૧૫, હદીષ–૭૫૫૬)*

અને એક અવસર પર નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, "જેની એક છોકરી હોય અને તે એને જીવતી ન દફનાવે અને ન હકીર સમજે અને ન એના પર પોતાના પુત્રને મહત્વ આપે તો અલ્લાહ ત્આલા એને જન્નતમાં દાખલ ફર્માવશે." *(સુનને અબૂદાઉદ, ભાગ–૪, પેજ–૪૩૫, હદીષ–૫૧૪૬)*

યાદ રાખશો કે આપ ﷺએ પુત્રીઓ પર માત્ર ઝબાનથી કૃપાનો ઈઝહાર નથી કર્યો પણ પોતે છોકરીઓ પર શફકત અને હમદર્દી કરીને પણ બતાવી છે.

પહેલાં આપણે છોકરીઓના માથાથી પગ સુધી રહમત અને બરકત જન્નતમાં દાખલ થવાના કારણો પર નીચે આપેલા હુઝૂર ﷺના આદેશનો અભ્યાસ કરીએ ત્યાર પછી આપણે છોકરીઓ સાથે આપ ﷺના સારા વર્તન વિશે રજૂઆત કરીશું.

**પ્રથમ હદીષ** : હુઝૂર નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : જયારે કોઈના ઘરે છોકરી પૈદા થાય છે તો અલ્લાહ ત્આલા એના ઘરે ફરિશ્તાઓ મોકલે છે, જે કહે છે કે હે ઘરવાળાઓ ! તમારી ઉપર સલામતી થાય. પછી ફરિશ્તાઓ પૈદા થયેલ છોકરી પર પોતાની પાંખોથી સાયો (છાંયડો) કરે છે, અને એના માથા પર હાથ ફેરવીને કહે છે કે આ એક કમજોર જાન છે જે એક કમજોર (ઔરત)થી પૈદા થઈ છે. તો જેણે એ કમજોર જાન (છોકરી)ની પરવરિશની જિમ્મેદારી લીધી કયામત સુધી અલ્લાહ ત્આલાની મદદ એની સાથે રહેશે. *(મજમઉઝ્ઝવાઈદ, ભાગ–૮, પેજ–૨૫૮, હદીષ –૧૩૪૮૪)*

વિચાર કરો કે છોકરી પેદા થતાં જ ઘર પર અલ્લાહ ત્આલાનો ખાસ ફઝ્લ થાય છે કે એના ઘરમાં ફરિશ્તાઓ પધારે છે, અને આ નૂરી મખ્લૂકનું પધારવું પણ એક રહમત છે. અને ફરિશ્તાઓ એ ઘરવાળાઓને સલામ કરે છે. હઝરત ઈબ્રાહીમ

ખલીલુલ્લાહ عليه السلام પર સાત (૭) ફરિશ્તાઓએ સલામ કરી હતી તો એમના પર નમરૂદની સળ ગાવેલી આગ સલામતીનો બાગ બની ગઈ. *(શરહે સહીહ મુસ્લિમ, ભાગ–૩, પેજ–૨૧૭)*

અલ્લાહ ત્આલાથી ઉમ્મીદ છે કે છોકરીની પૈદાઈશવાળા ઘરમાં રહેવાવાળાઓ પર પણ ફરિશ્તાઓના સલામના બદલામાં દોઝખની આગ સલામતીવાળી બની જશે. છોકરી કેટલીક ખુશનસીબ હોય છે કે માસૂમ ફરિશ્તા તેના માથા પર હાથ ફેરવે છે અને તે માણસ એનાથી પણ વધીને ખુશનસીબ છે જે એની પરવરિશની જિમ્મેદારી ઉઠાવે છે કે અલ્લાહ ત્આલાની મદદ દરેક ક્ષણે એની સાથે રહે છે.

**બીજી હદીષ :** રહમતુલ્લિલ્આલમીન ﷺએ ફર્માવ્યું, જેને છોકરી અર્પણ કરવામાં આવે અને તે એને ન તકલીફ આપે અને ન એને બુરૂ સમજે અને છોકરાને એના પર ફઝીલત ન આપે તો અલ્લાહ ત્આલા એને જન્નતમાં દાખલ ફર્માવશે. *(અલ મુસ્તદરક, ભાગ–૫, પેજ–૨૪૮, હદીષ–૭૪૨૮)*

પુત્રીઓને ચાહવાવાળાઓ ! જુઓ ! પુત્રીઓ અલ્લાહ ત્આલાની કેટલી મોટી રહમત છે કે મા બાપના સારા અખ્લાક઼ના બદલામાં એમને જન્નત જેવી મહાન નેઅમત આપવામાં આવે છે. પણ શર્ત એ છે કે એ અલ્લાહની રહમતની ક઼દરને ઓળખીને એમને બુરી સમજવા અને તકલીફો આપવાથી દૂર રહે, અને જેવી રીતે પુત્રીઓની ઈચ્છા પૂરી કરવામાં આવે છે એવી જ રીતે એમની પણ દરેક ઈચ્છાને પૂરી કરવાનો બંદોબસ્ત કરવામાં આવે. અલ્લાહ ત્આલા નસીબ ફર્માવે, આમીન.

**ત્રીજી હદીષ :** હુઝૂર નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : જેની ત્રણ પુત્રીઓ હોય અને તે એમનો ખ્યાલ રાખે, એમને સારી રીતે રહેવાનું આપે અને એમની પરવરિશ કરે તો એના માટે જન્નત વાજિબ થઈ જાય છે. પૂછવામાં આવ્યું : જો બે છોકરીઓ હોય તો ? આપ ﷺએ ફર્માવ્યું : જો બે હોય તો પણ આ જ ફઝીલત છે. બીજી વખત પૂછવામાં આવ્યું, જો એક હોય તો ? આપ ﷺએ ફર્માવ્યું : જો એક હોય તો પણ. *(અલ મોઅજમુલ અવસત, ભાગ–૪, પેજ–૩૪૭, હદીષ–૬૧૯૯)*

એક રિવાયત આ પણ છે : જેણે પોતાની બે પુત્રીઓ અથવા બે બહેનો, અથવા રિશ્તેદાર બાળકીઓ પર સબ્રની સાથે માલ ખર્ચ કર્યો ત્યાં સુધી કે અલ્લાહ ત્આલા એને પોતાના ફઝ્લથી માલદાર કરી દે તો એ છોકરીઓ એના માટે આગથી પડદો (રૂકાવટ) બની જશે. *(મુસ્નદે અહમદ, ભાગ–૧૦, પેજ–૧૭૯, હદીષ–૨૬૫૭૮)*

જ્યારે કે એક રિવાયત આ પણ છે : જેણે પુત્રીઓના ઉછેરના કારણે કારણે પડનારી તકલીફો તથા તંગદસ્તી પર સબ્ર કર્યું અલ્લાહ ત્આલા એને એ બાળકીઓ પર શફકતના બદલામાં જન્નતમાં દાખલ ફર્માવશે. *(મુસ્નદે અહમદ, ભાગ–૩, પેજ–૨૩૪, હદીષ–૮૪૩૩)*

અને એક રિવાયતમાં છે કે જે મુસલમાનની ત્રણ છોકરીઓ હોય અને તે એની શાદી થતાં સુધી અથવા વફાત થતાં સુધી તેમના પર ખર્ચ કરતો રહે તો તે એના માટે જહન્નમ્થી પડદો થઈ જશે. *(અલમોઅજમુલ કબીર, ભાગ–૧૭ પેજ –૫૬, હદીષ–૧૦૨)*

મા બાપ અને વડીલોના માટે આ પ્યારી પ્યારી હદીષોમાં સબક઼ છે કે તેઓ પોતાની છોકરીઓને સારૂં ખવડાવે, સારાં કપડાં પહેરાવે, આરામ કરવા માટે સારા પાથરણાં બનાવે, સારી તા'લીમ અને તર્બિયત આપે, નેક અને સારો રિશ્તો શોધીને શાદી કરાવે. સારાંશ કે દરેક રીતે એમનો ખ્યાલ રાખે અને એમના પર ખર્ચ કરવાથી ન સંકોચાઈ કે છોકરીઓ તો એમને જહન્નમની એ આગથી બચાવશે જેનું બળતણ માણસ અને પથ્થર છે.

પુત્રીઓની પરવરિશ માટે પ્રયત્નો કરવાવાળાઓ માટે કેવળ ન તો જહન્નમથી આઝાદી અને જન્નતમાં દાખલ થવાની ખુશખબરી છે, બલ્કે એને અલ્લાહ ત્આલાના માર્ગે જેહાદ કરવાવાળા એવા મુજાહિદ જેવો સવાબ અર્પણ થશે કે જે દિવસ રોઝામાં અને રાત ઈબાદતમાં પસાર કરે. *(મજમઉઝ્ઝ વાઈદ, ભાગ–૮ પેજ–૨૮૮, હદીષ–૧૩૪૯૩)*

**ચોથી હદીષ :** હઝરત આઈશા સિદ્દીક઼ા તૈયબા તાહેરા رضی اللہ عنہاની પાસે એક સ્ત્રી પોતાની બે છોકરીઓ સાથે કંઈક માંગવા માટે આવી. એ વખતે એમની પાસે બસ એક ખજૂર હતી તો એમણે એને એ એક ખજૂર આપી દીધી. સ્ત્રીએ ખજૂરના બે ટુકડા કરી બન્ને છોકરીઓને આપી દીધા અને જાતે એમાંથી કાંઈ ન ખાધુ. ઉમ્મુલ મો'મિનીને આ બનાવ રસૂલલ્લાહ ﷺને સંભળાવ્યો. તો આપે ઈર્શાદ ફર્માવ્યો : જેની છોકરીઓના કારણે પરીક્ષા કરવામાં આવી અને તેણે એમની સાથે સારો વર્તાવ કર્યો તો તે પુત્રીઓ તેના માટે જહન્નમથી રૂકાવટ બની જશે. *(સહીહ મુસ્લિમ, પેજ–૧૪૧૪, હદીષ–૨૬૨૯)*

અને બીજી રિવાયતમાં આ રીતે ફર્માવ્યું : બેશક ! અલ્લાહ ત્આલાએ એ બે છોકરીઓના કારણે તે સ્ત્રી પર જન્નત વાજિબ કરી દીધી. *(અલ મરજઉસ્સાબિક, પેજ–૧૪૧૫, હદીષ–૨૬૩૦)*

કુર્આને કરીમમાં અવલાદને મુત્લક઼ આજમાઈશ ઠરાવવામાં આવી છે : "અને જાણી લો કે તમારો માલ દૌલત અને તમારી અવલાદ (તમારા માટે) ફિત્નો (ઉપસ્થિત) કરનાર છે." *(સૂરએ અન્ફાલ–૨૮, પારા–૯)*

પણ આ હદીષ શરીફમાં છોકરીઓને અલગ તરીક઼ા પર આજમાઈશ ફર્માવવામાં આવી છે. ઘણા લોકો તેનાથી ગભરાય જાય છે. જ્યારે કે તેના પર સબ્ર કરવું જોઈએ કેમ કે બેસબ્રીથી ઈનામ પણ ચાલ્યુ જાય છે. આ છોકરીઓ એના માટે દોઝખથી બચવાનો ઝરિયો બનશે કે તે દોઝખમાં જશે જ નહીં અથવા જો ગયો તો ત્યાં દોઝખની આગ તેના સુધી પહોંચી શકે નહીં. કેમ કે આ છોકરીઓ આડ બનીને તેની હિફાઝત કરશે, પણ શર્ત એ છે કે એમની પેદાઈશ પર ન ગભરાય અને એમની સાથે સારો વર્તાવ કરે. સવાલનું કારણ તો એ છે કે છોકરાઓથી લોકોને ઘણી ઉમ્મીદો હોય છે કે જવાન થઈને અમારી ખિદમત કરશે, જ્યારે કે છોકરીઓ પર તો ખર્ચા કરવાના હોય છે અને એ પણ કોઈ ઉમ્મીદ વગર. પણ જોવામાં આવ્યું છે કે આજના યુગમાં છોકરાઓ કરતાં છોકરીઓ મા બાપની ખિદમત પણ વધારે કરે છે અને એમની વફાત પછી દુઆએ મગફેરત અને ઈસાલે સવાબનું આયોજન પણ વધારે પડતી છોકરીઓ જ કરે છે. કોઈ ખુશનસીબ જ છોકરાઓથી આરામ પામે છે અને ઘણા છોકરાઓ તો મા બાપના માથા પર કલંક બની જાય છે. *(મિરઅતુલ મનાજિહ, ભાગ–૭, પેજ–૭૭૯)*

**પાંચમી હદીષ :** એક અવસર પર રસૂલલ્લાહ ﷺએ પોતાની બે આંગળીઓ મિલાવીને ઈર્શાદ ફર્માવ્યો : જેણે બે પુત્રીઓની પરવરિશ કરી ત્યાં સુધી કે તે બાલિગ થઈ ગઈ તો હું અને તે માણસ ક઼યામતના દિવસે આ રીતે આવીશું. *(સહીહ મુસ્લિમ, પેજ–૧૪૧૫, હદીષ–૨૬૩૧)*

અને બીજી રિવાયતમાં આ રીતે છે જેણે બે છોકરીઓની પરવરિશ કરી તો હું અને તે જન્નતમાં આવી રીતે દાખલ થઈશું. પછી આપ ﷺએ પોતાની બે આંગળીઓથી ઈશારો ફર્માવ્યો. *(સુનને તિર્મિઝી, ભાગ–૩, પેજ–૩૬૭, હદીષ–૧૯૨૧)*

જ્યારે કે એક ત્રીજી રિવાયતમાં આ શબ્દો છે : જેણે બે અથવા ત્રણ છોકરીઓની શાદી થતાં સુધી અથવા વફાત પામતા સુધી પરવરિશ કરી તો હું અને તે માણસ જન્નતમાં આ રીતે દાખલ થઈશું. *(અત્તરગીબ વત્તરહીબ, ભાગ–૩, પેજ–૪૫, હદીષ–૨૪)*

કયામતનો ભયાનક દિવસ જેની ભયાનકતા અને પકડ એવી હશે કે દરેક હાય, હાય પોકારી ઉઠશે અને ગુનેહગારો જેના દામનમાં પનાહ લેવા માટે બે ચૈન હશે અને બધી મખ્લૂક જેમની એક ઝલક જોવા માટે તડપતી હશે તે સમયે છોકરીઓની પરવરિશ કરવાવાળા ખુશનસીબ મુસલમાન નબીએ કરીમ ﷺથી એટલા નજીક હશે જેવી રીતે કે કલ્માની આંગળી વચ્ચેવાળી આંગળીથી નજીક હોય છે, અને એટલુ જ નથી પણ કરીમ આકા ﷺ છોકરીઓની સારી પરવરિશ કરવાવાળાઓને પોતાની સાથે જન્નતમાં લઈને જશે.

**છટ્ઠી હદીષ** : રસૂલે આ'ઝમ ﷺનું ફર્માન છે : જેની ત્રણ છોકરીઓ અથવા તો ત્રણ બહેનો હોય અથવા બે છોકરીઓ અથવા બે બહેનો હોય અને તે એમની સારી રીતે પરવરિશ કરે અને એમના મા'મલામાં અલ્લાહથી ડરતો તો એના માટે જન્નત છે. *(સુનને તિર્મિઝી, ભાગ-૩, પેજ-૩૬૭, હદીષ-૧૯૩)*

અને બીજી રિવાયતમાં આ પણ છે : જો એમની સારી તબિર્યત કરે અને એમનાથી સારો વર્તાવ કરે તો તેના માટે જન્નત છે. *(અલ મરજઅ પેજ-૩૬૬, હદીષ-૧૯૧૯)*

ત્રીજી હદીષમાં છોકરીઓ સાથે બહેનો અને રિશ્તેદાર છોકરીઓનું પણ વર્ણન છે. ક્યારેક એવું પણ થાય છે કે બાપની વફાત પછી બહેનોની બધી જિમ્મેદારીઓ ભાઈના ખભા ઉપર આવી પડી છે. અને ખુશનસીબ, સઆદતમંદ ભાઈ આ જિમ્મેદારીને ઘણી સારી રીતે નિભાવે છે. હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે ગઝવએ ઓહદની રાત્રે મારા બાપે મને બોલાવીને કહ્યુ : મારો ખ્યાલ છે કે કાલે પહેલો હું શહીદ થઈશ હું રસૂલલ્લાહ ﷺના સિવાય તારાથી વધારે પ્યારો કોઈને પણ છોડીને નહિ જાઉં. મારા પર કર્ઝ છે તું એને અદા કરી દે જે અને તું પોતાની બહેનો માટે મારા તરફથી ભલાઈની વસીયત કબૂલ કર. *(મિશ્કાતુલ મસાબિહ, ભાગ-૩, પેજ-૩૧૫, હદીષ-૫૯૪૫)*

હકીમુલ ઉમ્મત મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ આના સંદર્ભમાં ફર્માવે છે : એટલે કે તું મારો એક દીકરો છે, અને મારી નવ છોકરીઓ છે, તું જ એમનો જિમ્મેદાર છે, માટે એમની સાથે સારો વર્તાવ કરજે. *(મિરઅતુલ મનાજિહ, ભાગ-૮, પેજ-૨૭૦)*

પછી એ કે પોતાની છોકરીઓ અથવા બહેનોની સાથોસાથ પોતાના ખાનદાનની યતીમ છોકરીઓની પરવરિશમાં પણ હિસ્સો લેવો જોઈએ કે એમાં બમણો સવાબ છે. એક તો સદકો કરવાનો અને બીજો સિલાએ રહમીનો. અમુક માલદારો અને શેઠ લોકો અને બીજી નાની મોટી સંસ્થા ચલાવવાવાળાઓને જોવામાં આવ્યા છે કે બીજા લોકોની તો ઘણી ખિદમત કરે છે પણ પોતાના ગરીબ રિશ્તેદાર, ખાસ કરીને એમની યતીમ છોકરીઓની પરવરિશ અને જિમ્મેદારીમાં જાણી જોઈને ધ્યાન નથી આપતા. કાંઈક એવું તો નથી કે બીજાની ખિદમતમાં દેખાવો અને વાહ વાહની અપેક્ષા આપણાઓની ખિદમતથી વંચિત રાખતી હોય ! આ પણ થઈ શકે છે કે જો કોઈ એક માણસ કોઈ રિશ્તેદાર છોકરીની જિમ્મેદારી પૂરી કરવા પર કાદિર ન હોય તો પછી અમુક નજીકના સંબધીઓ મળીને આ મોટી નેકી આસાનીથી પૂરી શકે છે. અલ્લાહ ત્આલા તૌફીક અતા ફર્માવે. આમીન.

હવે એ પણ જાણો કે બેટીઓ અને છોકરીઓ પર આપણા કરીમ આકા ﷺની શફકત કેવી હતી અને આપ ﷺએ અમલી રૂપમાં છોકરીઓ સાથે કેવો વર્તાવ કર્યો.

**પહેલી રિવાયત** : જંગે બદ્ર પછી જ્યારે રસૂલલ્લાહ ﷺએ પોતાની સૌથી મોટી છોકરી હઝરતે ઝૈનબ رضی اللہ عنہاને મક્કાથી મદીના બોલાવી

લીધાં તો હિજરતના સમયે કાફિરોએ એમને રસ્તામાં રોકી લીધાં હતાં. એક જાલિમે ભલો મારીને એમને ઊંટથી નીચે ફેંકી દીધાં જેના કારણે એમનો હમલ પડી ગયો. રહમતે આલમ ﷺને તેનો ઘણો સદમો થયો. આપ ﷺએ પોતાની એ છોકરી માટે ફર્માવ્યું, "આ મારી છોકરીઓમાં (એ કારણથી) સૌથી વધારે અફઝલ છે કે એણે મારા લીધે મુસીબત ઉઠાવી." ૮મી હિજરીમાં જ્યારે એમની વફાત થઈ તો આપ ﷺએ તેમની નમાઝે જનાઝા પઢાવીને પોતે પોતાના રહમતવાળા હાથો વડે કબરમાં ઉતાર્યા. *(શરહે ઝુરકાની, ભાગ–૨, પેજ–૩૧૮)*

**બીજી રિવાયત** : ખાતૂને જન્નત હઝરત ફાતેમતુઝ્ ઝહરા رضی اللہ عنہا જયારે બારગાહે રિસાલતમાં હાજર થતાં તો હુઝૂર નબીએ મુકર્રમ ﷺ પોતાની લાડલી પુત્રીના સ્વાગત માટે ઉભા થઈ જતા, એમની તરફ ધ્યાન ધરતા અને હાથ પોતાના હાથમાં લઈને ચુંબન કરતા અને એમને પોતાના મસ્નદ (બેસવાની જગ્યા) પર બેસાડતા. અને હઝરત ફાતેમા رضی اللہ عنہا પણ પોતાને ત્યાં નબીએ કરીમ ﷺની તશરીફ આવરી પર આ રીતે જ કરતાં હતાં. *(સુનને અબી દાઊદ, ભાગ–૪, પેજ–૪૫૪ હદીષ–૫૨૧૭)*

**ત્રીજી રિવાયત** : નજ્જાશી બાદશાહે બારગાહે રિસાલતમાં અમુક ઘરેણાં તોહફા પેટે મોકલ્યાં જેમાં હબશી નગીનાવાળી એક અંગૂઠી પણ હતી. છોકરીઓ પર મહેરબાન આકા ﷺએ એ અંગૂઠીને સ્પર્શ કરી અને પોતાની નવાસી હઝરત અમામા رضی اللہ عنہاને બોલાવીને એને ફર્માવ્યું, હે નાની બાળકી ! આ અંગૂઠી તમે પહેરી લો. *(સૂનને અબૂ દાઊદ, ભાગ–૪, પેજ–૧૨૫, હદીષ–૪૨૩૫)*

**ચોથી રિવાયત** : હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ બયાન કરે છે કે એક વખતે રસૂલે અકરમ ﷺ અમારી પાસે તશરીફ લાવ્યા તો આપે પોતાની નાની નવાસી હઝરત અમામા رضی اللہ عنہاને ખભા પર ઉઠાવેલાં હતાં. પછી આપ ﷺ નમાઝ પઢવા લાગ્યા તો રૂકૂઅમાં જતી વખતે એને ઉતારી દેતા અને ઉભા થતી વખતે એને ફરી ઉઠાવી લેતા. *(સહીહ બુખારી, ભાગ–૪, પેજ–૧૦૦, હદીષ–૫૯૯૬)*

વિચાર કરો કે છોકરીઓ સાથે રહમતે આલમ ﷺનો વર્તાવ અને હુસ્ને સુલૂક કેવો દૃષ્ટાંતરૂપ હતો! આપ ﷺએ કયામત સુધીના માણસોને પોતાના અમલ અને કિરદારથી બતાવ્યું કે છોકરીઓ ગમનું કારણ નથી પણ હેત માટે તથા દર્દ દૂર કરનાર છે, એ અડચણ નથી બલ્કે દોઝખથી આડરૂપ છે અને આ અલ્લાહ ત્આલાની એવી રહમત છે જેની સાથે હુસ્ને સુલૂક અલ્લાહ عزوجلની મહાન નેઅમત "જન્નત" સુધી પહોંચાડી આપે છે. આ જ સંબંધ છે "છોકરી" અને "જન્નત"નો !

**તશરીફે જહાં** : જનાબ સુલેમાન માસ્તર દોલા–કાવી તરફથી તેમના ત્યાં પૌત્ર "અહનફ રઝા"ના જન્મની ખુશીમાં રૂા. ૨૦૦/– બરકાતે ખ્વાજા (માસિક)ને મળ્યા છે. જઝાકલ્લાહ ! નવાંગતુકને રબ તઆલા તેના હબીબ ﷺના સદકામાં બંને જહાનની નેઅમતોથી નવાઝે (આમીન)–*તંત્રી*

**ગૌષિયા તકવીમ લેમિનેટેડ**
(કેલેન્ડર ટાઈપ)
*નમાઝોનું કાયમી ટાઈમ ટેબલ*

(ગુજરાતમાં અને ખાસ ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લા માટે) ઉપયોગમાં આવે તેવું. જે ૧૨ મહિનાના લેમિનેટેડ કાર્ડ પેપરો પર મલ્ટી કલરમાં આકર્ષક છપાયેલ છે. તમારી મસ્જિદો તથા ઘરો માટે પણ મંગાવશો.

**હદિયો : રૂા. ૩૦૦/–** (કુરિયર ખર્ચ : રૂા. ૫૦/–)

**રઝવી કિતાબ ઘર**, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧




# અરબસ્તાનમાં વહાબિયતનો ઉછેર કેવી રીતે થયો ?

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

તુર્કી સુલ્તાન સલીમ ષાલિષ (ત્રીજા)ના શાસનકાળમાં અરબમાં ઘણા બધા ફિત્ના જાહેર થયા. એમાંથી એક વહાબિયતનો ફિત્નો પણ છે જે હિજાઝમાં જાહેર થયો અને પછી સમગ્ર વિશ્વમાં જંગલની આગની જેમ ફેલાય ગયો.

## ★ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજદીની હક઼ીક઼ત ★

આ ખબીષ ધર્મનો સ્થાપક મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબ નજદી છે જેનો સંબંધ પશ્ચિમના બનૂ તમીમ ક઼બીલાથી હતો. તેનો જન્મ હિ.સ. ૧૦૧૧ ઈ.સ. ૧૭૦૩માં નજદના દક્ષિણમાં વાદીએ હનીફાના એક સ્થળ ઉયય્‌નમાં થયો જે ભૂમી તરફ ઈશારો કરી રસૂલે અકરમ ﷺએ ઘણા સમય પહેલાં નીચે પ્રમાણે ફર્માવ્યું હતું.

એક રિવાયતમાં છે : ''અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે તેમણે રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું, જ્યારે કે આપ ﷺ પૂર્વ (નજદ) તરફ મોઢું કરેલા હતા, ખબરદાર ! ત્યાંથી ફિત્નો નીકળશે ! શયતાનનું શિંગડુ નીકળશે !'' *(બુખારી શરીફ, ભાગ : ૨)*

બીજી રિવાયતમાં છે : ''હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما બયાન કરે છે કે હુઝૂરે અકરમ ﷺએ દુઆ માગી અને ફર્માવ્યું, હે અલ્લાહ ! અમારા શામ અને યમનમાં બરકત આપ. અમુક લોકોએ અર્ઝ કરી, હુઝૂર ! ﷺ અને અમારા નજદમાં ! હુઝૂર ﷺએ ફરી દુઆ માગી અને ફર્માવ્યું, હે અલ્લાહ ! અમારા શામ અને યમનમાં બરકત અતા ફર્માવ. લોકોએ કહ્યું, અને અમારા નજદમાં. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما કહે છે, મારું અનુમાન છે કે ત્રીજીવાર હુઝૂર ﷺએ ફર્માવ્યું, ત્યાં ભૂકંપ થશે, ફિત્ના નીકળશે અને ત્યાંથી જ શયતાનનું શિંગડું નીકળશે.'' *(બુખારી શરીફ)*

મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબે શરૂમાં મક્કા અને મદીનાના ઉલ્મા તથા મશાઈખથી તા'લીમ પ્રાપ્ત કરી. મદીનામાં શૈખ મુહમ્મદ બિન સુલૈમાન કુર્દી અને શૈખ મુહમ્મદ હયાત સિંધીથી અને મક્કામાં અમુક અન્ય ઉલ્માથી ઈલ્મ હાંસલ કર્યો. શૈખ હયાત સિંધી અત્યંત ચુસ્ત ગૈર મુક઼લ્લિદ હતો જે હુઝૂર ﷺથી મદદ માગવાને શિર્ક ઠરાવતો. તેણે શૈખ નજદી (ઈબ્ને અબ્દુલ વહ્હાબ)ને પોતાની તા'લીમમાં ઢાળી લીધો. હિજાઝમાં પણ જેટલા ઉલ્માથી તેની મુલાકાત થઈ સૌ ગૈર મુક઼લ્લિદ અને ઈબ્ને તયમિયાના વિચારોથી પ્રભાવિત હતા જેમણે ઈબ્ને અબ્દુલ વહ્હાબને પણ ઈબ્ને તયમિયાના વિચારોમાં એવી રીતે ઢાળ્યો કે તે બદ્‌બખ્તી અને ગુમરાહીમાં ઈબ્ને તયમિયાથી આગળ નીકળી ગયો.

શૈખ અલી તન્તાવી જૌહરી મિસ્રી (વફાત : હિ.સ. ૧૩૫૩) લખે છે :–

''શૈખ નજદીની મુલાકાત મદીના મુનવ્વરામાં એવા બે લોકો સાથે થઈ જે તેના જીવનની દિશા

બદલવામાં ઘણી અસરકારક પુરવાર થઈ. તેમાંથી પહેલો વ્યક્તિ નજદનો એક એવો પ્રભાવશાળી આલિમ હતો જેને ''મજમઅ''માં રિયાસત (સરદારી)નો દરજ્જો પ્રાપ્ત હતો અને ત્યાંના એક પ્રભાવશાળી ખાનદાનથી હતો. તેનું સર્વ કાંઈ ઈબ્ને તયમિયા અને તેના અનુયાયીઓની કિતાબો હતી. તેનું નામ શૈખ અબ્દુલ્લાહ બિન ઈબ્રાહીમ બિન સૈફ હતું.

એકવાર ઈબ્ને અબ્દુલ વહ્હાબના ઉસ્તાદ શૈખ અબ્દુલ્લાહ બિન ઈબ્રાહીમ બિન સૈફે (જેનું વર્ણન ઉપર થયું) તેને કહ્યું કે શું હું તને તે હથિયાર દેખાડું જેને મેં મજમઅવાળાઓ માટે તૈયાર કર્યું છે ! ઈબ્ને અબ્દુલ વહ્હાબે કહ્યું, હા ! પછી ઈબ્ને સૈફ તેને એક ઓરડીમાં લઈ ગયો જે ઈબ્ને તયમિયાની કિતાબોથી ભરેલી હતી. ઈબ્ને સૈફે કહ્યું, આ જ એ હથિયાર છે જે મેં મજમઅવાળાઓ માટે તૈયાર કર્યું છે. આ રીતે ઈબ્ને સૈફે ઈબ્ને તયમિયાની કિતાબો તરફ ઈબ્ને અબ્દુલ વહ્હાબનું માર્ગદર્શન કર્યું.

મદીનામાં ઈબ્ને સૈફ શૈખ નજદીનો પહેલો ઉસ્તાદ છે જેનાથી શૈખ નજદી ઘણો પ્રભાવિત થયો. બીજો ઉસ્તાદ જેની અસર શૈખ નજદી પર થઈ તેના વિશે અલી તન્તાવી લખે છે :–

''બીજો વ્યક્તિ હિંદુસ્તાનનો એક ગૈર મુક઼લ્લિદ આલિમ હતો જેનું નામ મુહમ્મદ હયાત સિંધી હતું. આ બિદઅતો (એટલે કે હુઝૂર ﷺ અને બુઝુર્ગાને દીનની તા'ઝીમ અને શફાઅત)નો સખત વિરોધ કરતો હતો અને (તેના મતે) બિદઅત કરવાવાળાઓને કાફિર કહેતો હતો અને જે આયતો મુશ્રિકોના વિશે નાઝિલ થઈ હતી તેમને મુસલમાનો પર ફિટ કરતો હતો. તેણે હુઝૂર ﷺના રોઝા મુબારક પર ઝિયારત કરવાવાળાઓની અમુક અમુક બાબતો શૈખ નજદીને દેખાડી અને આયત ફિટ કરી કે, ''આ લોકો તબાહ થવાવાળા છે અને જે કાર્યમાં લાગેલા છે તે બરબાદ થનાર છે.'' એવું લાગે છે કે શૈખ નજદીએ જે સર્વ લોકોને કાફિર ઠરાવ્યા છે તે હિંદુસ્તાનના તે જ ગૈર મુક઼લ્લિદ આલિમની તા'લીમની અસર હતી. *(તારીખે નજ્દો હિજાઝ, પેજ : ૪૮, ૪૯)*

બસરામાં પણ તેણે તા'લીમ લીધી તે દરમિયાન લોકો સમક્ષ પોતાની બાતિલ માન્યતાઓ રજૂ કરતો રહ્યો. જ્યારે બસરાથી પોતાના વતન ઉયય્ના પરત આવ્યો તો જોરશોરથી પોતાની માન્યતાઓ ફેલાવવાનું શરૂ કરી દીધું જેનાથી ઘણા લોકો તેની જાળમાં ફસાય ગયા. તે જ મુદ્દતમાં તેણે અંગ્રેજ જાસૂસ હમ્ફ્રેની સાથે મળીને પોતાની પહેલી કિતાબ ''કિતાબુત્તૌહીદ'' લખી. મક્કા મુકર્રમાના ઉલ્માએ આ કિતાબનો હિ.સ. ૧૨૨૧માં મજબૂત દલીલો સાથે જવાબ આપ્યો જેનું નામ ''અસ્સૈફુલ જબ્બાર'' રાખ્યું. સર્વ ઉલ્મા અને મશાઈખ શરૂઆતથી જ તેના વિશે બેદીનીનો ખૌફ કરતા હતા અને કહેતા હતા કે, ''નજીકમાં અલ્લાહ તઆલા તેને ગુમરાહ ફર્માવશે અને તેના દ્વારા પોતાના ઘણા બધા બદ્બખ્ત બંદાઓને ગુમરાહ ફર્માવશે.'' ખૂદ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબના વાલિદ શૈખ અબ્દુલ વહ્હાબ જેઓ ઉલ્માએ સાલિહીનમાંથી હતા અને શૈખ નજદીના ભાઈ શૈખ સુલૈમાન બિન અબ્દુલ વહ્હાબ પણ તેની ગુમરાહી અને બેદીનીનો ભય કરવા લાગ્યા, ત્યાં સુધી કે લોકોને તેનાથી બચવાનો આગ્રહ કરતા. અને છેવટે તે જ થયું જેનો ઉલ્મા તથા મશાઈખને ભય હતો. જ્યારે તેનો ફિત્નો વધવા લાગ્યો તો તે સમયના અકાબિર ઉલ્માએ તેનો રદ કરવાનું શરૂ કર્યું, ત્યાં સુધી કે ઈબ્ને અબ્દુલ વહ્હાબના ભાઈ શૈખ સુલૈમાન બિન અબ્દુલ વહ્હાબે તેના ગુમરાહકુન અક઼ીદા અને ફાસિદ બિદઅતોના રદમાં એક કિતાબ લખી જેનું નામ ''અસ્સવાઈકુલ ઈલાહિયા ફીર્રદ્દે અલલ્ વહાબિયા'' છે. એકવાર શૈખ સુલૈમાન બિન અબ્દુલ વહ્હાબ رحمۃ اللہ علیہએ તેને પૂછ્યું, ઈસ્લામના અરકાન કેટલા છે ? તો તેણે કહ્યું, પાંચ. શૈખ સુલૈમાને કહ્યું, તેં તો તેને છ બનાવી દીધા છે, જેમાંથી છટ્ઠો એ છે કે જે તારું અનુસરણ ન કરે તે મુસલમાન નથી ! બંનેવ

ભાઈઓમાં આ ઝઘડો વધતો ગયો ત્યાં સુધી કે શૈખ સુલૈમાનને તેનાથી કત્લનો ભય થવા લાગ્યો એટલા માટે મદીના મુનવ્વરા ચાલ્યા ગયા અને ત્યાં તેના રદમાં એક કિતાબ લખી તેની પાસે રવાના કરી તો પણ તે ન માન્યો. આ સિવાય અસંખ્ય હંબલી ઉલ્માએ પણ તેના રદમાં કિતાબો લખી છે. *(અદ્દુર્રસ્સુન્નિયહ્ ફિર્રદ્દે અલલ વહાબિયહ્)*

શૈખ માલિક બિન દાઊદ લખે છે :–

''અહમદ ઈબ્ને તયમિયાથી લઈને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબ સુધી મુસલમાનોમાં અક઼ીદાઓનો મતભેદ રહ્યો અને ચારસો વરસ બાદ ઈબ્ને અબ્દુલ વહ્હાબે ઈબ્ને તયમિયાના જ વિચારો પુનઃસ્થાપિત કર્યા. **ઈબ્ને તયમિયાના જમાનાથી કુફ્રિયાત પર આધારિત બાતિલ અક઼ીદા જન્મ લેતા રહ્યા ત્યાં સુધી કે ઈબ્ને તયમિયા કૈદ કરવામાં આવ્યો અને કૈદખાનામાં જ મૃત્યુ પામ્યો. તેના પછી ઈબ્ને અબ્દુલ વહ્હાબે કમર કસી અને તબ્લીગનું કામ જોરશોરથી શરૂ કર્યું ત્યાં સુધી કે અકાબિર ઉલમા તથા મશાઈખે ખુલીને તેને રદિયો આપ્યો.** તે સમયના મશાઈખે કિરામમાંથી શૈખ મુહમ્મદ બિન સુલૈમાન કુર્દી શાફઈ (વફાત : હિ.સ. ૧૧૯૪)એ ઈબ્ને અબ્દુલ વહ્હાબને રદ કરતાં પોતાની કિતાબમાં લખ્યું :–

(ભાવાર્થ) : ''હે ઈબ્ને અબ્દુલ વહ્હાબ ! હું તને અલ્લાહના માટે નસીહત કરું છું કે તું મુસલમાનોથી પોતાની ઝબાન રોકી લે !'' *(અલ્હક઼ાઈકુલ ઈસ્લામિયહ્ ફીર્રદ્દે અલલ્ મઝાઈમિલ વહાબિયહ્)*

ઈબ્ને અબ્દુલ વહ્હાબની ગુમરાહીની શરૂઆત વિશે ઉલ્મા ફર્માવે છે કે શરૂ શરૂમાં તેને જૂઠા નબી હોવાનો દાવો કરનારા જેમ કે મુસયલમા કઝ્ઝાબ, સજાહ, અસ્વદ ઉન્સી, તલીહા અસદી અને તેમના જેવા ઈબ્ને તયમિયા અને ઈબ્ને કય્યિમ જવઝી વગેરે વિશે અભ્યાસ કરવાનો બહુ શોખ હતો. એટલા માટે તે પણ પોતાના દિલમાં નબુવ્વતનો દાવો છુપાવેલ હતો, પરંતુ તેને જાહેર કરવાની હિમ્મત ન થતી. પોતાની બદ્અક઼ીદગી છુપાવવા પોતાને ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ તરફ નિસ્બત કરતો જયારે કે તેની માન્યતાઓ ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہથી વિરુદ્ધ હતી બલ્કે ઘણા બધા હંબલી ઉલ્માએ ખુલી રીતે તેની રદ પણ કરી છે.

હિ.સ. ૧૧૪૩માં તેનો ફિત્નો શરૂ થયો, હિ.સ. ૧૧૫૦માં તે મશહૂર થયો અને સૌ પ્રથમ નજદમાં પોતાના બાતિલ અક઼ીદાને જાહેર કર્યો. ૯૨ વરસની જિંદગી મળી અને હિ.સ. ૧૨૦૬માં મૌતને ભેટયો. તેના જીવન દરમિયાન નજદના તખ્ત પર ત્રણ સરદારો બિરાજમાન થયા : (૧) મુહમ્મદ બિન સઊદ (હિ.સ. : ૧૧૭૯) (૨) અબ્દુલ અઝીઝ બિન મુહમ્મદ બિન સઊદ (હિ.સ. : ૧૧૭૯) (૩) સઊદ બિન અબ્દુલ અઝીઝ (હિ.સ. : ૧૨૨૯). જેમના જુલ્મ જોઈને હલાકૂ અને ચંગેઝ પણ રહમદિલ જણાય છે.

## ★ વહાબી ધર્મની બદ્અક઼ીદગી અને ગુમરાહીની હદ ★

અલ્લામા જમીલ કરાઈ લખે છે :–

''ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજદી એ સરકારે દો આલમ ﷺની શાનમાં બહુ ગુસ્તાખીઓ કરતો હતો અને આપ ﷺને તારિશ કહેતો (નજદની ભાષામાં તારિશનો અર્થ ''એલચી'' થાય છે). હુદૈબિયાના વાકેઆને જૂઠો કહે છે અને તેના અનુયાયીઓ તેની સમક્ષ કહેતા કે, ''અમારી લાઠી મુહમ્મદ ﷺથી બેહતર છે. એટલા માટે કે મુહમ્મદ ﷺ તો વફાત પામી ગયા અને તેમનામાં કોઈ નફો બાકી ન રહ્યો.'' આ સાંભળી તે ખુશ થતો. જયારે આ વાતો ચારેવ મઝહબોમાં કુફ્ર છે. હુઝૂર ﷺ પર દુરૂદ પઢવાને નાપસંદ કરતો અને દુરૂદ પઢવાવાળાઓને સખત સજાઓ આપતો, ત્યાં સુધી કે એક નાબીના મુઅઝ્ઝિન જે અઝાન પહેલાં દુરૂદ શરીફ પઢતા હતા

તેમને કત્લ કરાવી દીધા. દલાઈલુલ ખયરાત, ફિકહ, હદીષ અને તફસીરની ઘણી બધી કિતાબો સળગાવી દીધી. પોતાના અનુયાયીઓને તેણે છૂટ આપી હતી કે તેઓ પોતાની બુદ્ધિથી (ગમે તેમ) કુર્આનની તફસીર કરે. મુહમ્મદ ઈબ્ને સઊદ માટે એક કિતાબ લખી જેનું નામ "કશ્ફુશ્શુબ્હાત" છે. તે કિતાબમાં તેણે દુનિયાના સર્વ મુસલમાનોને કાફિર ઠરાવ્યા અને કુર્આનની જે આયતો કાફિરો વિશે નાઝિલ થઈ છે તેમને નેક મુસલમાનો પર ફિટ કરી. મુસલમાનોના જાન માલને મુબાહ (મુસલમાનોને કત્લ કરવા અને તેમના માલને લૂટવાને જાઈઝ) ઠરાવ્યું અને અંબિયા તથા અવલિયાની કબ્રોને ખોદાવી નાખી."

*–(અલ્ ફજ્રુસ્સાદિક, મક્તબા હકીકિયા, ઈસ્તંબુલ)*

સૈયદ અબ્દુર્રહમાન અલ્ અહદલ મુફતીએ ઝુબૈદ ફર્માવતા હતા કે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબની ગુમરાહી અને દીનથી ખારિજ હોવા પર કોઈ અલગ દલીલ લખવાની જરૂરત નથી. બલ્કે ઈબ્ને અબ્દુલ વહ્હાબ તો એ સ્ત્રીઓના પણ બાલ મૂડાવી દેવા ચાહતો હતો જે તેનાથી બયઅત થવા આવતી. આ તેની ગુમરાહીની સ્પષ્ટ દલીલ છે. એટલા માટે કે નજદથી નીકળવાવાળી શયતાની જમાઅતની હદીષમાં ઘણી નિશાનીઓ બયાન કરવામાં આવી છે જેમાંથી એક રસૂલુલ્લાહ ﷺનું ફર્માન, "સર મૂડાવવું પણ છે."

તેણે પોતાના બાદ આ શયતાની જમાઅતના પ્રચાર માટે કેટલાક પુત્રો પણ છોડયા જેમ કે અબ્દુલ્લાહ, હસન, હુસૈન, અલી. અબ્દુલ્લાહ સૌથી મોટો છે જેણે બાપ પછી આ ખબીષ અકીદાઓને ફેલાવવાનું કામ કર્યું. તેના પછી સુલૈમાન અને અબ્દુર્રહમાન તેનો નાયબ બન્યો. સુલૈમાન તો પોતાના બાપથી પણ વધુ ચુસ્ત હતો જેને ઈબ્રાહીમ પાશાએ હિ.સ. ૧૨૨૩માં કત્લ કર્યો અને અબ્દુર્રહમાનને બંધક બનાવી મિસ્ર મોકલી આપ્યો જ્યાં થોડા દિવસ પછી તે મૃત્યુ પામ્યો. હસન બિન મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબ અબ્દુર્રહમાન પછી તેનો નાયબ બન્યો અને એક મુદ્દત સુધી મક્કામાં કાઝીના હોદ્દા પર રહ્યો અને તેને લાંબુ જીવન મળ્યું. તેના પછી અબ્દુલ લતીફ તેનો નાયબ બન્યો. હુસૈન બિન મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબની પણ ઘણી ઔલાદ હતી, દરઈય્યામાં આજે પણ તેની નસ્લ ચાલી રહી છે જેને અવલાદુશ્શૈખથી ઓળખવામાં આવે છે.

મુહમ્મદ ઈબ્ને સઊદે (જે નજદના ધનવાનોમાંથી હતો) તેના બાતિલ અકીદાઓના પ્રચાર પ્રસારમાં વધી ચઢીને ભાગ લીધો. તેનો સંબંધ મુસયલમા કઝ્ઝાબની કૌમ બનૂ હનીફાથી હતો. ઈબ્ને અબ્દુલ વહ્હાબે પોતાના ખબીષ અકીદાઓને ફેલાવવાનું કામ ઈબ્ને સઊદને સોંપ્યું. તે સમગ્ર અરબસ્તાનમાં આ બાતિલ અકીદાઓને ફેલાવતો રહ્યો અને જાહેરમાં કહેતો કે તમે સૌ મુશ્રિક છો, તમને કત્લ કરવું જાઈઝ છે અને તમારો માલ મુબાહ છે. તેના મતે મુસલમાન હોવાનો આધાર માત્ર ઈબ્ને અબ્દુલ વહ્હાબની બયઅત હતી અને શિર્કનો આધાર હતો કે જે વ્યક્તિ ઈબ્ને અબ્દુલ વહ્હાબથી સહમત ન હોય તે મુશ્રિક છે ભલે તે કુર્આન અથવા હદીષના સ્પષ્ટ હુકમ પર અમલ કરતો હોય અને ઈજમાએ ઉમ્મત (ઉમ્મતની એકમતિ)નો પાબંદ હોય. ઈબ્ને સઊદ જાહેરમાં કહેતો કે ચારેવ ઈમામોના કથનો ભરોસાપાત્ર નથી. જે લોકોએ ચારેવ મઝહબ સંબંધિત કિતાબો લખી તેમની ખૂબ નિંદા કરતો અને કહેતો કે આ લોકો પોતે પણ ગુમરાહ છે અને બીજા લોકોને પણ ગુમરાહ કર્યા. અને કહતો કે શરીઅત એક હતી, આ લોકોએ ચાર મઝહબ બનાવી દીધા. અમે અલ્લાહની કિતાબ અને રસૂલ ﷺની સુન્નત સિવાય અન્ય કોઈ ચીજ પર અમલ નહીં કરીએ....વગેરે.

દરઈય્યાવસીઓને ઈબ્ને સઊદે જ ઈબ્ને અબ્દુલ વહ્હાબની પયરવી કરવા મજબૂર કર્યા અને તાકતના બળ પર સર્વ કબીલાઓને મજબૂર કરી દીધા. આ રીતે બળજબરીથી શૈખ નજદીના જૂઠા અકીદાઓ ફેલાઈ ગયા અને અરબના કબીલાઓ એક પછી એક તેની સાથે થવા લાગ્યા. મુહમ્મદ ઈબ્ને સઊદ પછી

તેનો પુત્ર અબ્દુલ અઝીઝ બિન મુહમ્મદ બિન સઊદે આ કામની જવાબદારી લીધી.

**★ વહાબીઓની લૂટમારની જુલ્મભરી દાસ્તાન ★**

જે જમાનામાં હિજાઝે મુકદ્દસમાં શરીફ મસ્ઊદ બિન સઈદ બિન સઅદ બિન ઝૈદ (વફાત : ૧૧૬૫)ની હુકૂમત હતી ત્યારે શૈખ નજ્દીએ પોતાના મુલ્કથી ૩૦ ઉલ્માને હરમૈનના ઉલ્મા સાથે મુનાઝરો કરવા માટે મોકલ્યા. શરીફ મસ્ઊદે પણ ઉલ્માએ હરમૈન (મક્કા અને મદીનાના ઉલ્મા)ને મુનાઝરો કરવાનો આદેશ આપ્યો. જ્યારે મુનાઝરો થયો તો નજ્દી આલિમોને ઈલ્મી એતેબારથી એક મસ્ખરાથી વધુ મહત્વ ન આપ્યું અને જ્યારે તેમના અકીદાઓની તપાસ કરવામાં આવી તો તેમના અકીદા કુફ્રિયા જોવા મળ્યા એટલા માટે હરમૈનના કાઝી સમક્ષ તે લોકો પર કુફ્રની હુજ્જત કાયમ કરવામાં આવી અને તેમનો ખૂબ રદ કરવામાં આવ્યો જેથી લોકો સમક્ષ તેમના જૂઠા અકીદા સ્પષ્ટ થઈ જાય. કાઝીએ તેમને કૈદ કરવાનો હુકમ આપ્યો. તેમનામાંથી અમુક તો કૈદ કરી લેવામાં આવ્યા બાકી દરઈય્યા ભાગી છૂટયા અને પોતાના ફિત્નાને ફેલાવવાથી ન રોકાયા માટે મક્કાના હાકિમે તેમને હજ્જ કરવાથી પણ રોકી દીધા જેથી મુસલમાનો એમના ધોકામાં ન આવે. એ છતાં એમનો ફિત્નો એટલો વધ્યો કે અમીરે મક્કાના તાબા હેઠળના કબીલાઓને બગાવત માટે ઉભારવા લાગ્યા જેના કારણે તે કબીલાઓ અને શરીફ ગાલિબ વચ્ચે હિ.સ. ૧૨૦૫માં સખત લડાઈ થઈ જેમાં અસંખ્ય લોકો માર્યા ગયા છતાં તેમના ફિત્નામાં કમી ન આવી અને તેઓનું જોર વધતું રહ્યું અને તેમની બિદઅતો ફેલાતી રહી ત્યાં સુધી કે અરબના ઘણા બધા કબીલાઓ તેમના તાબા હેઠળ થઈ ગયા.

હિ.સ. ૧૨૧૭માં એક મોટુ લશ્કર લઈ તાઈફ પહોંચ્યા અને તે જ વરસે તાઈફવાસીઓનો ઘેરાવ કરી લીધો. તેમને બંધક બનાવી સ્ત્રી પુરૂષો અને બાળકોને પણ કત્લ કરી નાખ્યાં. બહુ થોડાક લોકો બચી શક્યા, તેમને લૂટી લીધા, પછી મક્કા જવાનો ઈરાદો કર્યો તો ખબર મળી કે હમણા મક્કામાં ઘણા બધા હાજીઓ છે અને શામ તથા મિસ્રના હાજીઓ પણ છે, એટલા માટે તાઈફમાં રોકાય રહ્યા. જ્યારે હજ્જનો મહિનો પૂર્ણ થયો અને સર્વ હાજીઓ પોતાના વતન તરફ ચાલ્યા ગયા તો પોતાના લશ્કર સાથે મક્કા મુકર્રમા તરફ નીકળ્યા. મક્કા શરીફના અમીર શરીફ ગાલિબને નજ્દીઓના લશ્કર સાથે લડવાની તાકત ન હતી એટલે તેઓ જિદ્દા ચાલ્યા ગયા જેના કારણે મક્કાવાસીઓને ભય થયો કે તાઈફવાળાઓની જેમ એમની સાથે પણ ન થાય, જેથી તેઓએ નજ્દીઓથી અમાન માગી અને નજ્દીઓએ અમાન આપી દીધી. ૮ મુહર્રમ હિ.સ. ૧૨૧૮માં વહાબીઓનું આ લશ્કર મક્કામાં પ્રવેશી ગયું અને ૧૪ દિવસ ત્યાં રોકાણ કર્યું, આ દરમિયાન લોકોથી તૌબા અને તજ્દીદે ઈમાન કરાવતા (ફરી મુસલમાન બનાવતા !) રહ્યા અને તેમને અંબિયા વ અવલિયાના વસીલા તથા કબ્રોની ઝિયારત વગેરે જાઈઝ કામોથી રોકતા અને મઝારો તથા ઈસ્લામની નિશાનીઓને મિટાવતા. (જેમ કે આજકાલ ISISના વહાબી ત્રાસવાદીઓ સીરીયા તથા ઈરાકમાં કરી રહ્યા છે.)

પછી શરીફ ગાલિબને કત્લ કરવા જિદ્દા તરફ નીકળ્યા. જ્યારે તેમણે જિદ્દાનો ઘેરાવ કર્યો તો તેમના પર તોપમારો ચલાવવામાં આવ્યો જેનાથી ઘણા વહાબી હલાક થયા અને જિદ્દા પર કબ્જો ન કરી શક્યા. ૮ દિવસ બાદ પોતાના વતન પાછા ફરી ગયા. પરંતુ મક્કામાં પોતાનુ લશ્કર છોડી ગયા અને એક અમીર પણ નક્કી કરી ગયા જેનું નામ શરીફ અબ્દુલ મુઈન હતું. શરીફ અબ્દુલ મુઈને મક્કાની અમીરી એ કારણથી સ્વીકારી કે મક્કાવાસીઓ પર નરમી થાય અને તેમનાથી વહાબીઓની મુસીબતો દૂર કરી શકાય. તે જ વરસે શરીફ ગાલિબ અને જિદ્દાના વાલી શરીફ પાશા અને તેમની સાથે કેટલાંય લશ્કર મક્કા પહોંચ્યાં અને ત્યાંથી વહાબીઓના તમામ લશ્કરને ખસેડી મૂક્યુ. મક્કાની અમીરી

એકવાર ફરી શરીફ ગાલિબને મળી. આ ઘટનાથી વહાબીઓના દિલોમાં બદલો લેવાની ભાવના ભડકવા લાગી એટલા માટે તેમણે બીજીવાર પોતાની હૈવાનિયતના પુરાવા પૂરા પાડવા હિજાઝના લોકો પર જુલ્મો સિતમની હદ કરી દીધી. મક્કા સિવાય બાકીના સર્વ કબીલાઓ સાથે જંગ જારી રાખ્યો. જ્યારે તાઈફ પર કબ્જો થઈ ગયો તો ઉષ્માન મુઝાઈફીને ત્યાંનો અમીર બનાવી દીધો. ઉષ્માન અને તેનું લશ્કર તે કબીલાઓથી જંગ કરવા લાગ્યાં જે મક્કા અને મદીનાની આસપાસ વસેલા હતા અને તેમને પોતાનું અનુસરણ કરવા પર મજબૂર કરવા લાગ્યા, ત્યાં સુધી કે અમીરે મક્કાના તાબા હેઠળના વિસ્તારો પર કબ્જો જમાવી દીધો.

## ★ મક્કા મદીના પર વહાબીઓનો જુલ્મ ! ★

મક્કાની આસપાસ કબ્જો થયા પછી મક્કા પર કબ્જો કરવો આસાન હતો એટલા માટે હિ.સ. ૧૨૨૦માં પોતાના લશ્કર સહિત મક્કા પહોંચી મક્કા મુકર્રમાને ઘેરી લીધું અને નાકાબંદી કરવા મક્કા તરફ આવજા બંધ કરી દીધી જેના કારણે સખત મોંઘવારી વધી ગઈ અને અનાજનો પુરવઠો ન હોવાના કારણે મક્કાવાસીઓ ખાવાપીવા માટે તરસી ગયા, મજબૂર થઈને શરીફ ગાલિબે તેમની સાથે સુલેહ કરવાનો ઈરાદો કર્યો અને હિ.સ. ૧૨૨૦માં સુલેહ થયા બાદ ઝિલ કૃઅદાના અંતમાં વહાબી મક્કા મુકર્રમામાં પ્રવેશી ગયા.

ત્યાર પછી મદીના મુનવ્વરા પર જુલ્મો સિતમ કરી ત્યાં પણ કબ્જો કરી લીધો. મદીનામાં ખૂબ લૂટમાર કરી ત્યાં સુધી કે હુજરએ નબ્વી ﷺની પણ બેહુર્મતી કરી. હુજરએ મુબારકમાં પણ લૂટ ચલાવી અને ત્યાં જે સામાન હતો તે પણ લઈ ગયા. નબીએ કરીમ ﷺના મઝારે મુબારકને પણ ન છોડયો. મઝાર મુબારકની ચાદર કાઢીને ફેંકી દીધી. જ્યારે મદીના પર કબ્જો થઈ ગયો તો ત્યાં મુબારક બિન મઝયાનને પોતાનો અમીર નક્કી કર્યો. આ રીતે બળજબરીપૂર્વક હરમૈન શરીફૈન પર કબ્જો કરી બેઠા અને સાત વરસ સુધી મક્કા મુકર્રમા અને મદીના મુનવ્વરા પર તેમની સત્તા ચાલી. આ મુદતમાં શામ અને મિસ્રવાળાઓને સામાન તથા શસ્ત્ર સાથે હજ્જ કરવાથી રોકી દીધા, લોકોને બળપૂર્વક પોતાના ધર્મમાં દાખલ કર્યા, નબીઓ અને વલીઓની કૃબ્રો પરથી ગુંબદ તોડી નાખ્યા, હિજાઝના ઉત્તરથી લઈ ઓમાન સુધી, અરબનો પૂર્વી હિસ્સો અને બહરૈન સ્વચ્છાએ અથવા મજબૂરીવશ તેમના કબ્જામાં આવી ગયો.

## ★ મુહમ્મદ અલી પાશાનાં કારનામાં ★

આ તે જમાનો હતો જ્યારે ઉષ્માનિયા હુકૂમત વિશ્વયુદ્ધોમાં ગુંચવાયેલી હતી અને ઈસાઈઓ સાથે તેની સખત લડાઈ ચાલી રહી હતી, તેમ છતાં જ્યારે તેમણે જોયું કે અરબ દ્વીપમાં બગાવત ચરમ સીમાએ પહોંચી ચૂકી છે તો હિ.સ. ૧૨૨૬માં સુલ્તાન મહમૂદ ખાન ષાની બિન અબ્દુલ હમીદ ખાન અવ્વલ બિન સુલ્તાન અહમદ (ઉષ્માની સુલ્તાનોમાંથી ત્રીસમા ખલીફા)એ મિસ્રના હાકિમ મુહમ્મદ અલી પાશાને વહાબીઓ સાથે જંગની તૈયારી કરવાનો હુકમ આપ્યો. આદેશ અનુસાર મુહમ્મદ અલી પાશાએ એક મોટુ લશ્કર તૈયાર કર્યું અને પોતાના પુત્ર તૂસાન પાશાને તેનો અમીર બનાવ્યો. આ લશ્કર તે જ વરસે રમઝાનમાં મિસ્રથી નીકળ્યું અને યમ્બુઅ પહોચ્યું અને સરળતાથી યમ્બુઅ વહાબીઓના કબ્જામાંથી લઈ લીધું. ત્યાર પછી સફરા અને હદીદા તરફ રવાના થયું જ્યાં ઘણા કબીલાઓ વહાબીઓના હેઠળ હતા. ઝિલ હિજ્જાના મહીનામાં તેમની સાથે સખત જંગ થઈ જેમાં વહાબીઓએ બીજા કબીલાઓ સાથે મળીને ઈસ્લામી લશ્કરને પરાજિત કરી તેને લૂટી લીધું. ઘણા ઓછા લોકો આ લશ્કરમાંથી મિસ્ર પાછા આવ્યા.

હિ.સ. ૧૨૨૭માં મુહમ્મદ અલી પાશાએ બીજુ લશ્કર તૈયાર કર્યું અને પોતે હિજાઝ તરફ નીકળવાનો ઈરાદો કર્યો. શાબાનમાં આ લશ્કર સંપૂર્ણ તૈયારી

અને તાકાતની સાથે મિસ્રથી હિજાઝ પહોંચ્યું અને ઘણી જ શાનો શૌકતથી વહાબીઓના કબ્જાવાળા વિસ્તારો પોતાના કબ્જામાં લઈ લીધા. સફરા અને હદીદા પણ મુસલમાનોના કબ્જામાં આવી ગયાં એ સિવાય અન્ય વિસ્તારો પણ રમઝાનમાં શરીફ ગાલિબની યુક્તિથી યુદ્ધ વિના કબ્જામાં આવી ગયા. ઝિલ કઅદાના અંતમાં આ લશ્કર મદીના મુનવ્વરા પહોંચ્યું જયાંથી રસૂલુલ્લાહ ﷺના રોઝા મુબારકની ગુસ્તાખીઓ કરવાવાળા ગુસ્તાખ વહાબીઓને ખસેડી કાઢયા. બીજી તરફ દરિયાઈ માર્ગે આવનાર લશ્કરોએ હિ.સ. ૧૨૨૮ના શરૂમાં જિદ્દાને પોતાના કબ્જામાં લઈ મક્કા પહોંચ્યું અને મક્કા શરીફને પણ તેમના નાપાક કબ્જામાંથી કાઢવામાં સફળ થયા. આ સર્વ સફળતાઓ શરીફ ગાલિબની યુક્તિથી યુદ્ધ વિના પ્રાપ્ત થઈ.

તાઈફના અમીર ઉષ્માન મુઝાઈફીને જ્યારે ખબર મળી કે ઈસ્લામી લશ્કરો જિદ્દા અને મક્કા પહોંચી ગયાં છે તો તે પોતે અને તેનું લશ્કર ત્યાંથી નીકળી ગયા. રબીઉલ અવ્વલમાં જ્યારે વહાબીઓ તરફથી શાંતિ થઈ તો મુહમ્મદ અલી પાશાએ વિજયની ખુશખબરી આપવા માટે રવાના કર્યા જેમની સાથે ચાવીઓ પણ હતી અને દરેક ચાવી પર નિશાની હતી કે આ મક્કાની ચાવી છે, આ મદીનાની ચાવી છે. આ ખબર પહોંચતાં જ દારુસ્સલતનતમાં ખુશીનું મોજુ છવાઈ ગયું અને આ ચાવીઓને બહુ સન્માનથી રાખવામાં આવી. આ બધી સફળતાઓથી મુહમ્મદ અલી પાશાનો મર્તબો વધી ગયો.

મુહમ્મદ અલી પાશા શવ્વાલ હિ.સ. ૧૨૨૮માં હિજાઝ રવાના થયો. બીજી તરફ શરીફ ગાલિબે ઉષ્માન મુઝાઈફીને ગિરફતાર કરી મિસ્ર રવાના કર્યો. ઝિલ્ કઅદામાં તે મિસ્ર પહોંચ્યો અને ત્યાંથી દારુસ્સલ્નતન (પાટનગર) મોકલી ત્યાં તે બદ્બખ્તને કત્લ કરી નાખવામાં આવ્યો. ઝિલ્ કઅદમાં મુહમ્મદ અલીએ મક્કા પહોંચી મુર્હરમ હિ.સ. ૧૨૨૯માં મદીનાના વહાબી અમીર મુબારક બિન મઝયાનીની ધરપકડ કરી તેને દારુસ્સલ્તનત મોકલી દીધો. તેને એક સવાર પર બેસાડી કુસ્તુન્તુનિયામાં ફેરવવામાં આવ્યો, જેથી મક્કા મુકર્રમા અને મદીના મુનવ્વરાની અઝમતોને પાયમાલ કરનાર ગુસ્તાખોનો અંજામ લોકો જુએ. ત્યાર બાદ તેને પણ કત્લ કરી નાખવામાં આવ્યો. તે જ વરસે મુહમ્મદ અલી પાશાએ ઘણા બધાં લશ્કર તુરબા, બેશા, ગામિદ, ઝહરાન અને અસીરના શહેરોમાં વહાબીઓ સાથે જંગ કરવા માટે મોકલ્યાં જ્યાં ઘણા બધા વહાબીઓ કત્લ કરવામાં આવ્યા, કેટલાક બંધક બનાવવામાં આવ્યા અને તેમના શહેરોને વેરાન કરી દેવામાં આવ્યાં. હિ.સ. ૧૨૨૯માં જ વહાબીઓનો સરદાર સઊદ બિન અબ્દુલ્લાહ હલાક થયો, તેના પછી તેનો પુત્ર અબ્દુલ્લાહ તેનો જાનશીન થયો.

મુહમ્મદ અલી પાશા હજ્જના મહિનામાં આવ્યા અને હજ્જ અદા કરી રજબ હિ.સ. ૧૨૩૦ સુધી મક્કા શરીફમાં જ રોકાયા. ત્યાર પછી હસન પાશાને મક્કામાં રાખી મિસ્ર રવાના થયા. જે એક વરસ સાત મહીના સુધી હિજાઝમાં રહ્યા અને ત્યાંનું પ્રબંધન મજબૂત કરી બાકી રહેલા વહાબીઓને હલાક કરીને મિસ્ર રવાના થયા.

દરઈય્યામાં હજુ સુધી વહાબીઓની એક જમાઅત બાકી હતી જેનો અમીર સઊદનો પુત્ર અબ્દુલ્લાહ હતો. મુહમ્મદ અલી પાશાએ આ ગંદકીને પણ દૂર કરવા પોતાના પુત્ર ઈબ્રાહીમ પાશાને એક લશ્કર સાથે રવાના કર્યો જ્યારે કે અબ્દુલ્લાહ બિન સઊદ તૂસાન પાશા બિન મુહમ્મદ અલી પાશા સાથે વાયદો લઈ ચૂક્યો હતો કે તેની અમીરી બાકી રાખવામાં આવે અને તે મુહમ્મદ અલી પાશાના હેઠળ જ રહેશે. મુહમ્મદ અલી પાશાએ વિચાર્યું કે તેને બાકી રાખવામાં આવશે તો તે પોતાના બાતિલ અકીદાઓ અને બુરા ઈરાદાઓથી નહીં રોકાય એટલા માટે આ સુલેહ ન સ્વીકારી અને લશ્કરને રવાના થવાનો

આદેશ આપી દીધો. હિ.સ. ૧૨૩૨માં જ્યારે આ લશ્કર દરઈય્યા પહોંચ્યું તો અબ્દુલ્લાહ ઈબ્ને સઊદ સાથે સખત જંગ થઈ અને હિ.સ. ૧૨૩૨ ઝિલ્ કઅદામાં અબ્દુલ્લાહ બિન સઊદને ગિરફતાર કરી લેવામાં આવ્યો, તેને બીજા અમીરો સાથે મિસ્ર રવાના કર્યો જ્યાંથી તેને દારુસ્સલ્તનત (કેપિટલ) પહોંચાડવામાં આવ્યો. ત્યાં શહેરોમાં ફેરવી તેને અને તેના સાથીઓને કત્લ કરી દેવામાં આવ્યા. હિ.સ. ૧૨૩૫માં વહાબીઓના ફિત્નાનો ખાત્મો કરી ઈબ્રાહીમ પાશા પણ મિસ્ર રવાના થયા. *(ફિત્નતુલ વહાબિયા સય્યદ અહમદ બિન ઝયની દહલાન અલ્માલિકી, મકતબા હકીકિયા, ઈસ્તંબુલ)*

### ★ ખાનદાને સઊદનું આધિપત્ય ★

અરબમાં વહાબીઓની બગાવતનો ખાત્મો કરી તુર્કી એકવાર ફરી વિશ્વ યુદ્ધોમાં વ્યસ્ત થઈ ગયું અને હિજાઝ તરફથી તેનું ધ્યાન હટી ગયું. બીજી તરફ અબ્દુલ્લાહના માર્યા ગયા પછીના કેટલાય વરસો બાદ નજદમાં મિસરની હુકૂમત વિરૂધ્ધ વહાબિયતની આગ ફરી ભડકવા લાગી. અબ્દુલ્લાહના પુત્ર તુર્કીએ મિસરીઓને નજદથી કાઢી મૂક્યા અને પોતે નજદ, અલ્હસા અને ઓમાનનો અમીર બની ગયો તેમ છતાં મિસરને કર અદા કરતો. અબ્દુલ્લાહના સમયથી જ વહાબીઓની તાકાતનો ખાત્મો થઈ ગયો હતો અને તેમનામાં પરસ્પર લડાઈ ઝઘડા શરૂ થઈ ગયા હતા. પરંતુ તુર્કીના પુત્ર ફૈસલના જમાનામાં ફરીથી વહાબીઓની હુકૂમતમાં જાન પેદા થઈ.

જ્યારે ફૈસલ અમીર બન્યો તો તે આંતરિક બાબતોની સુધારણા કરવામાં વ્યસ્ત થઈ ગયો અને તેનો ઈરાદો મિસરી હુકૂમતના હેઠળ રહેવાનો ન હતો એટલા માટે વરસો સુધી કરવેરા અદા ન કર્યા, જેથી હિ.સ. ૧૮૩૭માં મિસરીઓએ ફૈસલ પર હુમ્લો કરી તેને કાહેરામાં કેદ કરી દીધો. ત્યાર પછી મિસરી હુકૂમત તરફથી નજદના વાલી નક્કી થતા રહ્યા. પરંતુ હિ.સ.૧૮૪૩માં ફૈસલ કેદખાનામાંથી ભાગી રિયાઝ આવી ગયો અને ત્યાંનો અમીર બની પોતાની હુકૂમતને વિસ્તૃત કરતો રહ્યો. ઈ.સ. ૧૮૬૭માં તેના મૃત્યુ પછી ફૈસલનો પુત્ર અબ્દુલ્લાહ તખ્તનશીન થયો. ઈ.સ. ૧૮૭૧માં અબ્દુલ્લાહને તેના ભાઈ સઊદે તખ્ત પરથી ઉતારી પોતે તખ્ત પર બેસી ગયો. અબ્દુલ્લાહે સઊદથી બદલો લેવા તુર્કોની મદદ માંગી. તુર્કોએ તકનો લાભ લઈ અબ્દુલ્લાહને પોતાના તરફથી નજદનો વાલી બનાવી તેની મદદ માટે એક મુહિમ તૈયાર કરી અને અબ્દુલ્લાહે અલ્હિસાહ પર કબ્જો મેળવી લીધો. ઈ.સ. ૧૮૭૭માં જ્યારે સઊદનું મરણ થયું તો અબ્દુલ્લાહ ફરી તખ્તનશીન થયો. અબ્દુલ્લાહે આઠ વરસ સુધી હુકૂમત કરી પરંતુ તેના બે પુત્ર મુહમ્મદ અને સઊદ તેનાથી હસદ કરતા હતા. છેવટે તેઓએ પોતાના સગા બાપને તખ્તથી ઉતારી કેદખાનામાં નાખી દીધો.

તે જ જમાનામાં મુહમ્મદ ઈબ્ને રશીદે નજદને તાબે કરી અબ્દુલ્લાહને કેદખાનામાંથી કાઢી તેના ભાઈ અબ્દુર્રહમાન સાથે હાઈલ મોકલી દીધો. ઈ.સ. ૧૯૮૯માં અબ્દુલ્લાહનું મૃત્યુ થયું. અબ્દુલ્લાહના ભાઈ અબ્દુર્રહમાનને રિયાઝનો હાકિમ બનવાની ઈચ્છા હતી પરંતુ રશીદ સહમત ન થયો અને સલીમ બિન સુબ્હાનને હાકિમ બનાવ્યો. થોડા સમય પછી ઈબ્ને રશીદને સઊદ ખાનદાનથી બદગુમાની થઈ ગઈ. તેણે સલીમને સઊદ ખાનદાનના સર્વ લોકોને કત્લ કરવાનો હુકમ આપ્યો. આની જાણ અબ્દુર્રહમાનને થઈ તો સલીમ જે સઊદ ખાનદાનના કત્લની કોશિશોમાં હતો ખુદ તેના પર આલે સઊદે હુમ્લો કરી રિયાઝની હુકૂમત પ્રાપ્ત કરી લીધી. પરંતુ નજદ પર ઈબ્ને રશીદની જ હુકૂમત હતી. ઈ.સ. ૧૮૯૧માં બુરીદામાં ઈબ્ને રશીદે સઉદી ફોજોને પરાજીત કરી અને રિયાઝ તરફ વધ્યો. અબ્દુર્રહમાનમાં તેના મુકાબલાની તાકાત ન હતી જેથી રિયાઝ છોડી અરબમાં જઈ વાલીએ કુવૈતને ત્યાં પનાહ લીધી.

ઈ.સ. ૧૮૯૫માં તુર્કી હુકૂમતે ઈબ્ને રશીદની વધતી તાકાતમાં સમતોલન પેદા કરવા અબ્દુર્રહમાનને કુવૈતમાં રહેવાની અનુમતી આપી. હાલની સઊદી સલ્તનતના સ્થાપક અને અબ્દુર્રહમાનના પુત્ર અબ્દુલ અઝીઝની ઈચ્છા હતી કે તે ઈબ્ને રશીદથી પોતાના બાપનો બદલો લઈને રહેશે, જેથી ઈ.સ. ૧૯૦૧માં ઈબ્ને રશીદ સાથે તેની અથડામણ થઈ જેમાં સઊદીઓ પરાજીત થયા. પરંતુ પરાજય થવા છતાં ફરી બદલો લેવા તે જ વરસે શાબાનમાં ચાલીસ જવાનો સાથે નીકળ્યો જેમાં તેનો ભાઈ મુહમ્મદ અને પિતરાઈ ભાઈ અબ્દુલ અઝીઝ ફહદ અને અબ્દુલ્લાહ પણ હતા. આ લોકો ગુપ્ત રીતે રિયાઝ પહોંચ્યા. ઠંડીની ઋતુ હતી, સર્વ લોકો પોતપોતાનાં ઘરોમાં ગાઢમાં નિદ્રામાં પોઢેલા હતા આવી સ્થિતિમાં આ દગાબાઝ લોકોએ અચાનક રશીદી ગવર્નર અજલાન અને ઈબ્ને રશીદના સર્વ રહેઠાણો પર હુમ્લો કરી ખૂબ લૂટમાર કરી તેમનું જોર તોડી નાખ્યું. જ્યારે અબ્દુલ અઝીઝે રિયાઝ પર કબ્જો જમાવી લીધો તો કુવૈતથી પોતાના પિતા અબ્દુર્રહમાનને બોલાવી લીધો.

બીજી બાજુ દક્ષિણમાં અબ્દુલ અઝીઝ બિન સઊદે પણ પોતાની સ્થિતિ મજબૂત કરી લીધી હતી અને ઈ.સ. ૧૯૦૬માં જ્યારે તે રિયાઝ તરફ પાછો આવી રહ્યો હતો તો બુરીદાથી ૨૦ માઈલ પર ઈબ્ને રશીદ સાથે તેની સખત લડાઈ થઈ જેમાં ઈબ્ને રશીદનો પરજય થયો અને નજદમાં તુર્કી હુકૂમતનું વર્ચસ્વ સદંતર ખત્મ થઈ ગયું. ઈબ્ને સઊદે એ સર્વ વિસ્તારો પર અત્યંત ક્રૂરતાપૂર્વક કબ્જો કરી લીધો જેના પર ઘણા સમય પહેલાં ઈબ્ને અબ્દુલ વહહાબ નજદીએ પોતાની ખબીષ દા'વતની જાળ ફેલાવી હતી. રશીદીઓ અને તુર્કીઓમાં ખેંચતાણ ચાલુ જ હતી એવામાં પહેલુ વિશ્વ યુધ્ધ છેડાયું અને તુર્ક વિશ્વયુધ્ધમાં જોડાઈ ગયા. તે જ સમયે **ઈબ્ને સઊદે તકનો લાભ લઈ બ્રિટન જેવા ઈસ્લામ વિરોધી દેશ સાથે ઈ.સ. ૧૯૧૫માં એક કરાર કરી લીધો જેના પ્રમાણે બ્રિટને ઈબ્ને સઊદ અને તેની ઔલાદને "સુન્ની તુર્કી ઉષ્માની હુકૂમત" હટાવીને સ્થાપિત રીતે શાસક બનાવી દીધા અને અરબ જેવા ઈસ્લામી દેશમાં પોતાની નાજાઈઝ દખલગીરીના દ્વાર ખોલી લીધાં. ઈબ્ને સઊદને બ્રિટન તરફથી લાખો પાઉન્ડ મળવા લાગ્યા અને સમગ્ર અરબ પર તેણે પોતાની મનમાની શરૂ કરી દીધી.**

બ્રિટને આ સઉદીઓ, વહાબીઓ, નજદીઓની સહાય કરી જેનું પરિણામ એ આવ્યું કે અંબિયા તથા અવલિયા અને બુઝુર્ગાને દીનની શાનમાં ઉઘાડી ગુસ્તાખીઓ કરીને આ વહાબીઓએ અરબ જેવી પવિત્ર ધરતીની ઈજ્જત અને પવિત્રતાને પાયમાલ કરી દીધી. પવિત્ર મઝારોને તોડી પાડયાં, અંબિયા તથા અવલિયાના વસીલાને નાજાઈઝ તથા હરામ ઠરાવ્યો ત્યાં સુધી કે અરબની ધરતી પર એક નવો ધર્મ ઉપજાવી દુનિયાના સર્વ મુસલમાનોને બળજબરી ગુમરાહ કરવાની કોશિશ કરવા લાગ્યા. જે લોકો તેમના મનઘડત ધર્મ પ્રમાણે અમલ ન કરે તેઓને કાફિર સમજતા અને વહાબીઓને સાચા મુસલમાન સમજતા.

ઈ.સ. ૧૯૩૪ સપ્ટેમ્બરમાં ઈબ્ને સઊદે આનું નામ સઊદી અરબ રાખ્યું અને પોતે બાદશાહ બની બેઠો. **આ રીતે ઈબ્ને સઊદે ક્રમશઃ ત્રીસ વરસ લૂટમાર અને કત્લો કરીને સઊદી હુકૂમતની સ્થાપના કરી.** *(તારીખે નજદો હિજાઝ)*

જ્યારથી **અંગ્રેજોની મદદથી અરબની ધરતી પર સઊદીઓની હુકૂમત સ્થાપિત થઈ છે ત્યારથી જ ત્યાં સતત ઈબ્ને તૈમિયા અને ઈબ્ને અબ્દુલ વહહાબ જેવા ઈસ્લામના દુશ્મનોના નાપાક વિચારો અને બાતિલ અકીદાઓનો પ્રચાર પ્રસાર થઈ રહ્યો છે.** આજે પણ હજના દિવસોમાં ત્યાં ઈસ્લામ વિરોધી નવા નવા અકીદાઓ આધારિત કિતાબો હાજીઓને ફ્રીમાં આપવામાં આવે છે. તેઓ હરમૈન શરીફૈનની ગમે તેમ બેઅદબી કરે છે અને પોતાને અસલી મુસલમાન સમજે છે, જ્યારે કે ઈસ્લામ સાથે તેમનો દૂરનો સંબંધ નથી.




*ભારત જેવા બિનસાંપ્રદાયિક દેશમાં જ્યાં સ્કૂલોમાં કૉલેજોમાં વિવિધ ધર્મના સ્ટુડન્ટસ આવતા હોય છે તેમના પાસે હિંદુસ્તાનના બંધારણ વિરુદ્ધ જઈને જબરદસ્તી ફરજીયાતપણે કે મરજીયાતપણે આજકાલ સરસ્વતી વંદના તથા સૂર્યનમસ્કાર જેવા હિંદુ ધર્મની માન્યતા પ્રમાણેના પ્રોગ્રામો કરાવવામાં આવી રહ્યા છે જેનો અન્ય પ્રજામાં વિરોધ વંટોળ ઉઠી રહ્યો છે. એ તો એના સ્થાને છે પણ દરેક ધર્મના કુમળા કોરા માનસ પટ પર હિંદુ ધર્મની માન્યતાઓ ઘર કરી જાય એવી વાતો શિક્ષણના અભ્યાસક્રમમાં પણ ઘુસાડવામાં આવેલી છે તેનો પણ અભ્યાસ કરશો. આ બાબતોનો લિગલ રાહે જાગૃત નાગરીકો વિરોધ કરે અને શિક્ષણક્ષેત્રે પણ ભારતના બંધારણ પર અમલ થાય તેના માટે કોશિશ કરે એ આશાએ અત્રે આ લેખ રજૂ કરીએ છીએ. તેમજ મુસલમાનો પોતાના બાળકોને તૌહીદની તા'લીમ કે જે ઈસ્લામનો પાયો છે કે અલ્લાહ એક જ છે, તેના સિવાય કોઈ પૂજનીય નથી, અન્ય કોઈની વંદના ઈસ્લામમાં નથી તથા રસૂલે પાક ﷺના માન મર્તબા વિશે તા'લીમનો જરૂર તાકીદે બંદોબસ્ત કરે, કે ક્યાંક જતા દિવસે તમારી ઔલાદ કહેવા પૂરતો ઈસ્લામનો કલ્મો પઢતી રહીને પણ ઈસ્લામથી બહાર ન થઈ જાય.*

*—તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

❑ ❑ ❑

**ભારત** એક બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર છે. અહીંયાં કોઈ સરકારી ધર્મ નથી, ભારતનું બંધારણ દરેક નાગરિકને કોઈપણ ધર્મ પાળવાનો અધિકાર આપે છે, તેના પ્રચાર પ્રસારનો પણ હક્ક આપે છે. બંધારણમાં ધર્મને નાગરિકની વ્યક્તિગત બાબત ગણવામાં આવી છે, ધર્મની બાબતમાં ભારતનું બંધારણ કે કોઈ કાયદો હસ્તક્ષેપ કરતો નથી, હા ! એટલું ચોક્કસ છે કે કોઈ વ્યક્તિનું ધર્મ પરિવર્તન લોભ, લાલચ, શામ, દામ, દંડ કે ભેદની નીતિથી કે બળજબરીથી ન કરાવી શકાય એના માટે અવશ્ય પ્રતિબંધક કાયદાઓ અસ્તિત્વમાં છે.

ભારતમાં શિક્ષણ મેળવવાનો અધિકાર દરેક વ્યક્તિ માટે મફત અને ફરજિયાત આપવામાં આવ્યો છે. ભારતના માનવસંશોધન અને વિકાસ મંત્રાલય ભારતભરની શાળા કૉલેજોના અભ્યાસક્રમોને માન્યતા અને મંજૂરી આપે છે તથા તેમની દેખરેખ હેઠળ દહભચત દ્વારા અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવે છે. આ અભ્યાસક્રમ દરેક શાળા કૉલેજને બંધનકર્તા હોય છે અને તે આધારે જે શિક્ષણ સંસ્થાઓ પોતાના કોર્ષિસ ચલાવતા હોય છે.

હવે પ્રશ્ન એ છે કે ભારત જેવા બિનસાંપ્રદાયિક રાષ્ટ્રમાં ઈતિહાસ, ભૂગોળ કે અન્ય વિષયોમાં એટલે સુધી કે ગણિત સુદ્ધામાં જો કોઈ એક ચોક્કસ ધર્મની માન્યતાઓ, દેવી દેવતાઓ વગેરે વિશે ભણાવવામાં આવે અને અન્ય ધર્મની માન્યતાઓ કે મહાપુરૂષોનો બલ્કે આઝાદીના લડવૈયા સુદ્ધાંઓનો ઉલ્લેખ જોવા ન મળે તો સામાન્ય જનમાનસમાં એવો આભાસ અને અનુભૂતિ અવશ્ય વર્તાય છે કે જાણીબૂઝીને શિક્ષણમાં કોઈ એક ચોક્કસ ધર્મને પ્રાધાન્ય આપી અન્ય ધર્મને અવગણી શિક્ષણના અભ્યાસક્રમો બનાવવામાં આવે છે.

બીજી એક ખાસ બાબત એ છે કે ભારતના કોઈપણ રાજ્ય કે યુનિયન ટેરેટરીમાં આજે સંસ્કૃત

ભાષા બોલચાલની ભાષા કે સાહિત્યની ભાષા તરીકે પ્રચલિત નથી. ભારતની ૧૨૫ કરોડની જનતામાં ભાગ્યે જ એક ટકા વ્યક્તિને સંસ્કૃતનું સાચુ જ્ઞાન હશે, તે છતાં ૧૨૫ કરોડ જનતા ઉપર સંસ્કૃત માત્ર હિંદુ ધર્મશાસ્ત્રની ભાષા હોવાના કારણે ફરજિયાત કરી શાળાઓમાં ભણાવવી અને અન્ય ધર્મના બાળકોને પણ એ ભણવા માટે બાધ્ય કરવા કેટલું યોગ્ય છે એ યક્ષ પ્રશ્ન છે.

સંસ્કૃત એક પ્રાચીન ભાષા છે અને પ્રાચીન ભાષાનું આધુનિક દુનિયા સાથે કોઈ તાદામ્ત્ય નથી, ન તો તે બોલચાલની ભાષા છે, ન જ તે સાહિત્યની ભાષા તરીકે બાકી રહી છે બલ્કે હિંદુ ધર્મશાસ્ત્રો પણ હવે સ્થાનિક અને અન્ય ભાષાઓમાં વધારે ઉપલબ્ધ છે તે છતાં સંસ્કૃતનો મોહ રાખી દરેક ધર્મના વિદ્યાર્થીઓ ઉપર થોપી દેવા કેટલી યોગ્ય વાત ગણાશે એ ચિંતાનો વિષય છે. જો સંસ્કૃતને ફક્ત ભાષા તરીકે શિખવાડવામાં આવે તો એમાં વાંધો કે વિરોધ કોઈને ન હોઈ શકે પરંતુ જ્યારે ભાષા શિખવાનું માધ્યમ ફક્ત હિંદુ ધર્મશાસ્ત્રોના શ્લોકો અને તેમની માન્યતાઓને બનાવવામાં આવે તો અવશ્ય તેમાં પક્ષપાત થયેલો કહેવાય. સરસ્વતી વંદના, ગરબા, શ્લોકો, ભજનો વગેરે જેવી બાબતો દરેક કૌમના વિદ્યાર્થીઓ ઉપર થોપી દેવી તેને ખરેખર પક્ષપાત જ કહી શકાય. શિક્ષણના આવા ભગવાકરણના કેટલાક ઉદાહરણો હું અત્રે રજૂ કરું છું તે વાંચીને તમે પોતે જ ન્યાય કરો.

સંસ્કૃત ધોરણ ૧૦ના નવનીતના ૨૦૦૮ના પ્રકાશનમાં પેજ નં. ૧૬૬ ઉપર એક શ્લોક છે :–

**पुनरपि जनन पुनरपि मरणं**
**पुनरपि जननीजतरे शयनम्**
**ईह संसारे खलु दुस्तारे**
**कृपयापारे पाहि मुरारे**

**ભાષાંતર** : *"ફરી ફરીને જન્મવું ફરી ફરીને મરવું અને ફરી ફરીને માતાના ઉદરમાં સૂવું પડે છે. હે ભગવાન વિષ્ણુ ! મુશ્કેલીથી તરી શકાય એવા આ અનંત સંસારમાં ખરેખર તમે કૃપા કરીને મારી રક્ષા કરો."*

હિંદુ લોકો આવાગમન પુનર્જન્મને માને છે એટલે કે એમની એક માન્યતા એ પણ છે કે દરેક માણસ દુનિયામાં રહીને જે ખરા ખોટાં કરતૂતો, કામો કરે છે તેનો મર્યા પછી ફરી તે પેદા થાય છે ત્યારે તે જ કર્મો પ્રમાણે પેદા થાય છે. દા.ત. કૂતરા કે ગધેડા જેવા કરતૂતો કર્યા હશે તો બીજા જન્મમાં તે માણસ કૂતરો કે ગધેડો બનીને પેદા થશે★.

હવે હિંદુ ધર્મની આ પુનર્જન્મની માન્યતાને માધ્યમ બનાવી સંસ્કૃત ભાષા શિખવાડવામાં આવે અને ફરજિયાત બનાવવામાં આવે તો તેનાથી અન્ય ધર્મના વિદ્યાર્થીઓના કુમળા માનસમાં કેવી અસરો પેદા થાય છે તેનો અંદાજો પણ લગાડવો મુશ્કેલ છે. તો શું આ પણ ઘરવાપસીની પ્રક્રિયા તરફના પગલાંમાંનું એક પગલું તો નથી ને ! એવો સવાલ અવશ્ય થાય છે.

આ ઉપરાંત પ્રાથમિક શાળાના અભ્યાસક્રમમાં કેટલાક શ્લોકો આ પ્રમાણે પણ દાખલ કરવામાં આવ્યા. જેમ કે :–

**नमस्ते शारदे विणापुस्तकधारिणि**
**विदारम्भं करिष्यामि प्रसन्न भव सर्वदा**

**ભાષાંતર** : *"હે વીણા અને પુસ્તક કરનારી દેવી શારદા ! તમને નમસ્કાર હજો, હું વિદ્યાની શરૂઆત કરીશ (કરું છું). (તું) હમેશાં (મારા પર) પ્રસન્ન રહેજે. (નવનીત માર્ગદર્શક, ધોરણ : ૬, પેજ નં. : ૫૦૦)*

આમ હિંદુ દેવી દેવતાઓને નમસ્કાર કરવાના, તેમને નમન કરવાના, તેમની પૂજા કરવાના શ્લોકો દ્વારા સંસ્કૃત ભાષા શિખવાડવાનું ફરજિયાત બનાવવું

★ *ઈસ્લામમાં પુનર્જન્મની માન્યતા ધરાવનાર ઈસ્લામથી નીકળી જશે. ઈસ્લામમાં મૃત્યુ બાદ કૃબ્ર (બરઝખ)માં તેના અમલ પ્રમાણે સવાબ અઝાબ થશે, પછી કૃયામતમાં તેને કૃબ્રમાંથી ઉઠાડીને ત્યાં હિસાબ કિતાબ થશે. પછી તેનો તેના ઈમાન, અકીદા, અમલ પ્રમાણે જન્નત કે જહન્નમમાં જવાનો ફૈસલો થશે. (વાંચો : બહારે શરીઅત, ભાગ : ૧)*

કેટલી હદે યોગ્ય છે ?!

એ જ પુસ્તકમાં છે :–

**या दयवी सर्वभुतेषु विद्या पेण संस्थिता नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः**

**ભાષાંતર** : *"જે દેવી સર્વ જીવોમાં બુદ્ધિરૂપે રહેલી છે તેને નમસ્કાર હજો, તેને નમસ્કાર હજો, તેને વારંવાર નમસ્કાર હજો." (પેજ નં. : ૫૦૦)*

ઈસ્લામ, ક્રિશ્ચિયાનિટી, પારસી કે શીખ ધર્મ પાળતી કૌમોના વિદ્યાર્થીઓને માથે આવા શ્લોકો થોપી બેસાડવા કેટલું વ્યાજબી છે ! જયારે કે તેમની માન્યતાઓ આનાથી બિલકુલ જ વિપરીત છે. ઈસ્લામ તો એકેશ્વરવાદ એટલે કે તૌહીદમાં માને છે, ઈસ્લામમાં કોઈ દેવી દેવતા કે વિશ્વની કોઈપણ ભૌતિક અભૌતિક વસ્તુ કે પદાર્થ પૂજનીય નથી, ન તો ઈબાદતના લાયક છે, ઈસ્લામમાં માત્ર અને માત્ર અલ્લાહની જ ઈબાદત કરવામાં આવે છે. આમ મુસ્લિમ, ઈસાઈ, શીખ કે પારસી વિદ્યાર્થીઓ ઉપર આવા શ્લોકો ફરજિયાત કરવા યોગ્ય ગણાય ખરું ?!

એ જ પુસ્તકમાં છે :–

**कराग्रे बस्ते लक्ष्मीः करमूले सरस्वती करम-ये तुं गोविन्दः प्रभाते केरदर्शनम्**

**ભાષાંતર** : *"લક્ષ્મી હથેળીના અગ્ર ભાગમાં, મા શારદા હથેળીના મૂળમાં અને ભગવાન શ્રીકૃષ્ણ હથેળીના મધ્યમાં વાસ કરે છે. (એટલે) સવારમાં હથેળીનું દર્શન કરવું." (પેજ નં. ૫૩૩)*

આમ હિંદુ દેવી દેવતાઓને અને હિંદુ માન્યતાઓને બિનસાંપ્રદાયિક દેશમાં સરકારી રાહે શાળા કૉલેજોના અભ્યાસક્રમમાં દાખલ કરવી કેટલે અંશે ઠીક છે ?

આમ શિક્ષણનું ભગવાકરણ સંસ્કૃત ભાષા શિખવવાને બહાને તો થઈ જ રહ્યું છે પરંતુ ઈતિહાસ, ભૂગોળ બલ્કે ગણિત જેવા આંકડાશાસ્ત્રના વિષયમાં પણ હિંદુ ધર્મની માન્યતાઓને ઘુસાડવામાં આવી રહી છે જેના અનેક દાખલાઓથી પાઠયપુસ્તકો ભરેલા પડયા છે.

વળી હવે તો કેન્દ્ર સરકારના સુષ્મા સ્વરાજ જેવા મિનિસ્ટરો પણ હિંદુ ધર્મગ્રંથ ગીતાને શાળા કૉલેજોમાં ફરજિયાતપણે ભણાવવાની વકીલાત કરતા થઈ ગયા છે તો શું આ ભારત એ અઘોષિત રીતે હિંદુ રાષ્ટ્ર બની ચૂક્યું છે ?! માત્ર ઔપચારિક જાહેરાત કરવાની જ બાકી છે ?! આવું ક્યાં સુધી ચાલશે ?! આવી પક્ષપાતપૂર્ણ નીતિ શું નરેન્દ્ર મોદીના સૌનો સાથ સૌનો વિકાસના નારાને સાથર્ક કરી બતાવશે ?!
*–(પયગામે સઆદત, જાન્યુ. ફેબ્રુ. ૨૦૧૫)*

વળી હાલમાં જ બીજેપી ગોરખપુરના સાંસદ યોગી આદિત્યનાથે વિવાદીત નિવેદન વાણારસી ખાતે વિહિપના એક કાર્યક્રમમાં રજૂ કર્યું કે, "જો તેમને મોકો મળે તો તેઓ દેશની દરેક મસ્જિદમાં ગણેશની મૂર્તિ લગાડી દે..." તેમજ હિંદુ મહાસભાના કદાવર નેતા પોતાને ગણાવનાર દિલ્હી વિધાનસભાની હાલની ચૂટણીના ઉમેદવાર સ્વામી ઓમે જ્વનશીલ નિવેદન આપ્યું કે, "હું પરશુરામનો વંશજ છું, કોઈ ઘંટ વગાડનારો સાધુ નથી ! દેશદ્રોહીઓને હું ગોળી મારું છું. અમે ગાંધીજીને ગોળી મારી હતી. નથ્થુરામ ગોડસે (રાષ્ટ્રપિતા ગાંધીજીનો હત્યારો !) અમારી હિંદુ મહાસભાનો હતો !...." *(ગુજરાત ટુ ડે, તા. ૧૦–૨–૨૦૧૫)* શું રાષ્ટ્રપિતા માટે આવું નિવેદન કરનારા પર કોઈ પગલાં લેવાયાં ?! જો આ જ સ્થિતિ રહી તો આ દેશની શાંતિ તથા એકતા ખાડે નહીં જાય ?


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

**જામનગર** : શકીલ અ. રઝઝાક કાસમાણીના ઘરે પુત્ર ''મુહમ્મદ અફફાન''ના જન્મની ખુશીમાં બરકાતે ખ્વાજા-(માસિક)માં રૂા. ૧૫૧/- લિલ્લાહ આપ્યા છે. જઝાકલ્લાહ ! રબતઆલા તેના મહબૂબ ﷺના સદકામાં નવાંગતુકની બંને દુનિયાને આબાદ ફર્માવે. (આમીન)-*તંત્રી.*

**જામનગર** : હાજી ઈકબાલ અ.ગની ગોળવાલાના પુત્ર અબ્દુલકાદરને ઘરે પુત્રી ઝરીનાબાનુના જન્મની ખુશીમાં રૂા. ૫૦૦/- બરકાતે ખ્વાજા (માસિક)માં લિલ્લાહ આપ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં બેબીની જિંદગી ખુશીઓથી ભરે અને મા બાપની આંખોની ઠંડક બનાવે. (આમીન)

*-તંત્રી : -તંત્રી. : બરકાતે ખ્વાજા (માસિક)*

**સરખેજ** : અમદાવાદથી સોફિયા સલીમ રઝા તરફથી (હસ્તે : શેખ શમ્સ સાહેબ) ૫૦૦ રૂા. અમ્મા અમતુલ હબીબ અને પિતા મુહમ્મદ હુસૈનના સવાબ અર્થે દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદને મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ પાક નબી કરીમ ﷺના સદકામાં મર્હૂમોની માગફિરત ફર્માવે. (આમીન)- તંત્રી.

**હલદરવા** : (તા. કરજણ)થી રૂકસાનાબેન ખલીલ જોહા (નાનીમા) તરફથી નવાસા 'રયહાન'ની વિલાદતની ખુશીમાં રૂા. ૫૦૦/- બરકાતે ખ્વાજા (માસિક)ને લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તઆલા તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં નવાસાને, કુટુંબીજનો સર્વેને બંને જહાનની નેઅમતોથી ખૂબ નવાઝે. (આમીન)

*-તંત્રી. : બરકાતે ખ્વાજા (માસિક)*

## દુબઈમાં ''સુન્ની દાવતે ઈસ્લામી''નો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા યોજાયો

**દુબઈ** : સુદાની કલબ ખાતે આલમી તેહરીક સુન્ની દાવતે ઈસ્લામીનો અઝીમુશ્શાન સુન્ની તર્બિયતી ઈજતેમા તા. ૧૬/૧/૨૦૧૫ જુમ્આના રોજ ત્રણ વાગ્યાથી જનાબ કારી અહમદ સાહબની તિલાવતથી શરૂ થયો. બાદમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબ (મુબલ્લિગ સુન્ની દાવતે ઈસ્લામી)એ પોતાના અનોખા અંદાઝમાં અકીદા તથા અમલની ઈસ્લાહની સાથે તર્બિયત કરી, સાથોસાથ નઅતોના ગુલદસ્તા પેશ કરતા રહ્યા હતા. હાફેઝ અ.રહીમ બરકાતી (મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી-ભરૂચ)એ પણ નઅતે પાક પેશ કરી હતી. મીલાદુન્નબી ﷺની અહમિયત પર અમીરે સુન્ની દાવતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિરઅલી નૂરીએ શાનદાર ઈસ્લાહી બયાન કર્યુ હતું. જનાબ આરિફ પટેલ (મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી-યુ.કે.)એ ઈશ્કે રસૂલ અને નમાઝ પર અંગ્રેજીમાં અસરકારક બયાન કર્યું હતું. મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાખાં આઝમી (સેક્રેટરી વર્લ્ડ ઈસ્લામિક મિશન-યુ.કે.)એ મીલાદ શરીફ પર પોતાના અનોખા અંદાઝમાં બયાન કરી મજમાને ફયઝયાબ કર્યો હતો, મૌલાના અહમદ રઝા નજમીના સંચાલન હેઠળ ઈજતેમા ખૂબ કામયાબ રહ્યો. દર વરસ કરતાં અધિક સુન્ની અવામે હાજરી આપી હતી.

વડોદરા તાંદલજા ખાતે બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા માટે સંપર્ક કરો :-
મૌલાના આસિફ અશરફી Mob. 7779001513
હાફેઝ મુબારક સાહબ Mob. 9033221967

**મદદની અપીલ : નનાદરા** : (તા. ઠાસરા, જિ.ખેડા) ખાતે ૨૦ ઘરોની વસ્તીમાં હઝરત પીર સૈયદ સફીયુલ્લાહ બાવા દરિયાઈ (સજ્જાદાનશીન દરિયાઈ દુલ્હા–બીરપુર)ના માર્ગદર્શન હેઠળ નવો મદ્રસો બાંધવામાં આવશે જેનો ખર્ચ લાંબો હોય સખીદાતાઓને સહાયની અપીલ છે. લિ. મલિક હાજી સૂફી ગુલામ રસૂલમિયાં દરિયાઈ (મો. ૯૭૨૭૪ ૪૪૩૦૦)

**ચાંદરવાડા** : (ઠે. બાંગીદોરા, જિ. બાંસવાડા–રાજસ્થાન) ખાતે તા. ૧૪/૧૨/૨૦૧૪ના રોજ ''અલમુઈન જામા મસ્જિદ''ની સંગે બુન્યાદ પીરે તરીકત હઝરત સૈયદ સફીયુલ્લાહબાવા (સજ્જાદાનશીન ખ્વાજા દરિયાઈ દુલ્હા બીરપુર શરીફ)ના મુબારક હસ્તે કરવામાં આવી હતી. સખીદાતાઓને મદદની નમ્ર અપીલ છે.

લિ. અબ્દુલકૈયૂમ ખાન (મો. ૯૯૮૩૦ ૦૨૪૮૩)

સ્ટેટ બેંક ઓફ બિકાનેર એન્ડ જયપૂર. **A/c No. 61036464004**

## :: દારૂલ ઉલૂમ નસીરિયહ મદ્રસતુલ બનાત–હલદરવા ::

મઝકૂર મદ્રસો હલદરવા ઠે. હાઈવે પાસે, ફાઉન્ટન હોટલની બાજુમાં, તા. કરજણ જિ. વડોદરા ખાતે અમીને શરીઅત એજ્યુ. ટ્રોલ થકી ચાલે છે. ૨૦૦ બહેનો દીની દુનિયવી તાલીમ લે છે. ધો. ૫ થી ૧૦ સુધી સ્કૂલની મંજૂરી મળેલી છે જેથી નવા બાંધકામનો અંદાજે ૫૦ થી ૬૦ લાખનો ખર્ચ થશે જેથી સખીદાતાઓ રેતી, કપચી, સિમેન્ટ, લોખંડ, ટાઈલ્સ વગેરે મટીરીયલ કે રોકડ આપી જરૂરથી ભરપુર સહાય કરે એવી અપીલ છે.

**સંપર્ક કરો** : દારૂલ ઉલૂમ નસીરિયહ મદ્રસતુલ બનાત (સરનામુ ઉપર મુજબ)

બેન્ક ઓફ બરોડા **A/c No. 02250100020212** નામ–પ્રિન્સિપાલ નૂરી ગર્લ્સ સ્કૂલ–હલદરવા, મો. ૯૯૭૯૨ ૭૦૧૫૬, ૯૪૨૭૪ ૫૭૫૯૨, ૯૬૩૮૭ ૫૧૮૫૨

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

- **દયાદરા** : મુકામે અબ્દુલ હક્ક ઉમરજી સાલેહ તથા આદમભાઈ ભા (ચાંચવેલીયા)નો તા. ૧૬–૧–૨૦૧૫ જુમ્આના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે. અને તેઓની દફનવિધિ તા. ૧૭–૧–૨૦૧૫ શનિવારના રોજ કરવામાં આવી હતી. ★ ઈસ્માઈલ અહમદ ભા (તલાટી)નાં મધર ફાતમાબેનનો તા. ૨૩–૧–૨૦૧૫ જુમ્આના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે. ★ ચીના મુહમ્મદભાઈ ઈસ્માઈલ ઈસેનો તા. ૨૬–૧–૨૦૧૫ મંગળવાર, ૫ રબીઉલ આખર હિ.સ. ૧૪૩૬ના રોજ અચાનક ઈન્તેકાલ થઈ ગયો છે.
- **ટંકારીઆ** : મુકામે તા. ૩૦–૧–૨૦૧૫, ૧૦ રબીઉલ આખર હિ.સ. ૧૪૩૬ જુમ્આના રોજ હાજી ઈબ્રાહીમ અલી ઈપ્લીનો ૯૦ વરસની વયે ઈન્તેકાલ થયો છે.
- **ચાંચવેલ** : મુકામે તા.૨૪–૧–૨૦૧૫ ૩ રબીઉલ આખર શનિવારના રોજ હાફેઝ ઉમરજી દાઊદ કારભારીનો લગભગ ૫૫ વરસની વયે અચાનક હાર્ટ એટેક થવાથી દુઃખદ ઈન્તેકાલ થયો છે.
- **ઝંઘાર** : મુકામે તા. ૫–૨–૨૦૧૫ જુમેરાતના રોજ હાજી ઈસ્માઈલ ઉમરજી માધાનો ૭૦ વરસની વયે ઈન્તેકાલ થયો છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી :*